જાન્યુઆરી-૨૦૨૫
વર્ષ : ૧૭
અંક : ૦૭
મુલ્ય : રૂ. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)



રેહા ઘટકના સ્નેહમય આમંત્રણથી રેહા મુકામે કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રતિનિધિઓની મીટીંગ કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુલાલભાઈ શામજીભાઈ ચૌહાણના અધ્યક્ષ પદે યોજાયેલ જેમાં રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરષોત્તમભાઈ સોલંકીજીનું સન્માન કરતા કચ્છ પ્રાદેશિક એવં રેહા ઘટકના હોદ્દેદારશ્રીઓ...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ ઘટક દ્વારા આયોજીત દિવાળી સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ, અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઇ ટાંક સાથે મહાસભા, મુંબઇ પ્રાદેશિક એવં મુંબઇ ઘટક, યુવા મંડળ એવં મહિલા મંડળના હોદ્દેદારશ્રીઓ...

*If undelivered please return to :*

**Setu Samaj Sandesh**

*C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511*

**RNI NO. GUJ GUJ / 2008/25938**
**Postal Registration No. G-KCH-185/2023-2025**
**Posted at S.O. BHUJ on 2nd of Every Month.**





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૭ જાન્યુઆરી-૨૦૨૫



માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

કહેવાય છે કે માનવજીવન ત્રણ પાનાના પુસ્તક જેવું હોય છે. જેમાં પ્રથમ પાનું જન્મ અને છેલ્લું પાનું મૃત્યુ માટે વિધિએ લખી નાખ્યું છે. જ્યારે વચ્ચેનું પાનું વિધિએ કોરૂ રાખ્યું છે. જેથી માનવી પોતાના સારા-નરસા કર્મોથી ભાગ્ય લખી શકે. અધિકાંશ લોકોની માન્યતા એવી છે કે ભગવાને મનુષ્યનું ભાગ્ય લખીને પૃથ્વી પર મોકલ્યા છે. પરંતુ ભગવાન સ્વયં કહે છે કે ભાગ્યનું નિર્માણ સ્વયં મનુષ્ય પોતાના કર્મ અનુસાર કરે છે. જેવું કર્મ તેવું ફળ. ક્યારેક એવો પણ વિચાર આવે કે મૃત્યુ પછી કોણ જાણે કઇ યોનીમાં ભટકવું પડશે, પછી પુણ્ય કર્મ કરવાથી શું ફાયદો ? તો શા માટે અત્યારે જ જલસા ન કરીએ ? માનવ જીવન એક ફિલ્મ સમાન છે. ફિલ્મ સારી છે કે ખરાબ, તેનો નિર્ણય અંતમાં લેવાય છે. એવી જ રીતે માનવીના કર્મોનું ફળ પણ અંત સમયે જ ખબર પડે છે. મૃત્યુ માનવ જીવનનું અંતિમ ધ્યેય નથી. માત્ર એક પડાવ છે. ત્યાર પછી પણ જન્મ-પુનર્જન્મની યાત્રા ચાલુ જ રહે છે. ભગવાને ભાગ્ય લખવાની કલમ મનુષ્યના હાથમાં આપી છે. જેથી તે જેવું ઇચ્છે તેવું લખી શકે.

એક રાજ્યમાં એક વિચિત્ર નિયમ હતો. રાજાનો કાર્યકાળ માત્ર પાંચ વર્ષનો રહેતો. કાર્યકાળ પુરો થાય કે તુરંત રાજ્ય છોડી, એક હોડીમાં બેસી સમુદ્ર વચ્ચે આવેલ ટાપુ પર ચાલ્યા જવું પડતું. જ્યાં ખુબ ઘટાદાર જંગલો, પર્વતો અને હિંસક પ્રાણીઓનો વાસ હતો. રાજ્યના કેટલાય રાજાઓ જંગલમાં ભૂખ્યા-તરસ્યા ભટકતા રહેતા અને મૃત્યુ પામતા. કોઇ હિંસક પ્રાણીનો ભોગ બની જતા. આથી આ રાજ્યના રાજાઓ ખૂબ ભોગ વિલાસ, માંસાહાર, વ્યસન વગેરેમાં લિપ્ત રહી પોતાનો કાર્યકાળ પૂરો કરતા. એક વખત એક બુદ્ધિમાન વ્યક્તિ રાજા બન્યો. તેનો કાર્યકાળ પૂરો થતાં જ સૈનિકો તેને ટાપુ ઉપર લઇ જવા આવી પહોંચ્યા. રાજા ખુશી ખુશી સૈનિકો સાથે સમુદ્ર તરફ હોડીમાં બેસવા ચાલી નિકળ્યા. આ સમયે મોટી સંખ્યામાં નગરજનો પણ હાજર હતા. સૈનિકો અને નગરજનોને નવાઇ લાગી કે આ રાજા આટલો ખુશ કેમ થાય છે ? બીજા રાજાઓ તો ખૂબ ધમપછાડા કરતા અને જબરદસ્તીથી સૈનિકોને લઇ જવા પડતા. છેવટે રાજા નગરજનોનું અભિવાદન કરી હોડીમાં બેસી રવાના થઇ ગયા. સમુદ્રમાં ગયા પછી રાજાની ખુશી જોઇ નાવિકથી રહેવાયું નહીં. છેવટે ખુશીનું કારણ રાજાને પૂછી જ લીધું. રાજાએ કહ્યું, ''સાંભળ, મેં મારા કાર્યકાળના પ્રથમ વર્ષે ટાપુ ઉપર સૈનિકો મોકલી હિંસક પ્રાણીઓને પાંજરે પૂર્યા. બીજા વર્ષે કાંટાળા વૃક્ષો, જંગલી ઝાડીઓને કપાવી એક સુંદર નગર, મંદિર, ધર્મશાળા વગેરે બનાવ્યા. ત્રીજે વર્ષે ગરીબ ખેડૂતો, સાધુ-સંતો, વગેરેને વસાવ્યા. ચોથે વર્ષે એક ભવ્ય રાજ મહેલ બનાવી રાજવી પરિવારોને સ્થળાંતરિત કર્યા. પાંચમા વર્ષે હું સ્વયં ઇચ્છાનુસાર ખુશી ખુશી મેં વસાવેલ નગરમાં જઇ રહ્યો છું. એટલે હું ખુશ છું.

મનુષ્ય ઇચ્છે તો કોઇ પણ ભયાનક પરિસ્થિતિઓ અંત સમયે ન આવે તે માટે વિધિએ રાખેલ પુસ્તકના વચ્ચેના કોરા પાનામાં એ રાજાની જેમ બુદ્ધિ વાપરી શ્રેષ્ઠ અને પૂણ્ય કર્મો દ્વારા જન્મ જન્માંતર માટે પોતાની તકદીર લખી શકે છે.

માનદ્ તંત્રીશ્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મુંબઇ ઘટકનું દિવાળી સ્નેહમિલન તા. ૦૧.૧૨.૨૦૨૪ની તસવીરો




























'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર
પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સૌજન્ય

શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ – ગાંધીધામ
ઉપપ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મુંબઇ ઘટકનું દિવાળી સ્નેહમિલન તા. ૦૧.૧૨.૨૦૨૪ની તસવીરો



સૌજન્ય

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર
પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ – ગાંધીધામ
ઉપપ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા ઘટક આયોજીત દિવાળી સ્નેહમિલનની તસવીરો
























# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા ઘટક આયોજીત દિવાળી સ્નેહમિલનની તસવીરો



# ખંભરા ગામે આવેલ શ્રી મુરલીમનોહર ખાખ ચોક મંદિર જીર્ણોદ્ધાર કાર્યક્રમ

## તા. ૨૧/૧૧/૨૦૨૪ની તસવીર ઝલક

સાધુસંતોની ભેટ સોગાદના દાતા : 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી – માધાપર (પ્રમુખશ્રી મહાસભા )

ભંડારાના દાતા : બ્ર.કુ. શ્રી બાબુભાઈ અરજણભાઈ પરમાર – માધાપર (ખંભરા) (ઉપપ્રમુખશ્રી મહાસભા)



સૌજન્ય : ભૂમિ પૂજા એસ્ટેટ એજન્સી - ભુજ (બ્ર.કુ. શ્રી બાબુભાઈ અરજણભાઈ પરમાર - માધાપર (ખંભરા)

# ખંભરા ગામે આવેલ શ્રી મુરલીમનોહર ખાખ ચોક મંદિર જીર્ણોદ્ધાર કાર્યક્રમ

## તા. ૨૧/૧૧/૨૦૨૪ની તસવીર ઝલક

સાધુસંતોની ભેટ સોગાદના દાતા : ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી – માધાપર (પ્રમુખશ્રી મહાસભા )

ભંડારાના દાતા : બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર – માધાપર (ખંભરા) (ઉપપ્રમુખશ્રી મહાસભા)



સૌજન્ય : ભૂમિ પૂજા એસ્ટેટ એજન્સી - ભુજ (બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ખંભરા)

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક દ્વારા દિવાળી સ્નેહમિલનના આયોજનની તસવીરો



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોતમભાઇ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. ૪,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**
**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**
**ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**
**Madhapar Office :** Shree Ram Group of Industries, Juna Vaas, Main Bazar, Po. Madhapar (Bhuj-Kutch) 370020, **Mob. 9925229079**

## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ ઘટકનું દિવાળી સ્નેહમિલન તા. ૦૧-૧૨-૨૦૨૪ના બોરીવલીમાં આયોજીત કરવામાં આવ્યું હતું. મુંબઇ ઘટકની પત્રિકા 'સમાજવાણી'ના ૨૫ વર્ષ પૂર્ણ 'રજત જયંતિ' તેમજ મુંબઇ ઘટક મહિલા મંડળ (પશ્ચિમ વિભાગ)ના ૫૦ વર્ષ પૂર્ણ 'સુવર્ણ જયંતિ' અને મુંબઇ ઘટક (મધ્ય વિભાગ) ૫૦મું વર્ષ શરૂ. આ ત્રિવેણી સંગમનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે મુંબઇ ઘટકના સ્નેહમય આમંત્રણથી મુંબઇ ઘટકની મુલાકાત લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

મિત્રો, કોઇપણ કાર્યની સફળતાનો આધાર લીડરશીપની સાથે સાથે સંગઠનની શક્તિ પર રહેલો છે ''સાથ હાથ બઢાના'' આ ઉક્તિ મુજબ કોઇપણ સંસ્થા કે સેવાકીય સંગઠન કાર્ય યોજના તૈયાર કરે, તેના અમલની જાહેરાત કરે તેના માટે આર્થિક ભંડોળ ઉભું કરે, જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરે, મોટા મોટા હોર્ડીંગો દ્વારા જાહેરાત કરે પરંતુ તે કાર્ય સફળ ત્યારે જ થાય છે જ્યારે સંસ્થાનો નાનામાં નાનો કાર્યકર્તા કાર્યને સફળ બનાવવા સંગઠીત થઇ કાર્ય કરે છે. લીડરશીપનો પડ્યો બોલ ઝીલે છે અને કોઇપણ દલીલ કે વિવાદ વગર સાચા ફોલોઅરની માફક માત્ર કાર્ય કરવામાં પોતાનું ધ્યાન કેન્દ્રીત કરે છે.

આપણું સદ્‌ભાગ્ય છે કે આપણા સમાજમાં ''મારો સમાજ મારૂ અભિમાન''ના સુત્રમાં માનવાવાળા અને નિઃસ્વાર્થ ભાવે કોઇ પદ કે સન્માનની પરવા કર્યા વગર માત્ર કાર્યને પ્રાધાન્ય આપનાર કાર્યકર્તાઓ ઘટકે ઘટકે સમાજસેવા સમર્પણ, સમાજ સંગઠનને વધુ મજબુત બનાવવા કાર્ય કરી રહ્યા છે. નાનામાં નાનો કાર્યકર્તા ક્યારેય એ વિચારીને કામ નથી કરતો કે મારૂ સન્માન થાય, મારો ફોટો મત્રખપત્રમાં આવે, સ્ટેજ પરથી મારા વખાણ થાય. આવા સંગઠનને વરેલ અને માત્ર સંસ્થાના વિકાસને નજર સમક્ષ રાખી સેવા યજ્ઞમાં આહુતિ આપવાવાળા નિષ્ઠાવાન કાર્યકર્તાઓ દરેક ઘટકે ઘટકે વધુમાં વધુ તૈયાર થાય તે માટે દરેક પ્રાદેશિક સ્તરે ફરજીયાત કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવા દરેક પ્રાદેશિક સમિતિઓને આહવાન કરૂ છું. મહાસભા દ્વારા પ્રશિક્ષણ શિબિરની પુરી ગાઇડલાઇન બનાવી સમાજ સમક્ષ મુકવામાં આવશે. ખુબજ નાની પ્રાદેશિક સમિતિઓમાં આ કાર્ય બે થી ત્રણ પ્રાદેશિક સમિતિઓ સંકલન સાધીને પણ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરી શકે છે. પ્રશિક્ષણ શિબિરના આયોજનના આર્થિક ખર્ચને પહોંચી વળવા માટે સ્થાનિક દાન-દાતાઓનો સહયોગ લઇ શકાય છે અને જરૂર પડશે તો મહાસભા અને તેમના હોદ્દેદારો પણ આર્થિક સહયોગ કરશે પરંતુ આ કાર્ય દરેક પ્રાદેશિક કક્ષાએ સંપન્ન થવું જોઇએ તેવો અનુરોધ કરૂ છું.

''મહાસભા ઘટકોને આંગણે'' આ કાર્યક્રમ અંતર્ગત દરેક ઘટકોના ઘટક પ્રમુખ, યુવા, મહિલા પ્રમુખશ્રીઓના સન્માન કરવા મહાસભા દરેક ઘટકે ઘટકે જઇ ઘટકના સુકાનીઓનું સેવા-સન્માન માટેનો કાર્યક્રમને આખરી ઓપ અપાઇ રહ્યો છે. ઘટકોની માહિતિ માંગતો ચાર પેજની પી.ડી.એફ. દરેક ઘટક પ્રમુખના ગ્રુપમાં મુકવામાં આવી છે સાથે સાથે પ્રાદેશિક સમિતિઓની માહિતિ મેળવવા પ્રાદેશિક પ્રમુખશ્રીઓ માટે માહિતિ પત્રક પણ વોટ્સએપના માધ્યમથી મોકલાવેલ છે પરંતુ તેને ભરીને મોકલાવવામાં ઘણી ઉદાસીનતા જોવા મળે છે. પ્રાદેશિક સમિતિ અને દરેક ઘટકોને આ માહિતિ જલ્દીથી જલ્દી માધાપર કાર્યાલયને મળી જાય તેવા પ્રયત્નો કરવા ખાસુ અનુરોધ કરૂ છું. કારણ કે ઘટક કે પ્રાદેશિક સમિતિ વિશે કોઇ માહિતિ ન હોય તો મહાસભા કઇ રીતે સહાયભૂત થઇ શકે ? સાથે સાથે પરિચય પુસ્તિકાનું કાર્ય પણ પ્રગતિ પર છે. તેમાં પણ ઘટક, મહિલા, યુવા મંડળના પ્રમુખ/મંત્રીશ્રીઓના ફોટોગ્રાફ, પુરૂ નામ, સરનામું વગેરે જે પણ માહિતિ માંગવામાં આવી છે તેને ગંભીરતાપૂર્વક ધ્યાને લઇ મોકલી આપશો તો જલ્દીથી જલ્દી પરિચય પુસ્તિકા તૈયાર કરી બધા ઘટકો, યુવા મહામંડળ, મહિલા મહામંડળ, પ્રાદેશિક સમિતિઓ અને મહાસભાના કાર્યવાહક સભ્યો અને વિશેષ આમંત્રીતશ્રીઓને મોકલી આપવામાં આવશે. જય સમાજ... જય સીયારામ...

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



**કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ
રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,
ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)
મો. ૯૩૦૦૬૮૮૭૬૩

**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી પાર્થ જશવંતરાય ચાવડા
જુના વાસ, પો. ચંદીયા,
તા. અંજાર (કચ્છ)
મો. ૯૯૯૮૦૩૭૩૩૯
Pjchavda94@gmail.com



## સંજીવની-અન્નપુર્ણા

**નવેમ્બર-૨૦૨૪**

| આવક | | જાવક | |
|---|---|---|---|
| શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૧૦૦૦ | રાયપુર ઘટક | ૩૦૦૦૦ |
| શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ | ૨૫૦ | રાયપુર ઘટક | ૧૦૦૦૦ |
| શ્રી રાઘવભાઇ અશોકભાઇ ટાંક - નાગપુર | ૨૦૦૦ | નાગલપર ઘટક | ૨૫૦૦૦ |
| શ્રીમતી સુરભીબેન મનહરભાઇ ટાંક - અમદાવાદ | ૫૦૦૦ | જાલના ઘટક | ૬૦૦૦ |
| શ્રી સુભાંશુભાઇ સાવરીયા - પુના | ૧૦૦૦ | શ્રીરામપુર ઘટક | ૩૦૦૦૦ |
| જય સમાજ - નિઝામાબાદ | ૧૨૦૦૦ | મુંબઇ ઘટક | ૬૦૦૦ |
| શ્રી કર્નલ સત્યાન ડી. રાઠોડ - અમદાવાદ | ૨૧૦૦ | ઉદેપુર ઘટક | ૧૦૦૦૦ |
| શ્રી યોગેશભાઇ મગનલાલભાઇ ચાવડા - નાગપુર | ૧૧૦૦૦ | અંજાર ઘટક | ૧૦૦૦૦ |
| શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - અમેરીકા | ૬૦૦૦ | | |
| ડી.વી. રોલર સ્પોર્ટસ કલબ - ભુજ | ૫૦૦ | | |
| શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ ટાંક (?) | ૦૦ | | |
| શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદીપુર | ૬૦૦૦ | | |
| શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ - જાલના | ૧૧૦૦ | | |
| શ્રી પથિક નિતિનભાઇ ટાંક - અમેરીકા | ૧૦૦૦ | | |
| શ્રી ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧૦૦૦ | | |
| શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર | ૧૨૬૦૦ | | |
| શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ | ૫૦૦૦ | | |
| શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર | ૫૧૦૦ | | |
| શ્રી ઉદયભાઇ અરૂણભાઇ વરૂ - રાયપુર | ૧૧૦૦ | | |
| | ૭૪૨૫૦ | | ૧૨૭૦૦૦ |

## અભિલાષા

**નવેમ્બર-૨૦૨૪**

| આવક | | જાવક | | |
|---|---|---|---|---|
| ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયદ | ૧૦૦૦ | રાઉરકેલા | લાભાર્થી : ૧ | ૫૦૦૦ |
| સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૨૨૦૦૦ | જબલપુર | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| ચાવડા બિલ્ડકોન | ૧૧૦૦૦ | નાગલપર | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| શ્રી હર્ષદભાઇ કેશવજી | ૫૦૦ | વડોદરા | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| શ્રીમતી જ્યોતિબેન બી. રાઠોડ - જાલના | ૧૧૦૦ | કોટડા (રેહા) | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| શ્ર પથિક નિતિનભાઇ ટાંક | ૧૦૦૦ | રાયપુર | લાભાર્થી : ૧ | ૫૦૦૦ |
| બ્ર.કુ. શ્રી બાબુભાઇ એ. પરમાર - માધાપર | ૫૧૦૦ | અંજાર | લાભાર્થી : ૫ | ૫૫૦૦૦ |
| શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ભુજ ઘટક - ભુજ | ૨૧૦૦૦ | અમદાવાદ | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર | ૯૦૦૦ | ધનબાદ | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| | ૭૧,૭૦૦ | ૯ | ૧૩ | ૧૨૫૦૦૦ |

## રાયપુર કાર્યાલય

| આવક | નવેમ્બર-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૩૫,૭૮૯.૦૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| બચત ખાતાથી વ્યાજ | ૬૬૩.૦૦ | | |
| | | કુલ બચત | ૧૩,૪૫૨.૦૦ |
| કુલ | ૩૬,૪૫૨.૦૦ | કુલ | ૩૬,૪૫૨.૦૦ |

## અંજાર કાર્યાલય

| આવક | નવેમ્બર-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| --- | --- | કુરીયર ખર્ચ - કલકતા | ૧૦૦ |
| | | ગાયત્રી ગ્રાફીક્સ બીલ | ૧૫૦૦ |
| | | નૂતન કાર્યાલય બાંધકામ | ૨૪૫૦૦ |
| | | વેબેક્સ એપ ૧ વર્ષની ફી ચેક | ૨૨૪૨૦ |
| | | નૂતન કાર્યાલય બાંધકામ, મારબલ-કોટા, ગ્રેનાઇટ બીલ - મોમાય એન્ટરપ્રાઇઝ | ૧૨૦૦૦૦ |
| | | હિતેશ જેઠવા - લાઇટ ફીટીંગ ચેક | ૨૫૦૦૦ |
| | | ઇન્જી. અશ્વીન ચાવડા કન્સલ્ટીંગબીલ - ચેક | ૩૫૦૦૦ |
| --- | --- | કુલ ખર્ચ | ૨૨૮૫૨૦ |

## સેતુ સમાજ સંદેશ

| આવક | નવેમ્બર-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| આજીવન શુલ્ક | --- | પ્રિન્ટીંગ બીલ | ૧,૫૯,૪૯૫ |
| વાર્ષિક શુલ્ક | --- | ગ્રાફીક બીલ | ૩૫,૪૨૬ |
| વાર્ષિક સહયોગ | ૫૦,૦૦૦ | પોસ્ટની ટીકીટ | ૬,૦૦૦ |
| માસિક સહયોગ | ૧,૪૮,૫૦૦ | લેબલ પેસ્ટીંગ ચાર્જીસ | ૨,૦૦૦ |
| | | અન્ય ખર્ચ (કોથળી અંક પેકીંગ માટે) | ૯,૬૦૦ |
| કુલ | ૧,૯૮,૫૦૦ | | ૨,૧૨,૫૨૧ |
| ઓક્ટોબરની ઉઘરાણીની બાકી રકમ | ૨૫૦૦ | તોટાળો (ખોટ) | ૧૪,૦૨૧ |


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઇ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઇ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

॥ ૐ શાંતિ ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# 'સંજીવની-૫'

*The Lifeline.....*



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર (પ્રમુખશ્રી મહાસભા)

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર – અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા – પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા – પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર – અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ – અંજાર-કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ – લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ – મહાસભા)
ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) – સુરત
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર – રાજકોટ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર – હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ – આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ – આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર – પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ – જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર – માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર – વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર – અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર – શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક – નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર – કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ – વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર – ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર – અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર – અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર – મુંબઇ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ – ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ – ઉદયપુર (રાજ.) હ. જુગલ ચૌહાણ – વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ – નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક – આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક – મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક – લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક – અમદાવાદ

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર – અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક – અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર – ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા – જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક – અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ – આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ – હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

# અભિલાષા-૫

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... મહાસભાના આદ. **પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**ના નેતૃત્વ હેઠળ ચાલતી વિવિધ સેવા યોજનાઓ પૈકીની એક એવી અભિલાષા સમિતિ સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને શિક્ષણ સહાય આપવાનું મહત્વનું કાર્ય કરી રહી છે. આ સમિતિ દ્વારા ચાલુ નાણાંકિય **વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૨૮ ઘટકોના ૬૦ જેટલા આર્થિક રીતે નબળા છાત્રોને રૂા. ૬,૧૦,૦૦૦ (છ લાખ દશ હજાર પુરા) જેટલી શિક્ષણ સહાય આપવામાં આવેલ છે,** જે આ સમિતિના સન્માનનીય દાતાશ્રીઓના આર્થિક સહયોગને આભારી છે.

'સમાજરત્નશ્રી'નું ગરિમામય પદ સ્વીકાર્યા પછી પરમ આદરણીય **શ્રી વિનોદભાઈ સોલંકીજી** સેવા કાર્યો કરતી અન્ય સમિતિઓની જેમ આ સમિતિને પણ આત્મિય અને મહત્વપૂર્ણ સહયોગ આપી રહ્યા છે. સુખદ ક્ષણોને સેવાભાવ સાથે જોડી સમાજબાંધવોને મદદરૂપ બનવાનો તેમનો મનોભાવ વંદનિય છે. **પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦/- નું 'અભિલાષા' દાન આપતા તેઓશ્રીએ તા. ૨૦/૧૧/૨૦૨૪ના રોજ જીવનના ૬૮ વર્ષ પુરાં કરી ૬૯મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો.** આ શુભ અવસરે તેઓશ્રી તરફથી સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે રૂા. ૧૧૦૦૦/-નું ખુશાલી દાન પ્રાપ્ત થયું. **ચાલુ માસમાં કુલ રૂા. ૨૨૦૦૦/-નું દાન આપનાર 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજીને** તેમના જન્મદિવસની અંતરથી... અવિરતપણે... અશેષ શુભકામના... વંદન... જય સીયારામ... આપ સ્વસ્થ રહો... દિર્ઘાયુ બનો.



દાનદાતાશ્રીઓના ક્રમમાં મુળ ગામ દેવળીયા, હાલે રાયપુર




નિવાસી **શ્રી દિલીપભાઈ કેશવજીભાઈ ચાવડા પરિવાર** આ સમિતિને નિયમિત રીતે સહયોગ બની રહેલ છે. **સ્વ. માતૃશ્રી જયાબેન કેશવજીભાઈ ચાવડાની તૃતિય પુણ્યતિથિ (તા. ૪ ડિસેમ્બર) અવસરે તેમના તરફથી અભિલાષા સમિતિને રૂા. ૨૫૦૦૦ (પચ્ચીસ હજાર)નું નોંધપાત્ર દાન પ્રાપ્ત થયેલ છે.** માતૃ સ્મરણના દિવસને વિદ્યાદાન જેવા પવિત્ર સેવા કાર્ય સાથે જોડી સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને મદદરૂપ બનનાર ચાવડા પરિવારને શત શત નમન... સાથે દિવંગત માતૃશ્રી જયાબેનના દિવ્ય આત્માને સાદર શ્રદ્ધાસુમન અર્પણ કરીએ...

દાનદાતાશ્રીઓના આ ક્રમમાં પ્રતિમાસ રૂા. ૧૫૦૦ના દાન દાતા **મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રભારી શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ - લાતુર** પોતાની સામાજીક જવાબદારી સાથે શિક્ષણ સેવા માટે પણ ચિંતિત રહ્યા છે. તેમના તરફથી આત્મિય ઉદારભાવ સાથે આ સમિતિને ૬ માસના અનુદાન પેટે રૂા. ૯૦૦૦ની દાન રાશી પ્રાપ્ત થયેલ છે. આદ. સૌ.



મીતાબેન તથા તેમના પતિદેવ શ્રી અશોકભાઇ રાઠોડ એક મળવા જેવું આદર્શ દંપતિ છે. તેમના નિયમિત આર્થિક સહયોગ બદલ આ સમિતિ તેમનો હૃદયથી આભાર માને છે. આ ઉપરાંત **મહાસભાના મુખપત્ર સેતુ સમાજ સંદેશને ગરિમામય ઉંચાઇ સુધી લઇ જનાર દિવંગત તંત્રી સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર –અંજાર**ના નિર્વાણ દિન (૩૦ જુલાઇ) તેમના ધર્મપત્ની **ગં.સ્વ. માયાબેન ભરતભાઇ વાઢેર** તરફથી રૂા. ૧૧૦૦નું દાન પ્રાપ્ત થયેલ છે. તેવી જ રીતે પ્રતિમાસ દાન દાતા**શ્રી ભગવાનલાલ આર. ટાંક** તરફથી રૂા. ૧૦૦૦, **ચાવડા બિલ્ડકોન** તરફથી રૂા. ૧૧૦૦૦, **શ્રી હર્ષદભાઇ કેવજીભાઇ**ના રૂા. ૫૦૦, **શ્રી પથિકભાઇ ટાંક**ના રૂા. ૧૦૦૦ અભિલાષા સમિતિના એકાઉન્ટમાં જમા થયેલા છે. તમામ દાનદાતાશ્રીઓના ઉદાર ભાવને બિરદાવી આ સમિતિ આભાર માને છે.

**અપીલ : સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને મદદરૂપ બનતી આ સમિતિ સમાજના શિક્ષણ પ્રેમી દાતાશ્રીઓને દાન આપી મદદરૂપ બનવા અપીલ કરે છે. આપનું દાન આવકવેરાની કલમ ૮૦/જી હેઠળ કર મુક્તિને પાત્ર છે.**

– વિનોદ લીલાધર ચૌહાણ – પ્રભારી અને ઉપપ્રમુખ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા – ૧

**॥ અન્નદાન મહાદાન ॥**



પ્રભારી : **શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા** અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી : **શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા** અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮

**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

જય સમાજ... રામ રામ મહાસભાની વિવિધ સમિતિઓ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ યોજનાઓ દ્વારા સમાજના જરૂરીયાતમંદ બંધુઓને શક્ય તેટલી સહાય આપવામાં આવે છે. આપણો સમાજ ઉત્સવપ્રિય, પ્રગતિશીલ, પ્રમાણમાં સુખી સમાજમાં ગણના થાય છે. પરંતુ પાછલા કેટલાય સમયથી એવા પણ કિસ્સા ધ્યાનમાં આવ્યા કે એવા પણ કમનસીબ બંધુઓ આપણા સમાજમાં છે કે, **જેમના સીધી લીટીમાં કે નજીકના કોઇ સગા–સંબંધી ન હોવાને કારણે અને શારિરીક–માનસિક અસ્થિરતાને કારણે આવા વંચિત, પિડીત, લાચાર સમાજબંધઆુને ત્રણ ટંકના ભોજનની પણ સમસ્યા છે. 'અન્નપુર્ણા' યોજના હેઠળ આવા સમાજબંધુઓ માટે માસિક ટીફીન યોજના અંતર્ગત એક માસની રાશનકીટ મહાસભા તરફથી રૂા. ૧૫૦૦/– પ્રતિ વ્યક્તિ/ પ્રતિ માસ અપાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.** આ યોજના અંતર્ગત સમાજ પ્રેમી- દિલેર દાતાશ્રી સમાજબંધુ આવા અતિ જરૂરીયાતમંદ પરિવારને 'દત્તક' લઇ એક મહિનાના રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી આપણા સમાજના એક સમાજબંધુની આંતરડી ઠારી શકવાનું પુણ્ય કમાઇ શકે છે. આમેય આપણા શાસ્ત્રોમાં **ભૂખ્યાને ભોજન એટલે કે અન્નદાનને શ્રેષ્ઠદાન કહેવામાં આવેલ છે.** વર્તમાન સમયના સર્વે મુજબ જ ૨૦ થી ૩૦ સમાજબંધુઓના આવેદન પત્ર 'અન્નપુર્ણા' યોજના માટે આવેલ છે. આજરોજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ પણ આ પુણ્યદાયી પવિત્ર મહાયજ્ઞમાં જોડાઇ, માત્ર પ્રતિ માસ રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી, આપણા જ પીડીત-વંચિત સમાજબંધુને સ્વમાનભેર જીવન વ્યતિત કરવામાં સહાયરૂપ બનીએ. આવા પીડીત-વંચિત-લાચાર સમાજબંધુ કમ સે કમ ત્રણ ટંક ભોજન માટે કોઇના પણ ઓશિયાળા ન રહે તે જોવાની પવિત્ર ફરજ આપણા જેવા સુખી-સંપન્ન પરિવારની પણ બની રહે છે. મને આશા જ નહીં પણ પૂર્ણ વિશ્વાસ છે કે આપણા સમાજના દિલેર દાતાશ્રીઓ 'અન્નપુર્ણા' યોજનાના માધ્યમથી... ''**ભગવાન ભૂખ્યો ઉઠાડે પણ ભૂખ્યો સુવાડે તો નહીં.**'' ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરીએ... અસ્તુ... જય સમાજ...

વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (પ્રભારી – 'અન્નપુર્ણા')

**(બિલાસપુર અધિવેશન દરમ્યાન નોંધાયેલ અન્નદાન)**

**અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ/મળેલ દાન–દાતાશ્રીઓની યાદી... (પ્રતિ લાભાર્થી રૂા. ૧૦૦૦ પ્રતિમાસ)**

૨૪૦૦૦ શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) જયપુર (બે લાભાર્થીનું એક વર્ષ સુધીનું અન્નદાન)

| | |
|---|---|
| ૨૪૦૦૦ | શ્રી નટવરલાલ હીરાલાલભાઇ ચૌહાણ – નાસિકરોડ (બિટકો) (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી દિપેશભાઇ પ્રભુલાલભાઇ પરમાર – નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા – મુન્દ્રા (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી રામ ભરોસે હા. વિનોદભાઇ ખોડિયાર – અંજાર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા – વડોદરા-નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિલીપભાઇ દયારામભાઇ ચૌહાણ – ચંદ્રપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી રવિન્દ્રભાઇ ટાંક – કોરબા (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ – અમદાવાદ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી નટવરલાલભાઇ નરસીભાઇ રાઠોડ – વિશાખાપટ્ટનમ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા – અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ – બિલાસપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૭૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક – અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦/-ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૨૪૦૦૦ | શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા – પૂના (હ. સંદિપભાઇ) |
| ૬૦૦૦ | માતૃશ્રી શાન્તાબેન વલમજીભાઇ વરૂ – માધાપર (હ. શ્રી મહેન્દ્રભાઇ વરૂ) |
| ૧૧૦૦૦ | બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર – માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા) |
| ૬૦૦૦ | શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ – બલ્લારશાહ |

વિનંતી : ઉપરોક્ત અન્નદાતાશ્રીઓને વિનમ્ર વિનંતી કે આપશ્રીનો સહયોગ 'અન્નપુર્ણા' ટાઇટલમાં જણાવેલ પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી ફોન દ્વારા સૂચિત કરવા વિનંતી. યોજનામાં અન્ય સેવાભાવી સમાજપ્રેમીબંધુઓને જોડાવા પ્રેરીત કરવા વિનંતી...

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૩-૨૦૨૫ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૩-૨૦૨૫ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા Learn & Earn અંતર્ગત ૧૧મો પ્રોજેક્ટ "Gond Art" વિદર્ભ પ્રાદેશિક અંતર્ગત ગોંદિયા ઘટકના કિંજલબેન પરમાર દ્વારા ૭ ડીસેમ્બર-૨૦૨૪ના સફળતાપૂર્વક લેવામાં આવેલ.

**કિંજલ ચંદ્રકાંતભાઈ પરમાર** ગોંદિયા ઘટકના રહેવાસી હોય તેમના મમ્મીનું નામ સ્વ. માલાબેન પરમાર છે. તેમનું પોસ્ટ




ગ્રેજ્યુએશન માસ્ટર્સ ઓફ કમ્પ્યુટર મેનેજમેન્ટમાં રાષ્ટ્રીય સંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટીના આંબેડકર કોલેજથી કમ્પ્લીટ કર્યું છે અને તેઓ આઇ.ટી. સેક્ટરમાં જોબ કરતા હતા.

કિંજલબેનએ આર્ટમાં રૂચી તેમના મમ્મી તરફથી બચપનથી જ આવેલ છે. મમ્મીને જોઇ જોઇને તેઓ ઘણુ બધું શીખ્યા અને ધીરે ધીરે કરવાનું શરૂ કર્યું. જેમાં ડિફરેન્ટ આર્ટ ફોર્મ ટ્રાય કરવા અને બનાવવામાં તેમના માતા-પિતાએ હંમેશા સપોર્ટ કરીને પ્રોત્સાહીત કર્યું છે. તેઓ જુદા જુદા આર્ટ ફોર્મ્સ બનાવે છે જેમકે ગોંડ આર્ટ, ક્રેયોન પેઇન્ટીંગ, વારલી પેઇન્ટીંગ, મધુબની પેઇન્ટીંગ, ઓઇલ પેઇન્ટીંગ, મંડલા આર્ટ અને મ્યુરલ આર્ટમાં રૂચી ધરાવે છે. પેપર ક્વીલીંગથી એનવલપ પણ બનાવે છે. તેમનું મંડલા આર્ટ વર્ક મુંબઇના એક મેગેઝીનમાં એક વર્ષ સુધી રેગ્યુલર પ્રિન્ટ થયું છે. કિંજલબેન તેમનું આર્ટવર્ક સેલ પણ કરે છે. કુકીંગ, મ્યુઝીક, ટ્રાવેલીંગ તેમની હોબી છે અને સોશ્યલ વર્કમાં પણ તેઓ એક્ટીવ છે. આપણા સમાજના Art Assembl વોટ્સએપ ગ્રુપથી જોડાયેલા હોવાથી રોજ નવી નવી આર્ટસ જોઇને હજુ વધુ બનાવવાની ઉમંગ વધી જાય છે.

ગોંડ આર્ટ એક ટ્રેડિશનલ ટ્રાયબલ આર્ટ ફોર્મ છે, ગોંડ, કમ્યુનીટીનો જી બેઝીકલી બિલાંગ કરે છે સેન્ટ્રલ ઇન્ડીયાના મધ્યપ્રદેશથી અને ધીરે ધીરે એ લોકો મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને આંધ્રપ્રદેશમાં વસતા ગયા. આ ૧૪૦૦ વર્ષ જુનો આર્ટ છે. 'ગોંડ' આ શબ્દ દ્રવેડિયન ટર્મ કોન્ડથી આવેલું છે. કોન્ડ મતલબ માઉન્ટેઇન્સ - પર્વત. ગોંડ આર્ટ ઓફ વાઇબ્રન્ટ ફોક આર્ટ છે. જેમાં પોતાના વાઇબ્રન્ટ કલર્સ, પેટર્ન્સ અને મોટીફ્સ છે.

ગોંડ આર્ટ નેચર ઇન્સ્પાયર છે જેમ કે એનિમલ્સ, બર્ડસ અને ટ્રાયબલ લાઇફ આ આર્ટ તેના વાઇબ્રન્ટ કલર્સ, પેટર્નસ જેમ કે લાઇનિંગ, ડેશ અને જોમેટ્રી શેપથી ઓળખાણમાં આવે છે. આ આર્ટ પેલા ઘરની દીવારોમાં થતું. Late 20 સેન્ચ્યુરીમાં ગોંડ આર્ટ ટ્રાન્ઝીટ થયું. દીવારોથી પેપર અને કેનવાસમાં ઘણા બધા આર્ટીસ્ટના પ્રયત્નોથી મોડર્ન ટુલ્સ દીધા અને આ કલાને લોકો સુધી પહોંચાડ્યું. ગ્લોબલી પહેચાન કરાવી અને હવે Gond Art Contemporary Tribal Art ના કેટેગરીમાં આવે છે. હવે આ કલા ડિફરન્ટ બેઝ ઉપર થાય છે જેમ કે ફેબ્રીક, મ્યુરલ પેઇન્ટીંગ, એમ.ડી.એફ. બોર્ડ, સ્ટેશનરી અને ડિઝીટલ પ્લેટફોર્મમાં થાય છે.

ગોંડ આર્ટથી આપણે કમાણી પણ કરી શકાય છે. એક્ઝિબિશન લગાવી સેલ કરી શકાય છે. હોટેલ્સ, રેસ્ટોરન્ટમાં વોલ્સ ડેકોર કરી શકે છે. કોસ્ટર્સ, ડાઇનિંગ મેટ્સ પોસ્ટર્સ આજકાલ ખુબ ટ્રેન્ડી છે, બધાયને ગમે છે તો આપણે સેલ કરી શકે છે. ફેબ્રિક્સમાં પેઇન્ટીંગ કરીને બુટીકમાં સેલ કરી શકાય છે. જ્વેલરી, ફ્રીજ મેગ્નેટ્સ, કી હોલ્ડરર્સ, ગીફ્ટ અને રીટર્ન ગીફ્ટસ માટે સેલ કરી શકાય છે. હમણાં ડિઝીટલ મીડીયાનો સમય છે તો આપણા આર્ટ વર્કને ડિઝીટલ પ્રિન્ટ કરીને સેલ કરી શકાય છે.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ ખુબજ સારી રીતે



મહિલાઓના વિકાસ અર્થે સતત કાર્યરત છે. આ જમાનો સ્કીલ ડેવલપમેન્ટનો છે. કોઇ પણ સ્કીલમાં માસ્ટરી મેળવી તેનો આપણે અર્થોપાર્જન માટે ઉપયોગ કરી શકીએ છીએ. મહિલા ઉત્કર્ષ સમિતિ સમાજની મહિલાઓની આ આવડત-સ્કીલને એક એવો મંચ આપે છે કે જેનાથી તેઓની કળાને પ્રોત્સાહન અને પ્રસિદ્ધિ મળે અને અન્ય મહિલાઓ કંઇક નવું શીખી આગળ વધી શકે. આ સમિતિ અને તેના પ્રભારી મીતાબેન રાઠોડ ખુબજ સારી રીતે આ પ્રોજેક્ટ સંભાળી રહ્યા છે, કો-ઓર્ડીનેટ કરી કાર્ય કરવું, ઘણો સમય અને શક્તિ માગી લે છે. શ્રીમતી મીતાબેન પોતે પણ એક આર્ટીસ્ટ, પાકશાસ્ત્રી, બહુલક્ષી પ્રતિભા ધરાવનાર સમાજ સેવિકા છે. આ પ્રસંગે કિંજલબેન હૃદયપૂર્વક મીતાબેન અને સમસ્ત ટીમનો આભાર માને છે કે મહાસભાના આ મંચથી મને મારી આર્ટ પ્રસ્તુત કરવાનો સુનહરો અવસર આપ્યો. મહિલા ઉત્કર્ષ સમિતિના સર્વે સદસ્યોને સાધુવાદ આપું છું અને ભવિષ્યના પ્રોજેક્ટ માટે શુભકામનાઓ આપું છું અને મારા દરેક કાર્ય માટે સપોર્ટ અને પ્રોત્સાહન આપવા માટે મારા ફેમીલી મેમ્બર્સને પણ તહેદીલથી ધન્યવાદ કરૂં છું.

મહાસભા મહિલા ઉત્કર્ષસ સમિતિ આપણા સમાજના આવા અપ્રતિમ કળા ધરાવતા નિષ્ણાંત, એક્સપર્ટ, વિવિધલક્ષી કલા નિપુણ, સૃજનશીલ, પ્રેમાળ, લાગણીશીલ, સમાજસેવાની, સમર્પણની ભાવનાથી ઓતપ્રોત સ્નેહી કિંજલબેનને સફળ પ્રોજેક્ટ આપવા માટે હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી... અભિનંદન આપી તેમના ઉજવલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

– અધ્યક્ષા – શ્રીમતી મીતાબેન રાઠોડ – લાતુર

# સદાબહાર

ભગવાનની લીલા ન્યારી છે,
ધરતી માતાને ઉપજાઉ બનાવી છે.
પ્રભુ લાખો હજારો ઝાડ ઉગા
એમાં મને ફુલનું ઝાડ ગમે.
રંગબીરંગી ફુલોને જોઇ મન લલચાય,
આ ફુલ તોડું કે ઇ ફુલ તોડું એમ થાય.
જીંદગીમાં ફુલોનું ઘણું મહત્વ હોય,
પ્રથમ ભગવાનના ચરણોમાં અર્પણ થાય.
પુષ્પોથી ભગવાનનો શણગાર સુંદર થાય,
બધા તહેવારોમાં ફુલોનો ઉપયોગ થાય.
જન્મ દિવસ, લગ્ન દિવસ કે મરણ દિવસ હોય,
તારા વિના બધુ જ કાર્ય અપૂર્ણ હોય.
ફુલોના તો ઘણા ઉપયોગ પણ થાય.
ગુલકંદ, અત્તર, દવા, તેલ, શરબત બનાવાય.
ફુલોમાં એક ફુલ સદા ફુલ કહેવાય,
એનો ના હાર થાય ના પૂજામાં વપરાય.
રોકાતું નથી ફુલવું, છુપાતું નથી એનું ડોલવું,
ઋતુ બદલે સમય બદલે પણ ઓછું ના કરે હસવું.
આપણે સદા ફુલ જેવા બનીએ,
ભલે માન મળે કે ના મળે.
પણ પોતાના કર્તવ્યથી ના ડગીએ,
પોતાના જીવનમાં બદલાવ લાવીએ.
જીવનની સુગંધ એજ માણી શકે,
જેનામાં ખીલવાને ખરવાની વચ્ચે,
મહેકી જવાની આવડત હોય,
ત્યારે જ આપણે આનંદી આનંદ રહીયે.
આનંદી આનંદ રહીએ...



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ**



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# નારી દર્પણ

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999


# અ.ભા.મહિલા મહામંડળની ઝુમ મીટીંગ તા. ૧૧/૧૨/૨૦૨૪નો અહેવાલ

રાયપુર મધ્યે આયોજીત મહાસભાના આગામી વાર્ષિક અધિવેશન સાથે આયોજીત અખિલ ભારતીય મહિલા મહામંડળની કારોબારી સમિતિ તથા સામાન્ય સભાની પૂર્વ તૈયારી તથા ચર્ચા-વિચારણા માટેની ઝુમ મીટીંગ તા. ૧૧/૧૨૨૦૨૪ના સાંજે ૪.૦૦ વાગ્યાથી પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. આ મીટીંગમા અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારીઓ સાથે વિવિધ સમિતિના અધ્યક્ષો, પ્રાદેશિક સમિતિના પ્રમુખો તથા સભ્યો જોડાયા હતા.

પ્રારંભમાં સમુહ પ્રાર્થના બાદ મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણે સૌ બહેનોનું શાબ્દિક સ્વાગત કરી આજની મીટીંગના ઉદ્દેશની જાણકારી આપી હતી. મીટીંગના પ્રારંગે અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીએ પોતાનું મનોગત રજુ કરતાં જણાવેલ કે ખુબજ સુંદર અને સુચારૂ રૂપે અ.ભા.મહિલા મહામંડળનું કાર્ય ચાલી રહ્યું છે. દરેક સમિતિઓ પણ પોતાનું કાર્ય ઉત્સાહભેર અને સારી રીતે કરી રહેલ છે. હાલે મહાસભાની સગપણ સમિતિનો પ્રભાર પણ મારી પાસે છે ત્યારે આ જવાબદરીના ભાગરૂપે રાયપુર મધ્યે આયોજીત સગપણ સંમેલનમાં વધુને વધુ દીકરા-દીકરીઓ રજીસ્ટ્રેશન કરાવે તેવા પ્રયાસો કરીએ. સાથે સાથે, હાલે વધતા જતા સગપણ અને લગ્ન વિચ્છેદના કિસ્સાઓને પરિસંવાદના માધ્યમથી સમાધાન કરાવીએ.

શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા - ચેરપર્સનશ્રીએ પોતાનું મનોગત રજુ કરતાં જણાવેલ કે પ્રમુખ ગીતાબેન, મહામંત્રી રીટાબેન તથા વિવિધ સમિતિઓ દ્વારા ખુબજ પ્રસંશનીય કાર્ય થઇ રહેલ છે. સાથે સાથે સુચન કરેલ કે મહાસભા પાસે જમા રહેલ અ.ભા.મહિલા મહામંડળના ફંડમાંથી જરૂરીયાત મુજબ બહેનોને શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર જેવા ક્ષેત્રે મદદરૂપ બનવાનો પ્રયાસ કરવો જોઇએ. ટીમ મહિલા મંડળને સક્રિય રહેવા બદલ અભિનંદન આપેલ હતા.

શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ - મોટીવેશન સ્પીકર તથા શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - સ્વાવલંબન સમિતિના પ્રભારીએ ટીમને શુભેચ્છા પાઠવી ટીમ મહિલા મંડળના સંકલનની પ્રશંસા કરેલ હતી.

શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી જ્યોતિબેન અરૂણભાઇ રાઠોડે પોતાનો વિસ્તૃત અહેવાલ આપતાં જણાવેલ કે સમાજના બાળકોના સર્વાંગી વિકાસ માટે આપણે ચિંતિત છીએ અને તેના પર ભાર મુકી વર્ષ દરમિયાન વિવિધ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવેલ છે. આજનું બાળક આવતીકાલનું નાગરિક હોઇ આપણે આપણું ઉતરદાયિત્વ નિભાવવાનું છે. સૌના સહકારની પ્રશંસા કરેલ હતી. આધ્યાત્મિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી વંદનાબેન ટાંકએ પોતાના પ્રોજેક્ટોની માહિતી આપી હાલની નિબંધ સ્પર્ધાના વિષયની જાણકારી આપેલ હતી તેમજ આગળના આયોજનોથી અવગત કરાવેલ હતા.

રસોઇની રંગત સમિતિના અધ્યક્ષા શ્રીમતી પ્રિતીબેન પરેશભાઇ ચૌહાણે પોતાની સમિતિના અલગ-અલગ પ્રોજેક્ટની માહિતી આપી ટુંક સમયમાં સ્પર્ધા યોજવામાં આવશે તેની જાણકારી આપેલ હતી. સંસ્કાર શિબિર સમિતિના અધ્યક્ષા શ્રીમતી રોહિણીબેન કિરીટભાઇ ચૌહાણે ભવિષ્યમાં અનુકુળતા મુજબ સંસ્કાર શિબિર આયોજીત કરવામાં આવનાર હોવાનું જણાવેલ હતું.

યોગા સમિતિના અધ્યક્ષા શ્રીમતી સરલાબેન પરમારે ૨૧ જુનના રોજ આયોજીત સ્પર્ધા અને દર મહિને તેમની સમિતિ દ્વારા દર્શાવવામાં આવતા યોગા વિડીયોની જાણકારી આપી હતી. ઉત્સવ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રીટાબેન પરમારે પોતાનો અહેવાલ આપેલ હતો. મીડીયા સમિતિના અધ્યક્ષા શ્રીમતી પ્રિતીબેન ચૌહાણે વિવિધ આયોજનો ઉપરાંત સભ્યોના જન્મદિનની શુભેચ્છા અનન્યા અને સહીયર ગ્રુપમાં આપનાર મંત્રીઓ શ્રીમતી પ્રિતીબેન ચૌહાણ તથા શ્રીમતી દીનાબેન

રાઠોડની સેવાને બિરદાવી હતી. પ્રાદેશિક સમિતિઓના અહેવાલમાં સિંગભૂમ પ્રાદેશિકનો શ્રીમતી કલવિકાબેન રાઠોડ, છત્તીસગઢ પ્રાદેશિકનો શ્રીમતી નિતાબેન રાઠોડ તથા કચ્છ પ્રાદેશિકનો અહેવાલ શ્રીમતી રીટાબેન ચૌહાણે પ્રમુખ તરીકે આપેલ હતો. અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન આપતાં શ્રીમતી ગીતાબેન ચૌહાણે પોતાના દરેક સેવાકાર્યમાં બહેનો તરફથી મળતા હકારાત્મક પ્રતિભાવ બદલ હર્ષ વ્યક્તિ કરેલ હતો. ખાસ કરીને સલાહકાર અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન, ચેરપર્સન શ્રીમતી વેલુબેન તરફથી મળતા માર્ગદર્શન અને મહામંત્રી શ્રીમતી રીટાબેન તરફથી મળતા સહયોગની પ્રશંસા કરેલ હતી. દરેક સમિતિઓ પોતાને સોંપવામાં આવેલ વિષયો અનુસાર વૈવિધ્યસભર અને ઉત્સાહપૂર્વક કામ કરતા હોવાનું જણાવેલ હતું. છત્તીસગઢ, કચ્છ, મરાઠાવાડા, સિંગભૂમ જેવી પ્રાદેશિક સમિતિઓની સક્રિયતાને બિરદાવી કેટલીક સુષુમ પ્રાદેશિક સમિતિઓને સક્રિય બનાવવાના પ્રયાસો ઉપર ભાર મુકેલ હતો. અ.ભા.મહિલા મહામંડળની વિવિધ સમિતિઓ જુદા જુદા ઓનલાઇન અને ઓફલાઇન પ્રોજેક્ટ લાવી સતત સક્રિય રહે છે તેની ખુશી વ્યક્ત કરી હતી. આગામી આયોજનોમાં પૈસાના બચાવ સાથે ઓનલાઇન સંસ્કાર શિબિર આયોજનની તેમજ સમાજમાં વધવા જતા સગપણ અને લગ્ન વિચ્છેદના કિસ્સાઓને રોકવા પ્રયત્નશીલ બનવાના પ્રયાસોની જરૂરીયાત પર ભાર મુકેલ હતો. અંતમાં તેમણે રાયપુર મધ્યે આયોજીત અધિવેશનમાં પધારવા સૌ બહેનોને નિમંત્રણ આપેલ હતું. ઓનલાઇન મીટીંગનું સંચાલન અને આભારદર્શન ભુજથી મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણે કરેલ હતું.

– શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી

## છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા છત્તીસગઢ પ્રાદેશિક સમિતિની વાર્ષિક બેઠક તા. ૧-૧૨-૨૦૨૪ના રોજે રાયપુર ઘટકના આંગણે રાખવામાં આવેલ હતી. જેમાં છત્તીસગઢ પ્રાદેશિક સાથે છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ અને છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળની સંયુક્ત બેઠક રાખવામાં આવેલ હતી. આ બેઠકમાં છત્તીસગઢ પ્રાદેશિકના અંતર્ગત વિભિન્ન ઘટકોથી સર્વે પદાધિકારી બહેનો સાથે સર્વે ઘટકના મહિલા મંડળના પ્રમુખ અને મંત્રીશ્રીઓ ઉપસ્થિત હતા. બેઠકમાં સર્વ પ્રથમ રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મનિષાબેન યોગેશભાઇ સોલંકી દ્વારા છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડનું સમ્માન શાલ અને શ્રીફળ દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ નીતાબેન દ્વારા ઉદ્‌બોધનમાં પ્રાદેશિકની સર્વે પદાધિકારી બહેનોનું પરિચય આપી પ્રાદેશિક દ્વારા એક વર્ષમાં જે પણ કાર્ય થયા છે તેની જાણકારી આપવામાં આવેલ. અંતમાં રાયપુર ઘટકનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. સાથે બપોરે રાયપુર ઘટક દ્વારા સ્વાદિષ્ટ ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

## બિલાસપુર મહિલા મંડળ

બિલાસપુર મહિલા મંડળની મીટીંગ તા. ૧૯-૯-૨૦૨૪ના સમાજ ભવનમાં રાખવામાં આવેલ. હોસ્ટ દ્વારા પ્રભુ પ્રાર્થના, મંત્રી મીનાબેન ચૌહાણ દ્વારા મિનિટ્સ વાંચન બાદ પંચ્યુલીટી અને બે ગેમ હોસ્ટે રમાડી વિજયી થયેલ બહેનોને પ્રમુખ શ્રીમતી ભારતીબેન રાઠોડે પુરસ્કાર વિતરણ, સ્વલ્પાહાર, રાષ્ટ્રગાન કરી સહુ છુટા પડ્યા હતા.

હંમેશની જેમ આ વર્ષે પણ રામદેવપીર ઉત્સવ, નવરાત્રી ઉત્સવ સમાજ ભવનમાં ઉજવવામાં આવેલ. મહિલા મંડળ દ્વારા તા. ૫-૧૦-૨૦૨૪એ જોડી-રાસ કમ્પીટીશનનું આયોજન કરેલ. જેમાં પ્રથમ ખુશાલીબેન જેઠવા + પૂર્વીબેન ચૌહાણ, દ્વિતીય – કવિતાબેન ચૌહાણ + ખુશભાઇ ચૌહાણ, તૃતિય –





નીધીબેન ચૌહાણ + ખ્યાતિ ચૌહાણ વિજય થયા હતા. અષ્ટમી નવરાત્રીમાં આરતીની થાળી સજાવો પ્રતિયોગીતા રાખેલ. જેમાં પ્રથમ પ્રીતીબેન ચૌહાણ, દ્વિતીય - દિવ્યાબેન ટાંક, તૃતિય - મુસ્કાન ચૌહાણ રહેલ.

તા. ૨૧-૧૦-૨૦૨૪ના મહિલા મંડળ દ્વારા અન્નકુટ તૈયાર કરી સફાઇ કર્મચારી, સ્વીપર લોકોને દાન કર્યું હતું. માસીક મીટીંગમાં શ્રીમતી રશ્મીબેન ચૌહાણે મોલ્ટેડ બાઉલ બનાવતા શીખવાડ્યું જે દિવાળીમાં બહેનોને ઉપયોગી નિવડે તે સાથે બે ગેમ રમાડી હોસ્ટ દ્વારા સ્વલ્પાહાર કરી પ્રમુખે હોસ્ટનો આભાર વ્યક્ત કરી વિજયી થયેલ બહેનોને ઇનામ આપી રશ્મીબેનને પણ સન્માન રૂપે પૌધો આપ્યો હતો.

રાષ્ટ્રગાન કરી સહુ છુટા પડ્યા હતા. દિવાળી બાદ આવલા નવમીના પિકનીકનું મહિલા મંડળ આયોજન થયું હતું. તા. ૧૯-૧૧-૨૦૨૪ની માસીક મીટીંગ સમાજ ભવન પ્રમુખ શ્રીમતી ભારતીબેન રાઠોડના નેતૃત્વ હેઠળ આયોજીત કરી હોસ્ટ દ્વારા પ્રભુ પ્રાર્થના, બે ગેમ રમાડવામાં આવી હતી. ગત મીટીંગનું વાંચન, સ્વાદીષ્ટ નાસ્થા બાદ વિજયી થયેલ બહેનોને ઇનામ, રાષ્ટ્રગાન બાદ સહુ છુટા પડ્યા હતા.

## રાયપુર મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર મહિલા મંડળના નવનિર્વાચીત પ્રમુખ શ્રીમતી મનિષાબેન યોગેશભાઇ સોલંકી દ્વારા પ્રમુખ બનવા પશ્ચાત પહેલી મીટીંગ તા. ૧૩-૧૧-૨૪ના રોજે સમાજ ભવનમાં રાખવામાં આવેલ. સાથે સ્નેહમિલન પણ રાખવામાં આવેલ. પ્રભુ પ્રાર્થનાથી મીટીંગની શરૂઆત કરેલ. મીટીંગમાં મંડળની ૧૦૫ જેટલી બહેનોની ઉપસ્થિતિ હતી. સર્વ પ્રથમ પ્રમુખશ્રી દ્વારા ૨૦૨૪ થી ૨૦૨૬ સુધીની કારોબારી ટીમનું ગઠન કરવામાં આવેલ. પોસ્ટ સાથે બધાને કામ સોંપવામાં આવેલ.

તા. ૩૦-૧૧-૨૦૨૪ના બીજી મીટીંગ રાખવામાં આવેલ. જેમાં પુના ઘટકથી પધારેલ ન્યાયપંચના મેમ્બર હર્ષાબેન ધર્મેન્દ્રભાઇ વરૂ સાથે જામનગર (સિક્કા)ના ઉપપ્રમુખ કવિતાબેન નવીનભાઇ યાદવ ઉપસ્થિત હતા. મનિષાબેન સોલંકી, પૂનમબેન ટાંક દ્વારા પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કરવામાં આવેલ. રાયપુર મધ્યે શ્રીમદ્ સમુહ ભાગવત, અધિવેશન, સગપણ સંમેલન માટે મંડળની બહેનોને કામ સોંપવામાં આવેલ. હાઉઝી ગેમ, અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા.



સત્ર ૨૦૨૪-૨૦૨૬ રાયપુર મહિલા મંડળ આ મુજબ છે. પ્રમુખ - શ્રીમતી મનિષાબેન યોગેશભાઇ સોલંકી, સલાહકાર - શ્રીમતી પૂનમબેન મુકુંદભાઇ ટાંક, સંરક્ષકશ્રીઓ - શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા, શ્રીમતી નિર્મલાબેન શશીકાન્તભાઇ ચાવડા, નલીનીબેન ગુણવંતભાઇ ટાંક, ઉપપ્રમુખો - શ્રીમતી કનકબેન જયંતભાઇ ટાંક, શ્રીમતી જયશ્રીબેન ભરતભાઇ ચાવડા, શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડ, મહામંત્રી - શ્રીમતી કલ્પનાબેન રાજેશભાઇ પરમાર, મંત્રીઓ - શ્રીમતી મીનાબેન ધીરજભાઇ ટાંક, શ્રીમતી સોનલબેન પરેશભાઇ રાઠોડ, શ્રીમતી સ્મિતાબેન વિનોદભાઇ ટાંક, કોષાધ્યક્ષ - શ્રીમતી વંદનાબેન નરેશભાઇ વાઢેર, સહમંત્રી - શ્રીમતી દીપાબેન ગિરધરભાઇ સોલંકી, સહ કોષાધ્યક્ષ - શ્રીમતી સુનિતાબેન પ્રદીપભાઇ પરમાર, શ્રીમતી આરતીબેન નાગેશભાઇ ટાંક, શ્રીમતી હર્ષિદાબેન દિનેશભાઇ ટાંક.

## કાગજનગર રેબેના મહિલા મંડળ





કાગજનગર-રેબેના ઘટકમાં તા. ૮ નવેમ્બર-૨૦૨૪ના રોજ પૂજ્ય શ્રી જલારામબાપા જયંતિ તથા મહાપ્રસાદનું આયોજન સમાજ ભવનમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની જવાબદારી શ્રી ભુપેન્દ્રભાઇ વરૂ તથા ઘનશ્યામભાઇ વરૂ અને તેમના પરિવારના સભ્યોએ લીધેલ તેમજ ઘટકના મંત્રી શ્રી હરેશભાઇ લીલાધરભાઇ રાઠોડના નિવાસ સ્થાનેથી જલારામબાપાનો ફોટો વાજતે ગાજેત સમાજ ભવનમાં લઇ આવેલ અને બધા સાથે હર્ષ ઉલ્લાસ-આનંદથી પૂજ્ય જલારામબાપાના ભજન, આરતી કરીને પ્રસાદ ગ્રહણ કરેલ.

એજ પ્રમાણે તારીખ ૧૪ નવેમ્બર-૨૦૨૪ના રોજ કાગજનગર સ્થાને તુલસી વિવાહ કાર્યક્રમ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ. સમાજના સર્વે ભાઇ-બહેનો સારા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમના આયોજનની જવાબદારી શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ટાંક તથા શ્રી મુકેશભાઇ પુરૂષોત્તમભાઇ ટાંક અને શ્રીમતી રશ્મિબેન ચૌહાણ તથા પરિવારના સર્વ સદસ્ય લીધેલ. ઘટકના મંત્રી શ્રી હરેશભાઇ લીલાધરભાઇ રાઠોડના નિવાસ સ્થાનેથી કાનાની જાન વાજતે-ગાજતે સમાજ ભવનમાં આવેલ.

મહિલા મંડળની સર્વે બહેનોએ તુલસીજીના લગ્ન ગીત ગાયા, આરતી કરી, મહાપ્રસાદ સર્વે પ્રેમથી લીધેલ તેમજ રેબેના સ્થાને તા. ૧૫ નવેમ્બર-૨૦૨૪ના રોજ તુલસી વિવાહ તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી ઘનશ્યામભાઇ વિજયભાઇ ચાવડા તથા તેમના કાર્યકારી સદસ્ય મળીને એકબીજાના સહયોગ સહકારથી રેબેના માતાજીના મંદિરમાં કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ. સર્વના સહયોગ સહકાર પ્રેમ લાગણીને ભાવના સાથે આ કાર્યક્રમને સફળતાપૂર્વક મનાવવામાં આવેલ.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ



હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક દ્વારા તા. ૨૩-૧૧-૨૦૨૪, શનિવારના દિવાળી સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળ દ્વારા બહેનો માટે નારિયલ સજાવટ પ્રતિયોગીતા, બાળકો માટે ફેન્સી ડ્રેસ પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. પાંચથી આઠ વર્ષના બાળકો માટે થીમ હતી. પૃથ્વીના પંચતત્વ આકાશ, વાયુ, જલ, અગ્નિ અને પૃથ્વી. ૭ થી ૧૨ વર્ષના બાળકો માટે થીમ કમ્પ્યુટીની હેલ્પર. ઇન્જીનિયર, ડૉક્ટર, વકીલ વગેરે. ચોવીસ બહેનો અને બાળકોએ ખુબજ મહેનત અને ઉત્સાહ સાથે આ પ્રતિયોગીતામાં ભાગ લીધો હતો.

બધા પ્રતિયોગી અને વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવેલ. આ પ્રતિયોગીતાના પ્રાયોજક શ્રીમતી રીતાબેન અને વિનોદભાઇ યાદવ, ધ્રુવ એન. ચાવડા, શ્રીમતી વંદના વી. ચાવડા, શ્રીમતી પુષ્પા એચ. ચાવડા હતા. મહિલા મંડળ દ્વારા લક્કી ડ્રોનું આયોજન પણ કરવામાં આવેલ હતું. ટ્રોલી સૂટકેસ, પ્રેસ આદી ૧૦ પ્રાઇઝ હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૨૬ બાળકો, ભાઇઓ-બહેનોએ પ્રસ્તુતિ આપી. ઘટક દ્વારા વિશેષ યોગ્યતા વાળા અને કક્ષા ૧ થી ૧૦ સુધીના બાળકોનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું હતું. સરસવતી સન્માન સ્વ. રમેશચંદ્ર અને દયાગૌરી ચાવડાની સ્મૃતિમાં મોનિકા કે ખોડિયાર દ્વારા કરાયેલ.

## સિંગભૂમ પ્રા.મહિલ મંડળ





આ વર્ષે ચાઇબાસા ઘટક દ્વારા એવા વિરલા વ્યક્તિત્વોનું બહુમાન કરવામાં આવ્યું જેમના હૃદયમાં પરોપકાર વસે છે. ચાઇબાસાના કોઇપણ ઘરે જ્યારે પરલોકગમનની કડકડતી પડે ત્યારે તેઓ નિ:સ્વાર્થ ભાવથી એ પરિવાર સાથે ઉભા રહે છે. સંપૂર્ણ ચાઇબાસા સમાજ શ્રી મોહનભાઇ ચૌહાણ, શ્રી અરૂણભાઇ રણછોડભાઇ પરમાર તથા શ્રી રાજેશભાઇ પલનને નમન કરે છે, વંદન કરે છે અને ઇશ્વરથી પ્રાર્થના કરે છે કે તેઓને આ પરોપકારનો બદલો ખુશીરૂપે અવશ્ય આપે. સિંગભુમ પ્રાદેશિક પ્રમુખ કલવિકાબેન રાઠોડે આ કાર્યક્રમના સંયોજીકા અંજુબેન રાઠોડને આવા પાવન વિચારના આયોજન તથા સંચાલન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## ગાંધીધામ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળની મીટીંગ પ્રમુખ શ્રીમતી મોનાબેન નીતિનભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને તારીખ ૨૭ -૧૧ -૨૦૨૪ના રાખવામાં આવેલ હતી. સૌપ્રથમ સિલ્વર આર્ક ગ્રુપ દ્વારા આજના સમયના અનુરૂપ એક સરસ મજાનું નાનકડું નાટક કરવામાં આવ્યું પછી ગ્રુપ દ્વારા આમંત્રિત ડોક્ટર દિપાલીબેન રાઠોડ દ્વારા (૧)સ્ત્રીત્વને સમજીએ એક દીકરીથી માની સફર (૨)પીસીઓડી (૩)મોનોપોઝ (૪) સર્વાઇકલ કેન્સર અંગે બહેનોને જીવનમાં ખૂબ જ જરૂરી અને ઉપયોગી માર્ગદર્શન આપ્યું અને બહેનોના મૂંઝવતા પ્રશ્નોનો પણ એમને ખૂબ જ સુંદર રીતે જવાબ આપ્યા, ૯૦ જેટલી સંખ્યામાં બહેનોએ આ પ્રોગ્રામમાં ભાગ લઈ એમનો લાવો લીધો પછી ડોક્ટર દિપાલીબેનનું સાલ ઓઢાડીને સન્માન કર્યું અને એમનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યાર બાદ ગેમ રમાડી અને ગરમાગરમ નાસ્તો લઈ બધાય છુટા પડ્યા હતા.

## આદિપુર મહિલા મંડળ



આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટી તા. ૨-૧૧-૨૦૨૪ના સમાજ ભવન મધ્યે ઉર્મિલાબેન ટાંકે ગોઠવેલ હતી. પ્રભુ પ્રાર્થના બાદ, અખિલ ભારતીય લેવલે નિબંધ સ્પર્ધા અને ડ્રોઇંગ સ્પર્ધામાં ભાગ લઇ વિજેતા થનાર તેમજ ભાગ લીધેલ વ્યક્તિઓનું અભિવાદન કરવામાં આવેલ. વેલકમ ડ્રીંક્સ અને એક મિનિટ ગેમ રમાડેલ હતી. પ્રથમ કિર્તીબેન પઢિયાર અને બીજા નંબરે નીતાબેન ટાંક આવેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ રમેલ અને ફોટા પાડેલ. ત્યાર બાદ અલ્પાહાર કરી સૌ છુટા પડેલ. આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટી તા. ૧૯-૧૧-૨૦૨૪ના રોજ વંદનાબેન ચૌહાણના ઘરે રાખેલ હતી. નવા વર્ષના બધા મળેલ હતા. પ્રભુ પ્રાર્થના બાદ ડ્રો અને હાઉઝી ગેમ રમેલ. એક મિનિટ ગેમનું આયોજન કરેલ હતું. લક્કી ગેમ રાખેલ હતી. તેમાં પ્રથમ કલાબેન ચાવડા અને બીજા નંબરે તૃપ્તીબેન વાઢેર આવેલ હતા. વંદનાબેન તરફથી તેમને ઇનામ આપવામાં આવેલ. અનિતાબેન ટાંકે ‘જલનેતી’ માટેનું માર્ગદર્શન પુરૂ પાડેલ. તેના ફાયદા વિષે જણાવેલ તેમજ ડેમો પણ બતાવેલ. ત્યાર બાદ અલ્પાહાર આરોગી સૌ છુટા પડેલ.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ



પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696

વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com



યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.

## અ.ભા.યુવા મહામંડળની શૈક્ષણિક સમિતિ દ્વારા ચાલો ગુજરાતી શીખીએ-૨.૦નું આયોજન થયું

ચાલો ગુજરાતી શીખીએ ૨.૦ નું આયોજન તા. ૧૫/૦૮/૨૦૨૪ થી દર શનિવાર અને રવિવારના રાતે ૮.૦૦ વાગ્યા થી અખિલ ભારતીય યુવા મહામંડળના ઑફિસિયલ યૂટ્યુબ ચેનલ ઉપર કરવામાં આવેલ હતું. જેમાં મહાસભાની અભિલાષા સમિતિની સહકારિતા હતી અને મુખ્ય પ્રાયોજક રૂપે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર - માધાપરએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કચ્છ દેશના ૨૨ શિક્ષા મહર્ષિઓએ પોતાના જ્ઞાનથી વિવિધ વિષયો ઉપર ખુબજ સારી, સરળ ભાષામાં ભણાવવાનું સફળ પ્રયાસ કર્યું. આ કાર્યક્રમ દરમ્યાન આપણા ગામો, કુળદેવી, ત્યાંના આપણા વડવાઓ દ્વારા બનાવેલ વિવિધ સ્મારકો, શાળાઓ, વાડીયો, કુપો આદિ અને ઈતિહાસ ઉપર પણ જાણકારી આપવામાં આવેલ હતી.

માતૃભાષાને શીખવું એ અગત્યનું કાર્ય છે એ માની ને યુવા મહામંડળની શૈક્ષણીક સમિતિ દ્વારા આનું આયોજન સમગ્ર ભારત વર્ષમાં વસતા સર્વે ભાઈઓ, બહેનો માટે કરેલ હતી જેનું સારું પ્રતિસાદ પણ મળેલ હતું. હજી પણ જે લોકો આ તક ચૂકી ગયા હોય તેઓ યૂટ્યુબના યુવા મહામંડળના પેજમાં જઈ લાભ લઈ શકે છે.

સમસ્ત કાર્યક્રમ નું સંચાલન યુવા મહામંડળ ઉપપ્રમુખ તથા સમિતિ કોર્ડીનેટર દાનિશ કમલેશભાઈ રાઠોડ, ગોંદિયા દ્વારા કરવામાં આવેલ હતું, સાથે જ મહાસભા ઉપપ્રમુખ તથા અભિલાષા સમિતિ પ્રભારી શ્રી વિનોદભાઈ ચૌહાણના માર્ગદર્શન અને ટેકનિકલ ટીમના સર્વે સભ્યો પૂજનભાઈ રાઠોડ - વડોદરા, ઉમંગભાઈ ચૌહાણ - નાગપુર, કેતનભાઈ રાઠોડ - ગોંદિયા, આદર્શભાઈ ચૌહાણ - અમદાવાદનું ખૂબ સહયોગ મળ્યો.

સાથેજ સંપર્ક સારથીઓ એ પણ પોતાની ફરજ સુંદર રીતે બજાવી હતી. જેમાં ડો. હલ્લાશભાઈ ચૌહાણ - દુર્ગ, યાશિકાબેન ટાંક - આદિપુર, ભાવિકાબેન જેઠવા - જબલપુર, ડિમ્પલબેન ટાંક - સિવની હતા. શિક્ષકોની સમસ્ત ટીમ જેમાં પિયુષભાઈ ટાંક સર, ઉમેશભાઈ ચૌહાણ સર, રમેશભાઈ ચૌહાણ સર, ઉમંગભાઇ પરમાર સર, ડોક્ટર અશોક પરમાર, અંકિતભાઈ ચૌહાણ સર, ભાવિકભાઈ ચૌહાણ સર, કૌશિક ભાઈ પરમાર સર, સુરેશભાઈ પરમાર સર, રસીલાબેન પરમાર મેડમ, મીનાબેન ચૌહાણ મેડમ, ભાવનાબેન ચૌહાણ મેડમ, દર્શનાબેન ટાંક મેડમ, નૈયા બેન પરમાર મેડમ, પૂજાબેન પરમાર મેડમ, રીંકુબેન ચૌહાણ મેડમ, દિપ્તીબેન ચૌહાણ મેડમ, જ્યોતિબેન રાઠોડ મેડમ, ગીતાબેન ચૌહાણ મેડમ, ભાવનાબેન ચૌહાણ મેડમ, વૈશાલીબેન વેગડ મેડમ, જયશ્રીબેન ચૌહાણ મેડમ નું સમાવેશ હતું.

આ કાર્યક્રમ ને હજી રસપ્રદ બનાવવા માટે ક્વિઝનું પણ આયોજન કરવામાં આવેલ હતું, ઘણા શિક્ષકો દ્વારા સારી ટેકનોલોજી સાથે તાલમેલ કરીને સારામાં સારું એપિસોડ તૈયાર કરેલ હતો. આ કાર્યક્રમમાં વિશેષ આશિષ સમાજ રત્ન શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી એ આપેલ હતું સાથેજ તેમના સુપુત્ર તથા યુવા મહામંડળ ના ઉપપ્રમુખ મોહિતભાઇ સોલંકીનું પણ સારો સાથ સહકાર રહ્યો. યુવા મહામંડળ ના મહામંત્રી હેતુલ ભાઈ જેઠવા નું પણ યોગદાન રહ્યું સાથેજ વરિષ્ઠ મહામંત્રી પ્રતિકભાઈ ટાંક, મહામંડળ પ્રમુખ ગૌરવભાઇ ટાંકનું સાથ સહકાર બરાબર મળતો રહ્યો હતો.

## માધાપર યુવા મંડળ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર યુવા મંડળ દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આશરે ૧૮૦ જેટલા બાળકોનું નામ લખી સમાજવાડીમાં મહિલા મંડળ તથા યુવતી મંડળ દ્વારા બાળકોને પરફોમન્શ શીખાડવામાં આવતા જે બાળકો નવરાત્રીમાં પરફોર્મ કરતા. ટોટલ ૩ ગ્રુપમાં બાળકોને વિભાજીત કરવામાં આવેલ હતા. બાળકોને પ્રોત્સાહિત કરવા માટે રોજ દાતાઓ તરફથી ઇનામો આપવામાં આવતા. છેલ્લા દિવસે ગ્રામજનો તરફથી જે સહયોગ આપવામાં આવેલ હતો તે ભેગા કરી અને મોટું ઇનામ આપવામાં આવેલ હતું.

રોજ નવા નવા ગીતા ઉપર બાળકો પરફોર્મન્સ રજુ કરતા હતા. જેમાં ગણપતિ બાપાના ગીતો, રાધાકૃષ્ણ, એક દિવસ દેશ ભક્તિના ગીતો ઉપર પરફોર્મન્સ તૈયાર કરેલ હતું. નવરાત્રીનું ડેકોરેશન યુવા મંડળના ભાઇઓ દ્વારા કરવામાં આવ્યું હતું. નવરાત્રીમાં અલગ-અલગ દાતાઓ તરફથી સહયોગ મળ્યો હતો. જેમાં મુખ્ય પ્રાયોજક મહાસભાના પ્રમખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી તરફથી રૂા. ૭૧,૦૦૦નું યોગદાન મળ્યું હતું તથા મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ડૉ. મનોજભાઇ સોલંકી તરફથી રૂા. ૧૧,૦૦૦નું યોગદાન મળ્યું હતું. આયોજન સફળ બનાવવા માટે ઘટક, મહિલા મંડળ અને યુવતી મંડળ સાથે રહી અને આયોજન સફળ બનાવ્યું હતું.

માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલા એ આયોજનની બિરદાવ્યું હતું. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક તથા મહિલા મંડળના હોદ્દેદારો તરફથી બાળકોને પરફોર્મન્સ માટે તૈયારીમાં મદદરૂપ થયા હતા તથા યુવતી મંડળના પ્રમુખ શ્રીમતી નંદીનીબેન સોલંકી તથા તેમની ટીમ તરફથી બાળકોને પરફોમન્સ માટે તૈયાર કરાવેલ હતા. મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી તરફથી આશીર્વચન આપવામાં આવ્યા હતા. યુવા મંડળના મંત્રી શ્રી પાર્થભાઇ ચાવડાએ સર્વે દાતાશ્રીઓનો આભાર માન્યો હતો. સમસ્ત યુવા મંડળ ટીમદ્વારા ખુબજ સુંદર આયોજન કરવામાં આવેલ હતું તથા રાસ માટેની ઓરકેસ્ટ્રા ટીમ આપણા સમાજના ભાઇઓ દ્વારા રોજ ઓરકેસ્ટ્રામાં રાસ રમાડતા હતા.

## પુના યુવા મંડળ



પુના યુવા મંડળ તરફથી આ વર્ષે ગણપતિ ઉત્સવમાં નાના બાળકો માટે સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. ૧ થી ૫ વર્ષનું એક ગ્રુપ તથા ૬ થી ૧૦ વર્ષ સુધીના બાળકોનું બીજું ગ્રુપ હતું. બાળકોને ફેન્સી ડ્રેસમાં સ્ટેજ પર આવી સંસ્કૃતમાં શ્લોક બોલવાનું હતું. સ્પર્ધામાં ઉર્ત્તિણ થયેલ બાળકોને નવરાત્રી ઉત્સવના પ્રોગ્રામ વખતે બક્ષીસ વિતરણ કરવામાં

આવેલ. ૬ થી ૧૦ના ગ્રુપમાં (૧) ઉદિતી સુવિલભાઇ ચાવડા (૨) શાનવી દ્રુપ્રેશભાઇ વરૂ (૩) વિહાન આશિષભાઇ ચૌહાણ તેમજ માહિરા ચૌહાણને પ્રોત્સાહનરૂપે બક્ષીસ આપવામાં આવેલ. નાના ગ્રુપમાં (૧) ફલક પ્રતિકભાઇ ચાવડા (૨) પ્રિશા ઉદયભાઇ ચૌહાણ (૩) કિયાન સુરેશભાઇ રાઠોડને આપવામાં આવેલ. કાર્યક્રમને યશસ્વી કરવા માટે યુવક મંડળના પ્રમુખ શ્રી પ્રિયેશભાઇ મહેન્દ્રભાઇ સોલંકી તથા સૌ. નેહલબેન અભિષેકભાઇ ચૌહાણ તથા યુવા મંડળના અન્ય સાથીઓએ સારો સાથ આપી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા



શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય - કુકમાના સત્ર ૨૦૨૪ થી ૨૦૨૭ના સત્ર માટે નીચે પ્રમાણેના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવેલ છે. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - પ્રમુખ, શ્રી જેઠાલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર - ચેરમેન, શ્રી પ્રફુલચંદ્ર કર્મસિંહભાઇ ટાંક - સલાહકાર પ્રમુખ, શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ - ઉપપ્રમુખ, શ્રી પ્રભુલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર - ઉપપ્રમુખ, શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર - ઉપપ્રમુખ, શ્રી રમેશચંદ્ર રણછોડભાઇ ચૌહાણ - મંત્રી, શ્રી અનિલભાઇ ધનજીભાઇ ચૌહાણ - કોષાધ્યક્ષ, શ્રી મોહનલાલભાઇ કુંવરજીભાઇ ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક, શ્રી રસીકલાલભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ - સહમંત્રી, શ્રી ઉમંગભાઇ મુકુન્દભાઇ પરમાર - સહમંત્રી, અનસુયાબેન જેરામભાઇ પરમાર - સહ વ્યવસ્થાપક.

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા તથા શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય-કુકમાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી-માધાપરએ તા. ૨૦-૧૧-૨૦૨૪ના રોજ તેમનો ૬૯મો જન્મદિવસ કન્યા છાત્રાલય-કુકમાની દિકરીઓ સાથે સાદગી પૂર્ણ રીતે મનાવેલ હતો. આ સમારોહમાં તેમના નાનાભાઇ અને મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી તથા કુકમા ઘટકના પ્રમુખ શ્રી કેતનભાઇ ચૌહાણ ઉપસ્થિત રહી તેઓશ્રીને શુભેચ્છા પાઠવેલ હતી. આ પ્રસંગે તેમના ધર્મપત્ની નીતાબેન, સુપુત્ર મોહીતભાઇ તેમજ તેમના પરિવારજનો ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં તેમના તરફથી છાત્રાલયની તમામ દિકરીઓને રૂા. ૧૧૦૦ની રોકડ ભેટ તથા શાલ, છાત્રાલયના સ્ટાફ દરેકને રૂા. ૨૧૦૦ની રોકડ ભેટ તથા શાલ, છાત્રાલયના ગૃહમાતાને રૂા. ૫૧૦૦ની રોકડ ભેટ તથા શાલ તથા છાત્રાલયને રૂા. ૧૧૦૦૦નો ચેક અર્પણ કરી શુભેચ્છા મેળવેલ હતી. કન્યા છાત્રાલય વતીથી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનભાઇ ચૌહાણે તેઓશ્રીને સમગ્ર છાત્રાલય પરિવાર વતી શુભેચ્છા પાઠવી હતી. છાત્રાલયના કોષાધ્યક્ષ શ્રી અનિલભાઇ ચૌહાણ, સહમંત્રીઓ શ્રી રસિકભાઇ ચૌહાણ, ઉમંગભાઇ પરમાર, સહવ્યવસ્થાપક શ્રીમતી અનસુયાબેન પરમાર, શ્રી નલીનભાઇ પરમાર, શ્રીમતી ઉષાબેન ચૌહાણ, શ્રીમતી ભાનુબેન પરમાર, શ્રી ઉમેશભાઇ ચૌહાણ તથા સંચાલન સમિતિના સભ્યો શ્રી રવીભાઇ ચૌહાણ તેમજ શ્રીમતી શોભનાબેન ટાંક ઉપસ્થિત રહેલ હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણે અને આભારવિધી સહમંત્રી ઉમંગભાઇ પરમારે કરેલ હતી. આયોજનને સફળ બનાવવા યોગેશભાઇ ટાંક, વિપુલભાઇ ચૌહાણ, હંસાબેન વાઘેલા છાત્રાલયના સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવેલ હતી.

# ધાણેટી ખાતે આપણા સમાજના સુરાપુરા દાદાના સ્થાનકે હવન યોજાયો



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના શૂરવીરોના પાળીયા ધાણેટી ખાતે આવેલા છે. આ સ્થળનો ઇતિહાસ એવો છે કે સમાજના લોકો સૌરાષ્ટ્રમાંથી ૧૨૩૪માં ૨૩ અવટંકોમાં જ્ઞાતિબંધુઓ ધાણેટી આવી વસ્યા હતા. એક સમયે ધાણેટી કચ્છની રાજધાની હતી. ધાણેટીમાં સને ૧૯૬૩માં ગાયનું ધણ લૂંટી જવાની ટોળકી સાથે ધર્મ યુદ્ધમાં ત્યારના કચ્છના રાજા સાથે તમામ કોમના લોકો સાથે જોડાઇ સમાજના વડવાઓ વીરગતિ પામ્યા હતા.

હાલમાં આ સ્થળે સોલંકી, પરમાર, રાઠોડ, ચૌહાણ, યાદવ વગેરે નુખના પાળીયા પર મંદિરો બાંધવામાં આવેલા છે તથા સેવા પૂજા કરવામાં આવે છે. છેલ્લા ૧૪ વર્ષથી કારતક વદ ૧૪ના દિવસે હવનનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તે મુજબ આ વર્ષે પણ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના મુખ્ય આર્થિક સહયોગ તથા માર્ગદર્શન અને સહકારથી કરવામાં આવેલ હતું.

હવનમાં શ્રી જયમિતભાઇ મનોજભાઇ સોલંકી - માધાપર, શ્રી મેહુલભાઇ કેશવજીભાઇ રાઠોડ - માધાપર, શ્રી ભૂમિતભાઇ નલિનભાઇ પરમાર - કુકમા, શ્રી મનોજભાઇ કાર્તિકભાઇ ચૌહાણ - રેહા સજોડે બેઠા હતા. શાસ્ત્રોક્ત વિધી માધાપર સમાજના ગોર શ્રી પરેશભાઇ ત્રિવેદીએ કરાવેલ હતી. આ પ્રસંગે ધાણેટી ગામના પ્રાથમિક શાળાના બાળકોને પ્રસાદ તેમજ ગામની ગાયોને ચારો આપવામાં આવેલ. આ અવસરે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી અને સમાજના ગોર શ્રી પરેશભાઇનું બહુમાન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે શ્રી માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલા, કુકમા ઘટકના પ્રમુખ શ્રી કેતનભાઇ હરિરામભાઇ ચૌહાણ સહીત સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. આગામી વર્ષે તા. ૧૯-૧૧-૨૦૨૫ના આયોજન થશે. હવનમાં બેસવા માટે માધાપર સમાજના ભાઇઓનો સંપર્ક કરવા વિનંતી છે. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શ્રી શાંતિલાલ ઓધવજીભાઇ ચૌહાણ, શ્રી જયંતિલાલ મુળજીભાઇ રાઠોડ, શ્રી ભરતભાઇ શાંતિલાલ રાઠોડ, શ્રી પાર્થ ભરતભાઇ ચાવડા, શ્રી ધનરાજ દયારામ રાઠોડ, શ્રી આશુતોષ દીપકભાઇ ચૌહાણ, શ્રી અરૂણભાઇ જીવરામભાઇ ટાંક, શ્રી હરિલાલભાઇ પરસોત્તમભાઇ ચૌહાણ, શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ રાઠોડ, શ્રી પાર્થ નરસિંહ રાઠોડ, શ્રી યાજ્ઞિકભાઇ રમેશભાઇ ચૌહાણ તથા શ્રી જગમાલભાઇ મુળજીભાઇ રાઠોડ, સન્માન કાર્યક્રમનું સંચાલન માધાપર યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડે કરેલ હતું.



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - વડોદરા ઘટક

સહ વીર્યં કરવાવહૈ

## હાર્દિક અભિનંદન



‘ઘટક રત્ન’
**શ્રી જગદીશભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ**
**વડોદરા**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા ઘટકની તારીખ ૨૨/૯/૨૦૨૪ની સામાન્ય સભામાં **‘ઘટક રત્ન’** તરીકેનું બહુમાન પ્રાપ્ત થવા બદલ તેમજ તારીખ ૧૦/૧૧/૨૦૨૪ના રોજ દિવાળી સ્નેહમિલનના દિવસે **‘ઘટક રત્ન’** તરીકે વિભૂષિત થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ...





‘ઘટક સંરક્ષક’
**શ્રી ગોરધનભાઈ શામજીભાઈ ચૌહાણ**
**વડોદરા**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા ઘટકની તારીખ ૨૨/૯/૨૦૨૪ની સામાન્ય સભામાં **‘ઘટક સંરક્ષક’** તરીકેનું બહુમાન પ્રાપ્ત થવા બદલ તેમજ તારીખ ૧૦/૧૧/૨૦૨૪ના રોજ દિવાળી સ્નેહમિલનના દિવસે **‘ઘટક સંરક્ષક’** તરીકે વિભૂષિત થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ...

**વડોદરા ઘટકના દરેક સભ્ય આપ બંનેનો સમાજ પ્રત્યેનો પ્રેમ અને સમાજસેવાની લાગણીને વંદન કરી અભિનંદન પાઠવે છે.**

:: શુભેચ્છક વડોદરા ઘટકના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો ::

**શ્રી પ્રભુલાલભાઈ ભવાનજીભાઈ રાઠોડ** – પ્રમુખ
**શ્રી તુષારભાઈ મોહનલાલભાઈ ચૌહાણ** – મંત્રી
**શ્રી અમૃતલાલભાઈ અરજણભાઈ ટાંક** – ખજાનચી
**ડૉ. જયંતકુમાર દયારામભાઈ પરમાર** – કારોબારી સભ્ય
**શ્રી કમલભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ** – કારોબારી સભ્ય
**શ્રી હરિભાઈ મોરારભાઈ પરમાર** – કારોબારી સભ્ય
**શ્રી ચંદ્રકાન્તભાઈ હિરજીભાઈ ચાવડા** – કારોબારી સભ્ય

**શ્રી કુમારભાઈ શરદભાઈ ચૌહાણ** – ઉપપ્રમુખ
**શ્રી દિલીપભાઈ કેશવજીભાઈ ટાંક** – સહમંત્રી
**શ્રી દિનેશભાઈ મૂળજીભાઈ પરમાર** – આંતરીક ઓડીટર
**શ્રી અશ્વિનભાઈ પ્રતાપભાઈ સોલંકી** – કારોબારી સભ્ય
**શ્રી જયંતભાઈ વલમજીભાઈ સોલંકી** – કારોબારી સભ્ય
**શ્રી દિનેશભાઈ અમરશીભાઈ ચૌહાણ** – કારોબારી સભ્ય
**શ્રી ચંદનભાઈ હેમરાજભાઈ રાઠોડ** – કારોબારી સભ્ય

**તેમજ સમસ્ત વડોદરા ઘટકના સદસ્યગણ**

# ॥ જીવેત શરદઃ શતમ્ ॥






## શ્રદ્ધેય ડાઈબેન જીવણભાઈ ચૌહાણ (બા)




"તમે આપણા પરિવારના આધાર સ્તંભ છો. તમે માત્ર એક વડીલ જ નથી જેને અમો જોઈએ છીએ પણ વાત્સલ્ય, સહાનુભૂતિ અને સંસ્કારોનું વહેતું ઝરણું સમાન છો. આપે ઘણા ઉતાર-ચઢાવ, સારા-નરસા સમયમાંથી પસાર થયા છો, બા તમારી છત્રછાયા સદાય પરિવાર ઉપર રહે...

આપનો ૧૦૦મો જન્મ દિવસ ઉજવતા અમો હર્ષ અને ગૌરવ અનુભવીએ છીએ... શ્રીરાજ શ્યામાજી આપને નિરોગી, સ્વસ્થ અને આનંદદાયક દિર્ઘઆયુષ્ય આપે એજ અભ્યર્થના..."

**:: પરિવારજનો ::**

ગં.સ્વ. ભાનુબેન – વૃજલાલભાઈ જીવણભાઈ ચૌહાણ (પુત્ર–પુત્રવધુ)

અ.સૌ. મંગળાબેન – યુવરાજભાઈ જીવણભાઈ ચૌહાણ (પુત્ર–પુત્રવધુ)

અ.સૌ. મીનાબેન – મહેન્દ્રભાઈ જીવણભાઈ ચૌહાણ (પુત્ર–પુત્રવધુ)

બિલાસપુર (છ.ગ.)

**ગં.સ્વ. પુષ્પાબેન રમેશભાઈ ટાંક – મુંબઈ (દિકરી–જમાઈ)**

# હાર્દિક અભિનંદન









મૂળ કુંભારીયાના હાલે આદિપુર નિવાસી શ્રી ચંદ્રકાન્તભાઈ જયંતિલાલ સોલંકી (પ્રમુખશ્રી આદિપુર ઘટક) તથા અ.સૌ. ચેતનાબેન ચંદ્રકાન્તભાઈ સોલંકીની સુપુત્રી

**ચિ. ઉર્જા** (કેલિફોર્નિયા, U.S.A.)

ના શુભ લગ્ન

**ચિ. સિદ્ધાર્થ** (કેલિફોર્નિયા, U.S.A.)

મૂળ કુકમાના હાલે સિકંદરાબાદ નિવાસી શ્રી યોગેશભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર (પ્રમુખશ્રી હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક) તથા અ.સૌ. રીટાબેન યોગેશભાઈ પરમારના સુપુત્ર સાથે તા. ૦૬-૧૨-૨૦૨૪, શુક્રવારના રોજ સિકંદરાબાદ મધ્યે ખૂબજ ધામધૂમથી સંપન્ન થયા છે...
નવદંપતિને ખૂબ ખૂબ અભિનંદન સહ આશિર્વાદ...



સ્વ. રતનબેન જ. ચૌહાણ



સ્વ. જયરામભાઈ ડી. ચૌહાણ

# સમાજ ગૌરવ

## હાર્દિક અભિનંદન



## ચિ. અદિત્ય જગદીશ ચૌહાણ

**ચૌહાણ (બિટકો) પરિવારનું ગૌરવ**

નાસિકરોડ યુવક મંડળ ના પ્રમુખ
શ્રી. જગદીશભાઈ હીરાલાલભાઈ ચૌહાણ
તથા શ્રીમતી સુવર્ણાબેન જગદીશભાઈ ચૌહાણ
ના સુપુત્ર

**ચિ. અદિત્ય જગદીશભાઈ ચૌહાણ એ**

હાલ મા
North Carolina State University (U.S.A.) માં
Master in Financial Mathematics 98.5%
મળેલ છે.
University of Nottingham (U.K.) માંથી
B.Eng. Hons Aerospace Engineering કર્યું છે.
CFA-Level 1 (Chartered Financial Analyst)
Exam માં 89 percentile મળેલ છે.

શૈક્ષણીક કારર્કીદીની આ સફળતા સમસ્ત સમાજ,
કુટુંબ તથા મિત્ર વર્તુળ માટે ગૌરવ ગાથા છે.
ભવિષ્યમાં આવી રીતે નવા સોપાન સર કરી
જીવનના દરેક ક્ષેત્ર માં પ્રગતિ કરતા રહો
તેવી અતઃ કરણપુર્વની શુભકામનાઓ...

## શુભેચ્છુક પરિવારજનો :-

દાદા - શ્રી. હિરાલાલભાઈ જયરામભાઈ ચૌહાણ
મોટા પપ્પા - શ્રી. નટવરલાલ હિરાલાલભાઈ ચૌહાણ
(ઝોનલ પ્રમુખ, મહારાષ્ટ્ર, ગુજરાત)
મોટા પપ્પા - શ્રી. મોહનભાઈ હિરાલાલભાઈ ચૌહાણ
ફઈ - સૌ. કિનાબેન કેતુલભાઈ કોન્ટ્રક્ટર

દાદી - સૌ. ઈંદિરાબેન હિરાલાલભાઈ ચૌહાણ
મોટા મમ્મી - સૌ. ગીતાબેન નટવરલાલ ચૌહાણ
(અખીલ ભારતીય મહિલા મંડળ પ્રમુખ)
મોટા મમ્મી - સૌ. મીનલબેન મોહનભાઈ ચૌહાણ
ફઈ - સૌ. કંચનબેન પરેશભાઈ ચૌહાણ

**તથા સમસ્ત બિટકો પરિવાર**

## હાર્દિક અભિનંદન



### સાહિલ અમિતભાઈ વરૂ

શ્રી ચાવલ માતાજીની અસીમ કૃપાથી અને પરિવાર જનોના આશીર્વાદથી **ચિ. સાહિલ અમિતભાઈ વરૂ**એ ડિપ્લોમા ઈન કમ્પ્યુટરની પરીક્ષામાં **૯૪.૦૫%** સાથે પાસ કરી સમસ્ત **ભુજ પોલિટેકકિ કોલેજમાં દ્વિતીય ક્રમાંક** મેળવીને સમસ્ત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિ કરતા રહો તેવી અંતરની શુભકામના સહ આશીર્વાદ...

**શુભેચ્છક પરિવારજનો :-**

ગં.સ્વ. સીમાબેન અમિતભાઈ વરૂ (માતા-પિતા)
શ્રી પ્રભુલાલભાઈ વ્રજલાલભાઈ વરૂ (દાદા)
સ્વ. ભાનુબેન પ્રભુલાલભાઈ વરૂ (દાદી)
ગં.સ્વ. બિંદિયાબેન રાજેશભાઈ ગોહિલ (ફઈ-ફુઆ)
ચિ. અભિષેક રાજેશભાઈ ગોહિલ (ભાઈ)
શ્રી કાંતિભાઈ પચાણભાઈ ચૌહાણ (નાના)
શ્રી ભવાનભાઈ ધરમશીભાઈ વેગડ (મામા)
પરિવાર તરફથી હાર્દિક શુભકામના...

## હાર્દિક અભિનંદન





સુંદરગઢ (ગળપાદર) નિવાસી અ.સૌ. અરૂણાબેન તથા
શ્રી રસિકભાઈ મનજીભાઈ ચાવડાના સુપુત્ર

# ચિ. પ્રવિણ

નું શુભ વેવિશાળ

# ચિ. ઈષા

રાયપુર (અંજાર) નિવાસી અ.સૌ. લીનાબેન તથા
શ્રી સુરેશભાઈ રતિલાલભાઈ જેઠવાની સુપુત્રી

સાથે તા. ૦૯-૦૬-૨૦૨૪ના શુભ દિને સંપન્ન થયેલ છે.
તેમને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ...

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Rahul Rathod


| | |
|---|---|
| **Father** | **: Kaushal Rathod** |
| **Mother** | **: Laxmi Rathod** |
| Date of Birth | : 05-02-1991 |
| Time | : 11.50 pm |
| Place | : Raipur (C.G.) |
| Mataji | : Kumbhariya - Chamunda Maa |
| Complexion | : Wheatish |
| Height | : 5'11" |
| Education | : B.A. Puruing |
| Job | : Government Job.<br>Abaakari Rakshak at<br>Exise Department Bhilwara,<br>Govt. of Rajasthan |
| **Brother** | **: 1 Married** |
| **Sister** | **: 1 Married** |
| **Mosad** | **: Leeladhar Taunk - Anjar** |
| Address | : Kutchi ka Bag, Srinagar Road,<br>Madar, Chungi, Ajmer |
| **Contact No.** | **: 7698659871**<br>**: 9214955211** |



## Rahul Parmar

| | |
|---|---|
| Date of Birth | : 21-11-1995 |
| Time of Birth | : 03:47 am |
| Place of Birth | : Jabalpur |
| Zodiac Sign | : Libra (Tula) Mangal : No |
| Gotra | : Bharadwaj |
| Kuldevi | : Shree Momai Mataji |
| Native Place | : Kukma |
| Height | : 5'9 Feet Blood Group : B +tive |
| Education | : B.Com., PGDM Finance |
| Occupation | : Accounts Payabel Analyst at Davies Shared Services (India) Pvt. Ltd. Pune |
| Salary | : 9.95 LPA |
| **Father** | **: Mr. Bhoopendrakumar Parmar** |
| Job | : MPSEB, Jabalpur |
| **Mother** | : **Mrs. Leena Parmar** - Homemaker<br>Mo. 9300116364 |
| **Elder Brother** | : **Tarun Parmar (Married)**<br>Data Content Researcher at<br>Morningstar Pvt. Ltd. (Mumbai) |
| **Sister in Law** | : **Ruchita Parmar**<br>Sr. Data Research Analyst at<br>Morningstar Pvt. Ltd. (Mumbai) |
| **Grand Father** | **: Lt. Amritlalbhai Parmar** |
| **Grand Mother** | **: Lt. Rambhaben Amritlal Parmar** |
| **Mosad** | **: Mr. Rameshkumar Taunk (Nana)**<br>**Mrs. Kundanben Taunk (Nani) Bhilai** |
| Address | : 1027, "Bhanukunj", Yadav Colony,<br>Jabalpur (M.P.) |
| **Contact No.** | **: 9300116364 (Mother)**<br>**9425188796 (Father)** |

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Dhaval Chawda

Date of Birth : 09-12-1991
Place of Birth : Galpadar (Gandhidham)
Height : 6 Feet
Qualification : B.Com., Inter CA,
Pursuing CA Final
Occupation : Accounts Manager Export Co.
Income : 5.50 Lacs per annum.
Hobbies : Wildlife Photography
(InstaID : Dhaval_chavda___)
**Father : Deepakbhai Jayantilal Chavda**
Occupation : Painter
**Mother : Chhayaben Dipakbhai Chavda**
(House wife)
**Sister : Tamanna Dipakbhai Chavda**
Occupation : Staff Nurse
**Mosad : Gordhanbhai Hirjibhai Chauhan**
Anjar
**Mansukhbhai Hirjibhai Chauhan**
Madhapar
**Hasmukhbhai Hirjibhai Chauhan**
Anjar
Mo. No. : 9016744381 (Mother)
9978005543 (Father)
9033198943 (Self)
Address : Opp. Old Post Office, Galpadar,
Gandhidham (Kutch)



## Bhupesh Taunk

D.O.B. : 14/09/1994
Birth Place : Durg
Birth Time : 00:05 am
Blood Group : B+
Height : 5.6Ft.
Education : B.Sc. Agriculture
Occupation : Farmer
Income : 12 to 15 Lk Year
Gotra : Sounak
Native Place : Nagalpar
Kuldevi : Maa Brahmani Maa
**Grand Father : Lt. Dhanjibhai Taunk**
**Grand Mother : Lt. Jayaben Taunk**
**Father : Shri Dilip Taunk**
Occupation : Farmer
**Mother : Smt. Babita Taunk** (Housewife)
**Sister : Mrs. Jagriti Chawda**
**Ben Patel : Mr. Sagar Chawda**
Address : Vill & Po. Temri Durg (C.G.)
E-mail : bt.btaunk@gmail.com
**Contact : Wp No. 9981614624**
**Cl No. 8965837787**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૬/૧૨/૧૯૫૮

## સ્વ. પ્રભુલાલભાઈ ધારશીભાઈ પરમાર

દેશમાં ગામ : લોહારીયા, હાલ મુકામ : પરલીવૈજનાથ (મહારાષ્ટ્ર)

સ્વર્ગવાસ
૪/૧૧/૨૦૨૪

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે.
તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાનેઅમો દિપાવીશું.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અને સદ્‌ગતી પ્રદાન કરે અને મોક્ષ આપે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

ગં.સ્વ. પ્રિતીબેન પ્રભુલાલભાઈ પરમાર – ધર્મપત્નિ

સ્વપ્નિલ પ્રભુલાલભાઈ પરમાર – પુત્ર
નિશાબેન સ્વપ્નિલભાઈ પરમાર – પુત્રવધુ
ડેનિશ સ્વપ્નિલભાઈ પરમાર – પૌત્ર
વિહાન સ્વપ્નિલભાઈ પરમાર – પૌત્ર

દિલ્હી

ઋષિભાઈ મોહનલાલભાઈ સોલંકી – જમાઈ
અ.સૌ. પૂર્વીબેન ઋષિભાઈ સોલંકી – પુત્રી
હિરેન ઋષિભાઈ સોલંકી – દોહિત્ર
રિયા ઋષિભાઈ સોલંકી – દોહીત્રી

મોરબી (ગુજરાત)

કપિલભાઈ ગોવિંદભાઈ ટાંક – જમાઈ
અ.સૌ. અનુરાધાબેન કપિલભાઈ ટાંક – પુત્રી
હેત કપિલભાઈ ટાંક – દોહિત્ર
આરના કપિલભાઈ ટાંક – દોહિત્રી

ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)

મનિષભાઈ ધારશીભાઈ પરમાર – નાનાભાઈ
અ.સૌ. મીનાબેન મનિષભાઈ પરમાર – ભાભી

શ્રીરામપુર (મહારાષ્ટ્ર)

સ્વ. રમેશભાઈ હેમરાજભાઈ ગોહિલ – બનેવી
સ્વ. લીલાબેન રમેશભાઈ ગોહિલ – બહેન

ગાંધીધામ (ગુજરાત)

ધનશ્યામભાઈ છગનભાઈ રાઠોડ – બનેવી
અ.સૌ. લીનાબેન ઘનશ્યામભાઈ રાઠોડ – બહેન

માધાપર (ગુજરાત)

રાજેન્દ્રભાઈ ત્રિકમજીભાઈ ટાંક – બનેવી
અ.સૌ. નીતાબેન રાજેન્દ્રભાઈ ટાંક – બહેન

## સમસ્ત પરમાર પરિવાર (પરલીવૈજનાથ)

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## કચ્છ પ્રાદેશિક સમિતિ





તા.૨૪.૧૧.૨૦૨૪ ના રોજ  કચ્છ પ્રાદેશિક સમિતિની પ્રતિનિધિઓની એક મીટીંગ કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુલાલભાઈ શામજીભાઈ ચૌહાણના અધ્યક્ષ પદે અને આપણી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરષોત્તમભાઈ સોલંકીજીની ગરિમામય ઉપસ્થિતિમાં, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રેહા ઘટકના સ્નેહમય આમંત્રણથી સમાજરત્ન સ્વ.શ્રી હિરજીભાઇ ખીમજીભાઈ ચૌહાણ સમાજભવન - રેહા મુકામે આયોજિત કરવામાં આવેલ. મીટિંગનું સંચાલન કરતા કચ્છ પ્રાદે.સમિતિના મહામંત્રી શ્રી અનિલભાઈ ધનજીભાઈ ચૌહાણ દ્વારા સભામાં ઉપસ્થિત મહાસભાના હોદ્દેદારશ્રીઓ,પ્રાદેશિક સમિતિના સભ્યશ્રીઓ, સમાજની અન્ય સંસ્થાઓના હોદ્દેદારશ્રીઓ, તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત પ્રાદેશિક સમિતિના દરેક ઘટક માથી ઉપસ્થિત રહેલ પ્રમુખશ્રીઓ/મંત્રીશ્રીઓ, પ્રતિનિધિશ્રીઓ અને અન્ય આમંત્રિત મહાનુભાવો તેમજ રેહા સમસ્ત ગ્રામજનોનું પ્રાદેશિક સમિતિવતિથી હૃદયપૂર્વક હાર્દિક સ્વાગત કરવામાં આવેલ હતું. મંચપર ઉપસ્થિત મહાસભાના પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પી. સોલંકી, કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખશ્રી બાબુલાલભાઈ શામજીભાઈ ચૌહાણ, મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ પી. સોલંકી, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ ડી.વેગડ, ઉપપ્રમુખ શ્રી બ્ર.કુ. બાબુભાઈ અરજણભાઇ પરમાર, અ.ભા.મહિલા મંડળના સલાહકાર પ્રમુખ અમિતાબેન સોલંકી, કચ્છ મહિલા પ્રાદેશિકના પ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખો શ્રી જયસિંહભાઈ પરમાર, શ્રી કિશનભાઈ રાઠોડ, શ્રી રાજેશભાઈ ટાંક, મહામંત્રીશ્રી અનિલભાઇ ચૌહાણ, મંત્રીશ્રીઓ રમેશચંદ્ર ચૌહાણ, પ્રકાશભાઈ ચૌહાણ, કોષાધ્યક્ષ રાકેશભાઇ ટાંક તથા આજની સભાના ભોજનના દાતા શ્રી અરુણભાઈ નરોત્તમભાઈ ચૌહાણ તેમજ મંચ પર ઉપસ્થિત મહાનુભાવો ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી સભાની શરૂઆત કરવામાં આવેલ. બાદ રેહા ઘટકની બાળાઓ દ્વારા સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવેલ જેને તાળીઓના ગળગળાટ વડે વધાવી લઈ, બંને બાળાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. ત્યારબાદ સમુહમાં શ્રીરામ ભગવાનની સ્તુતિ ગાન પણ કરવામાં આવેલ. આમ ભક્તિભાવ પૂર્વક સભાની શરુઆત કરવામાં આવેલ હતી.

રેહા ઘટકના મંત્રી શ્રી દિલીપભાઈ ચૌહાણ દ્વારા રેહા ઘટકને આંગણે પધારેલ તમામ મહાનુભાવોનો શાબ્દિક સ્વાગત અને પ્રમૂખશ્રી પ્રકાશભાઈ પી.ચૌહાણ તથા રેહા ઘટકના/મહિલા મંડળ/યુવા મંડળના હોદેદારો દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું ફૂલહાર તથા સાલ વડે સ્વાગત સન્માન કરવામાં આવેલ હતુ. રેહા ઘટક તરફથી તાજેતરમાં નવ નિર્વાચિત મહાસભા પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પી સોલંકી, કચ્છ પ્રાદે.પ્રમુખશ્રી બાબુલાલભાઈ ચૌહાણ તથા મહિલા પ્રાદે.પ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ અને યુવા પ્રાદે.ના પ્રમુખશ્રીનુ પ્રશસ્તિ પત્ર અને ફુલહાર, શાલ વડે સ્વાગત સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ એજન્ડા મુજબ કાર્યવાહીની શરૂઆત કરવામાં આવેલ. સ્વાગત અને શ્રદ્ધાંજલિ બાદ ગત મીટિંગની મિનિટસનું વાચન પ્રા. સમિતિના મંત્રી શ્રી રમેશચંદ્ર આર.ચૌહાણ દ્વારા કરવમાં આવેલ જે સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ બાદ હિસાબોની રજૂઆત કોષાધ્યક્ષ રાકેશભાઇ વી.ટાંક દ્વારા કરવામાં આવેલ જેને પણ સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યા હતા.

કચ્છ પ્રાદેશિક સમિતિના મહામંત્રી શ્રી અનિલભાઈ ડી ચૌહાણ દ્વારા કચ્છ પ્રાદેશિકનો છેલ્લા છ માસ દરમ્યાનનો

અહેવાલ રજૂ કરવામાં આવેલ એજ રીતે મહિલા પ્રાદેશિક સમિતિનો અહેવાલ મંત્રી શ્રીમતી કીર્તિકાબેન પરમાર તથા યુવા પ્રાદે. સમિતિનો અહેવાલ ઉપપ્રમુખ શ્રી ધર્મેશભાઇ ચૌહાણ દ્વારા સભા સમક્ષ રજુ કરવામાં આવેલ હતો. કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટકોમાંથી પધારેલ ઘટક પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓ દ્વારા પણ પોતાના ઘટકોના અહેવાલોની રજૂઆત કરવામાં આવેલ. ત્યારબાદના એજન્ડા મુજબ મહાસભાની આગામી બેઠક માં રજુ કરવાના થતા સૂચન /સુજાવો કે જે લેખિત સ્વરૂપે પ્રાદેશિક સમિતિને પ્રાપ્ત થયેલા, તેની રજૂઆત કરવામાં આવેલ જે અંતર્ગત માધાપર ઘટકના પ્રતિનિધિ શ્રી હિરેનભાઈ ચૌહાણ એ ત્રણ સુજાવ રજુ કરેલ, ગાંધીધામ ઘટક વતીથી એમના મંત્રી જયેશભાઈ પરમાર દ્વારા અને ભુજ ઘટકના પ્રતિનીધી શ્રી વિનોદભાઈ ચૌહાણ તરફથી સુઝવોની રજૂઆત કરવામાં આવેલ આ તમામ સુચન/સુઝાવ મહાસભાને લગતા હોઇને મહાસભાને મોકલી આપવામાં આવેલ. ત્યારબાદના એજન્ડા મુજબ કચ્છ પ્રાદેશિકમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ ,શ્રી મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી માધાપર કે જેઓને ગૂજરાતના મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યુવા ઉદ્યમી એવોર્ડ થી સન્માનીત કરવામાં આવેલ છે. શ્રીમતી નિપાબેન દિનેશભાઈ રાઠોડ કુંભારીયા કે જેઓને દિલ્હી ખાતે કેન્દ્રના આરોગ્ય મંત્રીના હસ્તે નર્સિંગ ક્ષેત્રે સેવા સન્માન એનાયત કરવામા આવેલ છે.તેમજ શ્રી નરેન્દ્રભાઇ વાઘેલા માધાપર જેઓ છેલ્લા છ વર્ષથી સમાજમા નિયમિત દરરોજ યોગના માધ્યમથી સેવા કરે છે અને રાષ્ટ્રિય સ્તરે મેરીટ યોગ પ્રશિક્ષણ મેળવેલ છે. આ તમામને રાજ્ય કે રાષ્ટ્રીય લેવલે મેળવેલ ઉપલબ્ધિ બદલ મંચસ્થ મહાનુભાવોના વરદહસ્તે વિશિષ્ટ સન્માન કરી સમગ્ર સમાજબંધુઓના તાળીઓના ગડગડાટથી એમનું ફુલહાર,મોમેન્ટો અને સાલ વડે સન્માન કરવામાં આવેલ હતુ.

આ ઉપરાંત તાજેતરમાં કચ્છ પ્રાદેશિકમાં નવા નિમાયેલ ઘટક પ્રમુખશ્રીઓના પરિચય આપી તેઓને પણ સન્માનીત કરવામાં આવેલ હતા. પ્રમુખશ્રીની અનુમતી થી થયેલ રજૂઆતમાં જે જે રજૂઆતો આવેલ તે રજૂઆતો પર ઉપસ્થિત મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ પી સોલંકી દ્વારા પ્રતિઉત્તર આપવામાં આવેલ હતા. પ્રાસંગિક ઉદબોધનોમાં મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ પી સોલંકીએ આજની આ પ્રતિનિધિ સભાના આયોજન અંગે પોતાનો રાજીપો વ્યક્ત કરી અને આટલા નાના ઘટકમાં આ

સભા યોજવા બદલ પ્રાદેશિક સમિતિને ધન્યવાદ આપેલ ઉપરાંત મહાસભા લેવલે છેલ્લા છ માસ દરમિયાન થયેલ કાર્યવાહી બાબતે પણ સભાને વિસ્તૃત રીતે જાણકારી આપેલ અને રેહા ઘટકમાં સરસ મજાનું આયોજન કરી સ્વાગત સન્માન કરેલ એબદલ આભાર વ્યક્ત કરી, સમાજમા સંપ, સુલેહ અને સામાજિક એકતા જળવાઈ રહે એમાટે તમામ સમાજબાંધવોએ પોતાનું યોગદાન આપવું જોઈએ અને તોજ સમાજ પ્રગતિ કરી શકે એમ જણાવી ઉપસ્થિત સમાજ બાંધવાને સાથ સહકાર માટે અપીલ કરેલ.મહાસભા ઉપપ્રમુખ શ્રી બ્ર.કુ. બાબુભાઈ પરમાર એ પણ આજની સભા રેહા ઘટકમા યોજાઇ તે માટે આનંદ વ્યક્ત કરેલ અને આવા આયોજન થકી સમાજમાં સમરસતા અને શાંતિ ની અનુભૂતિ થાય છે,સંપ અને સંગઠન વધે છે એમ જણાવી પોતાના તરફથી પણ રેહા ઘટકને ૫૦૦૦/- નુ અનુદાન જાહેર કરેલ હતું.મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ એ પણ પોતાના ઘટકમાં આવી પ્રતિનિધિની સભા યોજવા બદલ ખુબઆનંદની લાગણી વ્યક્ત કરેલ અને આવા કાર્યક્રમો થકી સમાજમાં ભાઈચારો જળવાઈ રહે છે તથા નાનામોટા સમાજ ઉપયોગી કાર્યો કરવામાં ખૂબ અનુકૂળતા થાય છે. આવું વાતાવરણ ઊભું થવાથી સમાજને ખૂબ ફાયદો થાય છે જેથી ભવિષ્યમાં પણ આવા નાના ઘટકોમાં મીટીંગ યોજવી જોઈએ આજની આ સભામાં ઉપસ્થિત રહેલ તમામ મહાનુભાવો પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરેલ.મહાસભાના

ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ વેગડ દ્વારા પણ નાના ઘટકોમા મીટિંગ ના આયોજન બદલ આનંદ વ્યકત કરતા જણાવેલ કે, ભવિષ્યમા પણ પોતાના તરફથી દર મીટિંગના ખર્ચ માટે રૂ.૧૧૦૦૦/- દાનરુપે આપવામા આવશે. આથી પ્રાદેશિક સમિતિ નાના ઘટકમા આવુ આયોજન કરી શકે. આવા



આયોજનો થકી સમાજમાં ભાઈચારો અને સંગઠન જળવાઇ રહેછે.રેહા ઘટકની એક્તા અને સંગઠન બદલ ખૂબ ધન્યવાદ આપેલ. ત્યારબાદ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણે પણ  ખાસ કરીને નારી શક્તિના ઉત્થાન માટે અ.ભા. મહિલા મંડળ દ્વારા તથા પ્રાદેશિક લેવલે થતાં કાર્ય બાબતે આનંદ વ્યક્ત કરી અને નારી શક્તિ સમાજમાં દરેક ક્ષેત્રે પોતાનું યોગદાન આપવા તૈયાર છે એવી જાહેરાત કરેલ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ.  મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી વિનોદભાઈ સોલંકીજીએ આજની આ બેઠક યોજવા બદલ રેહા ઘટક ને રૂ.૧૧૦૦૦ નું રોકડ દાન આપવાની જાહેરાત કરેલ આ ઉપરાંત કચ્છ પ્રાદેશિક સમિતિ તરફથી પણ રેહા ઘટકને રૂપિયા ૫૧૦૦ રોકડ દાન આયોજન માટે આપવામાં આવેલ. આ જાહેરાતોને ગાડીઓના ગડગડાટ થી વધાવી લેવામાં આવેલ હતી મહાસભાના પ્રમુખશ્રીએ પોતાના જન્મદિવસ નિમિત્તે સમાજની વિવિધ સંસ્થાઓને રૂપિયા ૧ લાખ ૯૬ હજાર જેવી માતબર રકમનું દાન આપેલ એના ચેકનું તાળીઓના ગડગડાટ દ્વારા વિતરણ પણ  આજની આ સભામાં કરવામાં આવેલ હતું.

પોતાના ઉદબોધનમાં આદરણીય સમાજ રત્ન શ્રી વિનોદભાઈ પી.સોલંકીએ ખૂબ રાજીપો વ્યક્ત કરેલ  રેહા જેવા નાના ગામમાં એટલું સરસ મજાનું મીટીંગ નું આયોજન કરી એક ઉત્તમ દાખલો બેસાડેલ છે એ બદલ રેહા ઘટકના પ્રમુખ તથા સમસ્ત રેહા ઘટકના ભાઈઓ,બહેનો, યુવાનોને  અભિનંદન આપેલ અને પોતાનું સ્વાગત સન્માન માટે આભાર પણ વ્યક્ત કરેલ સાથે સાથે ઉપસ્થિત પ્રતિનિધિઓ તથા અન્ય આમંત્રિત મહેમાનોને સમાજમાં એકતા,સંપ, સલાહ હ્રારા સુલેહભર્યુ વાતાવરણ સતત જળવાઈ રહે તે માટે ના પ્રયત્નોમાં મહાસભા સાથે રહેવા ખાસ અનુરોધ કરેલ પોતાના તથા પોતાના પરિવાર તરફથી સમય સમયે જરૂરિયાત મંદો તથા અન્ય સંસ્થાઓને હંમેશા ઉપયોગી થવા માટે તત્પર રહે છે અને રહેશે એવી જાહેરાત પણ તેઓએ કરેલ આજના આ સુંદર વાતાવરણમાં કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી ના સ્થાનકે નતમસ્તક થઈ અને રેહા ઘટક દ્વારા જે શોભાયાત્રા તથા સન્માન કરી અને પોતાનું સ્વાગત સન્માન કરવામાં આવેલ એ બદલ ખુબ જ આનંદ વ્યક્ત કરેલ અને ભવિષ્યમાં આવા આયોજનનો નાના નાના ઘટકમાં થાય તો તમામ સમાજ બાંધવોને એ ખૂબ ઉપયોગી બની રહેશે એવી અપીલ પણ કરેલ અને ખૂબજ સરસ આયોજન બદલ કચ્છ પ્રાદેશિક સમિતિને પણ તેમણે અભિનંદન આપેલ.

અંતમાં પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુલાલભાઈ શામજીભાઈ ચૌહાણ દ્વારા પ્રસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે,પ્રાદેશિક સમિતિના નિર્ણય મુજબ હવેની તમામ પ્રાદેશિકના પ્રતિનિધિઓની બેઠક જેમ બને એમ નાના નાના ઘટકોમાં આયોજિત કરવાનો અમારો પ્રયત્ન રહેશે અને પ્રાદેશિક સમિતિ સમક્ષ જે જે પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેને જેમ બને તેમ ત્વરિત સમાધાન કરાવી અને પ્રશ્નોના નિરાકરણ માટે અમે સતત પ્રયત્નશીલ છીએ હજુ પણ કોઈપણ ઘટકોને કંઈ પણ પ્રશ્નો હોય તો અમારી સમક્ષ રજૂઆત કરશે તો અમે સમાજના અન્ય મહાનુભાવો સાથે એને સદ્ભાવના રૂપે હલ કરવાનો સતત પ્રયાસ કરશ  એવી ખાતરી આપવામાં આવેલ. આજની આ સભાના આયોજન માટે રેહા ઘટકના પ્રમુખ પ્રકાશભાઈ પી ચૌહાણને તથા ભોજનના દાતા શ્રી અરુણભાઈ એન. ચૌહાણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી ,આભાર વ્યક્ત કરેલ. કચ્છ પ્રાદેશિક ની ટીમ કચ્છના દરેક ઘટકો માટે હંમેશા પ્રયત્નશીલ છે અને રહેશે તથા કોઈપણ પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહેવાની ખાતરી આપી, આજની આ સભામાં ખાસ ઉપસ્થિત રહેલ મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઈ પી. સોલંકીજી વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ પી. સોલંકી, ઉપપ્રમુખશ્રીઓ વિનોદભાઈ એલ. ચૌહાણ, મનોજભાઇ વેગડ તથા તમામ ઘટકોમાંથી પધારેલા પ્રતિનિધિશ્રીઓ,ઘટક પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા અન્ય આમંત્રિત શ્રીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરેલ અંતમાં પ્રાદેશિક સમિતિના મંત્રી શ્રી રમેશભાઈ  ચૌહાણ દ્વારા આભાર વિધિ કરી અને રાષ્ટ્રીય ગાન સાથે સભા સમામ જાહેર કરવામાં આવેલ હતી.

## પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ

તા. ૧-૧૨-૨૦૨૪ના રોજ કટક મધ્યે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા અંતર્ગત આવતા પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્વ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઇ નાનાલાલ ટાંકની અધ્યક્ષતામાં આયોજીત આ સભામાં કટક, બ્રહ્મપુર, બાલેશ્વર, ભુવનેશ્વર તથા કેંજોરગઢ ઘટકના હોદ્દેદારોએ ભાગ લીધો હતો.





પ્રા. પ્રમુખ શ્રી દિનેશભાઇ, કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ દેવજીભાઇ ટાંક, પૂર્વ ઓડિશા પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીતાબેન પ્રકાશભાઇ ટાંક, કટક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ઇલાબેન ત્રિકમજીભાઇ ટાંક તથા અન્ય ઘટકોના હોદ્દેદારો દ્વારા દિપ પ્રજ્વલન કરી આ સભાનું શુભારંભ કરવામાં આવેલ હતું. સૌ પ્રથમ પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિના મંત્રી કેંજોગરઢ ઘટકના શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડાએ ઉપસ્થિત સૌ હોદ્દેદારોનું સ્વાગત કર્યું હતું તથા સૌનો પરિચય આપ્યો હતો. પ્રા. પ્રમુખ શ્રી દિનેશભાઇ તથા ઘટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ દ્વારા શાલ ઓઢાડી ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ કટક ઘટક પ્રમુખશ્રીએ તેમનું ઉદ્‌બોધન આપ્યું હતું. ઉપસ્થિત અન્ય ઘટકોના હોદ્દેદારોએ પણ પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા હતા તથા ચર્ચામાં ભાગ લીધો હતો. પૂર્વ ઓડિશા પ્રા. સમિતિના ઘટકોમાં કેવી રીતે ફંડ વધારવું, આજકાલ યુવાનો સમાજથી દુર થતા જાય છે, તેઓને કેવી રીતે સમાજમાં ભેળવવા તથા મહાસભાની યોજનાનો લાભ સમાજના બધા જરૂરતમંદો સુધી પહોંચાડવા, જેવા વિષયો પર ચર્ચાઓ કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌ હોદ્દેદારોએ આ ચર્ચામાં ભાગ લઇ સુઝાવો આપ્યા હતા. ત્યાર બાદ પ્રા. પ્રમુખશ્રીએ ઉપસ્થિત સર્વે હોદ્દેદારોને પોતપોતાના ઘટકોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી પોતાના ઘટકનું તથા પ્રાદેશિક સમિતિનું નામ આગળ વધારવા આહવાન કર્યું હતું. આ અવસરે કેંજોરગઢ ઘટકને પૂર્વ ઓડિશા પ્રા. સમિતિ અંતર્ગત ઘટકોમાં સર્વશ્રેષ્ઠ ઘટક તરીકે સમ્માનિત કરવામાં આવેલ હતું. ત્યાર બાદ પૂર્વ ઓડિશા પ્રા. સમિતિની કાર્યવાહક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. સભાના અંતમાં કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ એ દુરથી પધારેલ સર્વે ઘટકોના હોદ્દેદારોને આ મીટીંગમાં ઉપસ્થિત રહી તેને સફળ બનાવવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રા. મંત્રી શ્રી મનોજભાઇએ મીટીંગનું સંચાલન કર્યું હતું. આ સભાના સફળ આયોજન માટે કટક ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના સદસ્યોએ તેમનો પૂરો સહયોગ આપ્યો હતો તે બદલ સૌ હોદ્દેદારોએ તેમનો આભાર માન્યો હતો. તે પછી સૌએ સાથે મળી સ્વાદીષ્ટ ભોજનનો આનંદ માણી છુટા પડ્યા હતા. સર્વે ઉપસ્થિત સભ્યોએ આ સભાને સફળ અને ફળદાયક બનાવેલ હતી. પૂર્વ ઓડિશા પ્રા.સ. દ્વારા નીચે મુજબ કાર્યવાહક સમિતિનું ગઠન કરવામાં આવેલ હતું. પ્રાદેશિક પ્રમુખ - શ્રી દિનેશભાઇ નાનાલાલ ટાંક - કટક, ઉપપ્રમુખ - શ્રી તરૂણભાઇ નારાયણભાઇ ચાવડા - કેંજોરગઢ, મંત્રી - શ્રી મનોજભાઇ પરસોત્તમભાઇ ચાવડા - કેંજોરગઢ, સહમંત્રી - શ્રીમતી ચેતનાબેન રાઠોડ - બાલેશ્વર, સહમંત્રી - શ્રી ગૌરવભાઇ રાઠોડ - ભુવનેશ્વર, કોષાધ્યક્ષ - શ્રી હિતેશભાઇ રાઠોડ - બ્રહ્મપુર, સલાહકાર - શ્રી પ્રકાશભાઇ દેવજીભાઇ ટાંક સાથે ૭ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## ગુજરાત પ્રાદેશિક સમિતિ

ગુજરાત પ્રાદેશિક સમીતની મીટીંગ તા. ૮-૧૨-૨૦૨૪ના રોજ અમદાવાદ ઘટકના આંગણે હોટલ મેરીમેન્ટમાં યોજવામાં આવેલ હતી. જેમાં અમદાવાદ ઘટક, મહિલા મંડળ તેમજ ગુજરાત પ્રાદેશિક સમિતિમાં આવતા બધા ઘટકોએ ભાગ લીધો હતો. મીટીંગમાં બહોળી સંખ્યામાં સમાજબંધુઓ જોડાયા હતા.

મીટીંગની શરૂઆત દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવેલ. દિવંગતોની શાંતિ માટે બે મિનિટનું મૌન અને સ્વ. સરસ્વતીબેન નાનાલાલ ચોહાણ (શ્રી દીપકભાઇ ચૌહાણ ઉપપ્રમુખશ્રી મહાસભાના માતૃશ્રી)ના દુઃખદ અવસાન થવાથી શોક ઠરાવ અર્પણ કરવામાં આવેલ. ત્યાર બાદ પધારેલ

મહેમાનોનું હાર્દિક સ્વાગત કરવામાં આવેલ અને સર્વેનો પરિચય આપવામાં આવેલ. ત્યાર બાદ ગુજરાત પ્રાદેશિકના સહમંત્રી શ્રી હિતેશભાઇ ચૌહાણ દ્વારા ૨૦૨૪-૨૦૨૬ માટેની ગુજરાત







પ્રાદેશિક સમિતિની નવનિયુક્ત ટીમની નીચે મુજબની જાહેરાત કરવામાં આવેલ હતી. જે હાજર રહેલ તમામ સભ્યોએ એકી અવાજે વધાવી લીધેલ હતી.

ચેરમેન - શ્રી રાજેન્દ્રભાઇ અમૃતલાલ રાઠોડ - દમણ, ચેરમેન/મહામંત્રી - શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ - રાજકોટ, પ્રમુખ - શ્રી રસિકભાઇ હરિલાલભાઇ ચૌહાણ - ગાંધીનગર, સલાહકાર પ્રમુખો - શ્રી દિપકભાઇ નાનાલાલ ચૌહાણ - અમદાવાદ, શ્રી જગદીશભાઇ પુરૂષોત્તમભાઇ વરૂ - વડોદરા, શ્રી નરોતમભાઇ વાઘજીભાઇ જેઠવા - અમદાવાદ, વરીષ્ઠ ઉપપ્રમુખ - શ્રી પ્રભુલાલભાઇ ભવાનભાઇ રાઠોડ -



વડોદરા, ઉપપ્રમુખો - શ્રી ડૉ. અભિષેકભાઇ પરમાર - અમદાવાદ, શ્રી પ્રવિણભાઇ શિવલાલભાઇ ચૌહાણ - મીઠાપુર, મંત્રી - શ્રી તુષારભાઇ મોહનભાઇ ચૌહાણ - વડોદરા, સહમંત્રી - શ્રી હિતેશભાઇ ભરતભાઇ ચૌહાણ - અમદાવાદ, ખજાનચી - શ્રી દુર્ગેષભાઇ કાનજીભાઇ ચૌહાણ - અમદાવાદ.

ઘટકોના અહેવાલોનું વાંચન દરેક ઘટકોથી પધારેલ પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલ હતું અને ગુજરાત પ્રાદેશિકના અહેવાલનું વાંચન પ્રમુખ શ્રી રસીકભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું. ત્યાર બાદ ચેરમેન શ્રી પરેશભાઇ દ્વારા જણાવેલ કે મહાસભા દ્વારા યોજાઇ રહેલ રાયપુર અધિવેશનમાં આ વખતે ત્રિવેણી સંગમ સમા સમાજના મેળાવળામાં સગપણ સંમેલન, ભાગવત કથા અને મહાસભા દ્વારા યોજાઇ રહેલ ભવ્ય નાતેડાનું પણ આયોજન છે. તો આ ભવ્યાતીભવ્ય કાર્યક્રમમાં બધા ઘટકોને રાયપુર પધારવા આમંત્રણ પાઠવવામાં આવેલ.

ત્યાર બાદ અમદાવાદ ઘટક ભવન બનાવવા માટેની ચર્ચા કરવામાં આવેલ, જેમાં અમદાવાદના પ્રોફસર વકીલ સાહેબ શ્રી સુભાષભાઇ પુરૂષોત્તમભાઇ રાઠોડનું એક સુઝાવ આવેલ કે અગર મહાસભા આગળ આવે અને એક ટીમ બનાવે જે મહાસભાના માર્ગદર્શન હેઠળ જરૂરીયાત મુજબની જમીન લઇ આગળ વધે તો જ અમદાવાદમાં ભવન બનાવવું શક્ય છે. જેમાં અમદાવાદ ઘટક મહાસભાને દરેક સ્તરે મદદ કરે. જેની અમદાવાદ ઘટક સંપૂર્ણ જવાબદારી લઇને મહાસભા સાથે કોઓર્ડીનેટ કરીને સહકારીતાથી કરવામાં આવે તો આ કામ સરળતાથી સહયોગીતાથી થાય એમ છે. વકીલ સાહેબ શ્રી સુભાષભાઇ પુરૂષોત્તમભાઇ રાઠોડ સાહેબનો આ સુઝાવ અને સુચનને દરેકે એકી અવાજે વધાવી લીધેલ હતું.

આજની આ મીટીંગમાં સમાજ ઉત્કર્ષની ઘણી બધી વાતો

થયેલ. જેમાં શ્રી પરેશભાઇ ચૌહાણ, શ્રી રસીકભાઇ ચૌહાણ, શ્રી દીપકભાઇ ચૌહાણ, ડૉ. શ્રી અભિષેકભાઇ પરમાર, શ્રી નરોત્તમભાઇ જેઠવા, શ્રી પ્રવિણભાઇ ચૌહાણ, શ્રી સુભાષભાઇ રાઠોડ, શ્રી દયારામભાઇ રાઠોડ, શ્રી હસમુખભાઇ ટાંક, શ્રી રૂષીરાજભાઇ સોલંકી, શ્રી જયેશભાઇ રાઠોડ, શ્રી દુર્ગેષભાઇ ચૌહાણ, શ્રી હિમ્મતભાઇ યાદવ, શ્રી ચંદ્રકાન્તભાઇ ટાંક અને મહિલા મંડળના બહેનો પણ મીટીંગમાં હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરેલ હતી.

આજની મીટીંગનું સ્ટેજ સંચાલન શ્રી પરેશભાઇ ચૌહાણ અને શ્રી હિતેશભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું. આભારવિધી શ્રી રસીકભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ. આજની મીટીંગ માટેની જગ્યા અને ચા-પાણી, ભોજનની વ્યવસ્થા માટેનું માઇક્રોનિકલ આયોજન ઉપપ્રમુખ શ્રી ડૉ. અભિષેકભાઇ પરમાર સાહેબની નિગરાનીથી કરવામાં આવેલ. આજની મીટીંગના અંતમાં અજાર અને મુન્દ્રાથી પધારેલ મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા અને ઉપપ્રમુખ શ્રી ભોગીલાલભાઇ ચાવડા પણ પધારેલ હતા જેથી અચાનક મીટીંગની પૂર્ણાહુતિએ મિલનનો માહોલ છવાઇ ગયો હતો. પધારેલ સર્વે મહેમાનો અને મહાનુભાવોનો આભાર વ્યક્તિ કરી મીટીંગને પૂર્ણ થયેલ જાહેર કરેલ. અંતમાં રાષ્ટ્રગીતનું ગાન કરી મહેમાનો સાથે બપોરના ભોજનનો આસ્વાદ માણી સૌ છુટા પડ્યા હતા.

## મુંબઇ ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ ઘટકનું દિવાળી સ્નેહમિલન તા. ૦૧-૧૨-૨૦૨૪ના બોરીવલીમાં આયોજીત કરવામાં આવ્યું હતું. મુંબઇ ઘટકની પત્રિકા 'સમાજવાણી'ના ૨૫ વર્ષ પૂર્ણ 'રજત જયંતિ' તેમજ મુંબઇ ઘટક મહિલા મંડળ (પશ્ચિમ વિભાગ)ના ૫૦ વર્ષ પૂર્ણ 'સુવર્ણ જયંતિ' અને મુંબઇ ઘટક (મધ્ય વિભાગ) ૫૦મું વર્ષ શરૂ. આ ત્રિવેણી સંગમનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

ઉત્સવમાં આમંત્રીત મહેમાન 'સમાજરત્ન' અખિલ ભારતીય મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી (માધાપર), અખિલ ભારતીય મહિલા મહામંડળના આદ. પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ (નાસિકરોડ), અખિલ ભારતીય યુવા મહામંડળના આદ. પ્રમુખ શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંક (નાગપુર) પધાર્યા હતા. મહાસભાના માનદ્ સભ્ય શ્રી વિપિનભાઇ દેવરામભાઇ રાઠોડ (બેંગ્લોર), મહાસભા ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ (ગાંધીધામ), મુંબઇ પ્રાદેશિક પ્રમુખ શ્રી આ જયેન્દ્રભાઇ ગોવિંદભાઇ રાઠોડ (કલ્યાણ), મહાસભા કારોબારી સભ્ય રવિન્દ્રભાઇ જવાહરભાઇ ચૌહાણ, શ્રી દયારામભાઇ મેપાભાઇ ચૌહાણ, શ્રી વિજયભાઇ અર્જુનભાઇ ચૌહાણ - મુંબઇ, શ્રી શૈલેષભાઇ મોરારભાઇ ટાંક - મુંબઇ, શ્રી હિરાલાલભાઇ કેશવજીભાઇ ખોડિયાર - મુંબઇ, ઘટક પ્રમુખ શ્રી ગોપાલભાઇ મોરારભાઇ રાઠોડ - કલ્યાણ, શ્રી ઉત્તમભાઇ ચાવડા - નાસીક, શ્રી વિરેન્દ્રભાઇ ખીમજીભાઇ ચાવડા - પુના, શ્રી નિલેશભાઇ ભાઇલાલભાઇ રાઠોડ - કલ્યાણ ઘટક મંત્રી, વિશેષ આમંત્રીત શ્રી ચેતનભાઇ ચુનીલાલ ચાવડા - નાસીક, અ.ભા.મહિલા મહામંડળ ઝોનલ પ્રમુખ શ્રીમતી ચેતનાબેન હેમંતભાઇ ચૌહાણ - પ્રમુખ, શ્રીમતી રૂનાબેન રાજેશભાઇ ચૌહાણ - ખજાનચી નાસીકરોડ, શ્રીમતી હસ્મિતાબેન રવિભાઇ ચૌહાણ, પ્રાદેશિક પ્રમુખ પુના, શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર, મુંબઇ સલાહકાર શ્રીમતી દિનાબેન ચેતનભાઇ ચાવડા, નાસીક કા.સ. શ્રી નારાયણભાઇ ગોપાલભાઇ ચૌહાણ, શ્રી જયેશભાઇ જયરામભાઇ ચૌહાણ, શ્રી તુષારભાઇ જીવરામભાઇ ચૌહાણ, શ્રી નરેશભાઇ લક્ષ્મીચંદભાઇ ચૌહાણ, શ્રી શિરીષભાઇ વેલજીભાઇ ટાંક, શ્રી આશિષભાઇ વિજયભાઇ વેગડ, શ્રી જીતેન્દ્રભાઇ ત્રિભોવનભાઇ ચૌહાણ તથા





શ્રી રાજેન્દ્રભાઇ રતિલાલ વેગડ સર્વે મહાનુભાવો મંચસ્થ બિરાજ્યા હતા. મંચસ્થ મહાનુભાવોના હસ્તે 'સમાજરત્ન' સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણ, સ્વ. માતૃશ્રી ભાનુબેન જયરામભાઇ ચૌહાણ, સમાજ પ્રતિક વડવૃક્ષને માલા અર્પણ કરવામાં આવી હતી તેમજ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીને વંદન કરી મહાનુભાવોના હસ્તે દિપ પ્રજ્વલીત કરવામાં આવ્યું હતું.

ગણેશવંદના, પ્રભુ પ્રાર્થના, કથક નૃત્ય દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું તેમજ આભાર માનવામાં આવ્યો. ઘટકના તેમજ વિશેષ મહાનુભાવો આપણાથી લીધેલ વિદાય માટે શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. વિશેષ મહાનુભાવો 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, અ.ભા. મ.મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ, અ.ભા.યુ. મહામંડળ પ્રમુખ શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંકનું સન્માન ઘટકના વિશેષ પદાધિકારીઓના હસ્તે શાલ, મોતીની માળા, મહારાષ્ટ્રીયન પાઘડી, પુષ્પગુચ્છ, સમાજવાણી ૨૫ વર્ષ પૂર્ણ સ્મૃતિ ચિન્હ, સમાજવાણી પત્રિકા, શિવાજી મહારાજની મૂર્તિ આપી ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું. સમાજવાણી પ્રમુખશ્રી દયારામભાઇ મેપાભાઇ ચૌહાણ દ્વારા સમાજવાણી પત્રિકાના ૨૫ વર્ષ પૂર્ણ રજત જયંતીના અવસરે ૨૫ વર્ષનો ઇતિહાસ તેમજ નિ:શુલ્ક પત્રિકા, સ્પોન્સર દ્વારા સંચાલીત ઘટક તેમજ ઘટક બહાર વિતરણની જાણકારી આપી હતી. આ પત્રિકાનું વિમોચન 'સમાજરત્ન' મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના શુભ હસ્તે કરવામાં આવ્યું તેમજ તેમના સાથે મંચસ્થ મહાનુભાવોએ સાથ આપ્યો હતો. ઘટક પ્રોગ્રામમાં સાંસ્કૃતિક પ્રોગ્રામ, ગરબા વિદ્યાર્થી બાળકોને ઇનામ વિશેષ સિદ્ધી પ્રાપ્તનું સન્માન, સીત્તેર વર્ષથી ઉપરના વડીલોનું સન્માન, ઘટકમાં નવા રહેવા આવેલા વડીલોનો પરિચય અને સન્માન, મુખ્ય દાતાશ્રીઓનું સન્માન.

મહેમાનોનું સ્વાગત બે બગીમાં બેસાડી ઢોલ-શહેનાઇના સંગીતમય શોભાયાત્રા, મુખ્યદ્વાર પર મોતી કળશ બાળાઓ દ્વારા તીલક કુમકુમ અને પુષ્પવર્ષા દ્વારા કરવામાં આવ્યું. સવાર, બપોર, રાત્રીનું સ્વાદિષ્ટ ભોજનની મોજ માણી રાષ્ટ્રગીત, જય સમાજના નારા સાથે પ્રોગ્રામની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

## કુકમા ઘટક



પ્રમુખ



મંત્રી

તા. ૧૭-૧૧-૨૦૨૪, રવિવારે મળેલ ઘટકની સામાન્ય સભામાં એજન્ડા મુજબ આગામી ૨૦૨૪-૨૦૨૭ સત્ર માટે સર્વસંમતિથી ૨૧ કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ - શ્રી કેતનભાઇ હરીરામભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ - શ્રી ઉમેશભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ, મંત્રી - શ્રી દિલીપભાઇ ધીરજલાલ ટાંક, સહમંત્રી - શ્રી ઉમંગભાઇ મુકુંદભાઇ પરમાર, ખજાનચી - શ્રી નલીનભાઇ જેઠાલાલ પરમાર તથા ૧૬ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

નવનિયુક્ત પ્રમુખશ્રી કેતનભાઇ ચૌહાણએ સેવા એજ ધર્મ, સંગઠન એજ શક્તિના સૂત્રને સાથે લઇને સમાજના સર્વાંગી વિકાસ અને બાકી રહેલ કામો, બાળકો માટે સરસ્વતી સન્માન તથા વસ્તી ગણતરીના કાર્યને અગ્રીમતા આપી અને ઉપયોગી કાર્યો કરવાનું જણાવેલ હતું. આ સામાન્ય સભામાં નિવૃત્તમાન પ્રમુખશ્રી હરગોવિંદભાઇ ચૌહાણ સાથે હોદ્દેદારો, પૂર્વ ઝોનલ પ્રમુખશ્રી મુકુંદભાઇ જે. પરમાર, કચ્છ પ્રાદેશિક સમિતિના મહામંત્રી શ્રી અનિલભાઇ ડી. ચૌહાણ અને મહિલા મંડળ, યુવા મંડળ, સિનિયર સિટીઝનના ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને નવી કારોબારીને સૌએ વધાવી હતી.

રવિવાર, તા. ૮-૧૨-૨૦૨૪ના રોજ સાંજે ૩.૩૦






કલાકે ઘટક પ્રમુખ શ્રી કેતનભાઇ એચ. ચૌહાણના અધ્યક્ષ સ્થાને સમાજ ભવન મધ્યે સરસ્વતી સનમાન અને મહાસભાના પ્રમુખ સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સમાજના દાતાઓના સહકારથી નર્સરીથી માસ્ટર ડીગ્રી સુધીના ૧૫૭ બાળકોને ઇનામી ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે નાની બાળાઓના સ્વાગત ગીત અને સ્વર સાધના મ્યુઝિક ગ્રુપના ભાવેશ સોલંકી ગ્રુપ દ્વારા સરસ્વતી સાધનાથી કરવામાં આવી હતી.

કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સન્માનનીય પ્રમુખશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપરનું સન્માન કુકમા ઘટક, યુવા મંડળ, મહિલા મંડળ, યુવતી મંડળ, સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા શાલ, પાઘડી અને મોમેન્ટો દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ ગં.સ્વ. રસીલાબેન રાઠોડ, તાલુકા પંચાયત સભ્ય શ્રી જયનેશભાઇ વરૂ, મહિલા મંડળ પ્રમુખ શોભનાબેન ટાંક, યુવતી મંડળ પ્રમુખ આનંદી ચૌહાણ, યુવક મંડળ પ્રમુખ ઉત્તમ રાઠોડે હાજરી આપેલ હતી. ઘટક મંત્રી શ્રી દિલીપભાઇ ટાંકએ ઉપસ્થિત સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ. ઘટક પ્રમુખશ્રી કેતનભાઇએ પોતાના વ્યક્તવ્યમાં સેવા એજ ધર્મ - સંગઠન એજ શક્તિના સુત્રને સાર્થક કરી કાર્ય કરવાનો ભાવ રજુ કરી ભાવિ આયોજન વિશે માહિતી પૂર્ણ પાડી હતી. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇએ પોતાના વકતવ્યમાં સમાજમાં ભાઇચારાની ભાવના વધે, નાનામાં નાના લોકો સુધી સમાજ પહોંચે, સમાજ ઉત્કર્ષના કાર્યો થતાં રહે એવો ભાવ વ્યક્ત કરેલ હતો.

કાર્યક્રમમાં સમાજભવન મધ્યે નવા વાસણોની ખરીદી માટે સ્વ. પુષ્પાબેન જીતેન્દ્રભાઇ પરમારની સ્મૃતિમાં હ. જીતેન્દ્ર વલમજીભાઇ પરમાર દ્વારા રૂા. ૫૧,૦૦૦નું અનુદાનની જાહેરાત કરીને સન્માનીત કરેલ હતું. કાર્યક્રમ માટે 'સમાજરત્નશ્રી' તરફથી રૂા. ૧૧,૦૦૦, ઘટક કારોબારી સભ્યો તરફથી રૂા. ૨૨,૧૦૦ તથા અન્ય દાતાશ્રીઓ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ હતો. હાલ કુકમામાં ૧૫ જેટલા વિદ્યાર્થીઓ મેડીકલ ક્ષેત્રે ડોકટરનો અભ્યાસ કરી રહ્યા છે જે સમાજ માટે ગૌરવની વાત છે, સમાજના બાળકો ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરતા રહે તે માટે સમાજ સદાય તેમના પડખે છે તેવી પ્રતિબદ્ધતા સૌ સમાજ પ્રતિનિધિઓએ વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ શ્રી ઉમેશભાઇ ચૌહાણ, શૈક્ષણિક સમિતિ સંયોજક શ્રી પિયુષભાઇ ટાંક અને સહમંત્રી શ્રી ઉમંગભાઇ પરમાર દ્વારા કરવામાં આવેલ હતું. ખજાનચી શ્રી નલીનભાઇ પરમાર, પ્રચાર-પ્રસાર સંયોજક શ્રી અંકિતભાઇ ચૌહાણ, કપિલભાઇ ચૌહાણ, જયદીપભાઇ પરમાર, રસિકભાઇ ચૌહાણ, પિયુષભાઇ સોલંકી, ધવલભાઇ ટાંક, પંકજભાઇ ચૌહાણ, રાજેશભાઇ યાદવ, ભાવિક ચૌહાણ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપેલ હતો.

## કટક ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કટક ઘટક દ્વારા તા. ૩-૧૧-૨૦૨૪, રવિવારના નવા વર્ષના અવસરે સ્નેહમિલન તથા પ્રિતી ભોજનનું આયોજન વડીલ શ્રી કિશોરભાઇ ચાવડાના પ્રાંગણમાં કરવામાં આવેલ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઘટકના દરેક સદસ્યોએ હોંશભેર ભાગ લીધો હતો. સવારે ૧૧.૩૦ કલાકે બધાએ પ્રાંગણમાં ભેગા થઇ એકબીજાને નવા વર્ષનાં અભિનંદન પાઠવ્યા હતા. બપોરે ૧૨.૩૦ કલાકે પ્રિતી ભોજનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. બધા માટે હાઉઝીની અને રમત-ગમતની શરૂઆત કરવામાં આવેલ હતી. જેમાં વડીલોથી લઇને નાના-નાના ભુલકાઓએ પણ ભાગ લીધો હતો. વિભિન્ન છાત્રોને તેમની કક્ષામાં સારા અંકોથી ઉત્તિર્ણ થવા બદલ સમ્માનીત કરવામાં આવેલ હતા.બધાએ ભોજનનો ખુબજ





આનંદ લીધો હતો.

આ ઉપરાંત આ આયોજનને સફળ બનાવવા માટે સહયોગ આપવા બદલ સમાજના બધા સભ્યો, મહિલા મંડળના સભ્યો અને યુવા મંડળના બધા જ સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. આ અવસરે પૂર્વ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઇ નાનાલાલભાઇ ટાંક, કટક ઘટકના પ્રમુખ શ્રી પ્રકાશચંદ્રભાઇ દેવજીભાઇ ટાંક, મંત્રી - શ્રી ગિરીશભાઇ ખોડિયાર, ખજાનચી - શ્રી ભાવેશભાઇ રાઠોડ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઇલાબેન ત્રિકમજીભાઇ ટાંક, મંત્રી - શ્રીમતી પૂર્વીબેન દિપકભાઇ રાઠોડ, ખજાનચી - શ્રીમતી યશ્મિતાબેન ભાવેશભાઇ રાઠોડ, યુવા મંડળના પ્રમુખ શ્રી સિદ્ધાર્થભાઇ યોગેશભાઇ રાઠોડ, મંત્રી - શ્રી જયમીતભાઇ રાજેન્દ્રભાઇ ટાંક તથા ખજાનચી શ્રી હિતેશભાઇ કિશોરભાઇ ચાવડા પ્રાંગણમાં ઉપસ્થિત રહ્યા હતા.

## માધાપર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા આયોજીત ઠાકર મંદિર રાધે મોહનરાય ભગવાનના પાટોત્સવ નિમિત્તે ગૌકથાનું આયોજન કરવામાં આવેલ હતું. કથાના મુખ્ય યજમાન સ્વ. પુષ્પાબેન પુરૂષોત્તમભાઇ સોલંકીના સ્મરણાર્થે હસ્તે ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી હતા. કૃષ્ણ જન્મોત્સવના દાતા તથા કથાના પ્રભારી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર, ગૌ પ્રાગટ્ય ઉત્સવના દાતા ગં.સ્વ. મંજુલાબેન હરિલાલ ગોહિલ પરિવાર અને શ્રી બ્રિજેશભાઇ હરિલાલ ગોહિલ તેમજ મંડપના દાતા શ્રી બ્રહ્માકુમાર બાબુભાઇ અરજણભાઇ પરમાર રહ્યા હતા. નિવૃત્તિ આશ્રમ કુકમાના શ્રી વાસુદેવજી મહારાજ, 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તથા ઘટકના પ્રમુખ શ્રી જેન્તીભાઇ વાઘેલા તેમજ મહિલા મંડળના પ્રમુખશ્રી, યુવા મંડળના પ્રમુખ તેમજ યુવતી મંડળના પ્રમુખશ્રી દ્વારા દીપ પ્રાગટ્ય કરી કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

શ્રી વાસુદેવજી મહારાજે આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, ગૌ કથાનો શુભ અવસર માધાપર ગામે ઠાકર મંદિર રાધે મોહનરાય ભગવાનના પાટોત્સવ પ્રસંગે મળેલ છે જેનો લાભ લઇ જીવનને ધન્ય બનાવવા જણાવ્યું હતું. કથાના મુખ્ય વક્તા શ્રી કશ્યપભાઇ જોષી (મોટા ભાડીયાવાળા) હતા. કથાના પ્રધાનઆચાર્ય તરીકે સમાજના ગોર શ્રી પરેશભાઇ શાંતિલાલભાઇ ત્રિવેદીએ સેવા આપી હતી. તા. ૦૪-૧૨-૨૦૨૪ બુધવારના રોજ ગૌ પ્રાગટ્ય તથા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કથા દરમિયાન વક્તાશ્રીએ શાસ્ત્રોમાં થયેલ ગાયનું મહત્વનો ઉલ્લેખ કરી વિગતવાર સમજણ આપી હતી. વર્તમાન સમયમાં ગાયોને દુર્દશાથી બચાવવા સનાતન ધર્મપ્રેમીઓને અપીલ કરી હતી.

પ્રથમ દિવસે શ્રી મેઘજીભાઇ પટેલે ગાય વિષે વકતવ્ય આપ્યું હતું. દ્વિતીય દિવસે સમાજના લોકો દ્વારા ગાય તેમજ કૃષ્ણના વિષય આધારીત નાટકો, ગીતો તેમજ ભજનો સહિતની કૃતિઓની રજુઆત કરવામાં આવી હતી. તૃતિય દિવસે કૃષ્ણ જન્મોત્સવનું મહત્વ આર્ષ અધ્યયન કેન્દ્રના સ્વામી શ્રી પ્રદીપ્તાનંદ




સરસ્વતીજીએ સમજાવેલ હતું તેમજ ગૌ મહિમા વિષે ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ વકતવ્ય આપ્યું તું. કથાના ચોથા દિવસે ગૌ વિજ્ઞાન વિષે આયુર્વેદાચાર્ય શ્રી હિતેશભાઇ જાનીએ વકતવ્ય આપતા જણાવ્યું હતું કે, ગાયના દુધ અને ઘીનો વિવિધ રોગોમાં થતાં ફાયદાઓની સમજણ આપી હતી તેમજ લોકોના પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા. કથાના છેલ્લા દિવસે પ્રગતિબેન મહેતાનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં સ્વ. મહેશભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી (બેનામ) રચિત ગાયના ગીતો રજુ કરવામાં આવ્યા હતા.

કથા દરમિયાન સજીવ ખેતીના પ્રસંશક શ્રી વેલજીભાઇ ભૂડિયા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લા મુખ્ય સંચાલક શ્રી હિમ્મતસિંહજી વસણ, શ્રી તાલુકા પંચાયત ભુજના ઉપપ્રમુખ પ્રવિણાબેન રાઠોડ, ભૂતનાથ સેવા સમિતિના હોદ્દેદારો, આઇશ્રી દેવલમાં જીવદયા સત્સંગ સમિતિના હોદ્દેદારોએ કથામાં હાજરી આપી હતી. કથાનો બહોળી સંખ્યામાં ગૌપ્રેમી જનતાએ લાભ લીધો હતો. કથાના અંતિમ દિવસે કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સંચાલિત મંદિરોમાં પેકીંગ કરેલા પ્રસાદના વિતરણ બંધ કરવોનો સંકલ્પ કરવામાં આવ્યો હતો તેમજ ઉપસ્થિત સૌ શ્રોતાઓને કથાના ફલશ્રુતિ રૂપે ગાયમાતાને બચાવવા અનુકુળતા મુજબ સંકલ્પ લેવા માટે વિનંતી કરવામાં આવી હતી.

જયદીપભાઇ મનોજભાઇ સોલંકી તથા જયમિતભાઇ મનોજભાઇ સોલંકી પરિવાર સહિત આજીવન ગૌ વૃતિનો સંકલ્પ લીધેલ હતો તેમજ શ્રી શ્યામ મહારાજ ભાડીયાવાળા અને કુકમા ઘટકના પ્રમુખ શ્રી કેતનભાઇ હરિરામભાઇ ચૌહાણે એક વર્ષ માટે ગૌ વૃતિનો સંકલ્પ લીધેલ હતો. કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દ્વારા સમાજના ભાઇઓ દ્વારા ગાયના ચારા માટે બચત કરી ઉનાળાના સમયે ગાયોને ચારો નાખવા ગૌ ગ્રાસ ફંડનું નિર્માણ કરવા અપીલ કરાયેલ હતી. કથાના મુખ્ય યજમાન, શ્રી કૃષ્ણ જન્મોત્સવના દાતા, ગૌ પ્રાગટ્ય ઉત્સવના દાતા, મંડપના દાતા, ગાયના ચારાના દાતા, સુકા પ્રસાદના દાતા તેમજ રૂા. ૫૦૦૦ ઉપરની રકમના દાતાશ્રીઓનું શાસ્ત્રી શ્રી કશ્યપભાઇ જોષીના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. માગસર સુદ પાંચમના રાધે મોહનરાય ભગવાનના પાટોત્સવ નિમિત્તે સમાજના સમુહ પ્રસાદના દાતા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના વરદ હસ્તે મંદિરે વિષ્ણુ સહસ્ત્ર પાઠનું પઠન કરાયું હતું. શાસ્ત્રોક્ત વિધિ સમાજના ગોર શ્રી પરેશભાઇ શાંતિલાલ ત્રિવેદીએ કરાવેલ હતી. મહાઆરતી તેમજ સમાજના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથાને સફળ બનાવવા માટે કથાની વિવિધ સમિતિઓ, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપરના હોદ્દેદારો, મહિલા મંડળ, યુવા મંડળ તેમજ યુવતી મંડળે જહેમત ઉઠાવી હતી તેમજ તેઓનું સન્માન શાસ્ત્રી શ્રી કશ્યપભાઇ જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું. કથા દરમિયાનના કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી કાંતિલાલભાઇ ચૌહાણે કર્યું હતું.

## કેંજોરગઢ ઘટક



તા. ૨-૧૧-૨૦૨૪ના પળવાના દિવસે નૂતન વર્ષના અવસર પર સમાજવાડીમાં સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હતું. સાંજે ખાસ કાર્યક્રમો રાખવામાં આવેલ હતા. જેમાં કેંજોરગઢ ઘટક અંતર્ગત વસતા ૭૫ વર્ષ તથા તેની ઉપરના વડીલોને સન્માનિત કરવામાં આવેલ હતા.

સવારે ૮.૦૦ વાગ્યે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી મહેશભાઇ રતિલાલ ચાવડા દ્વારા દીપ પ્રજ્વલિત કરી આ કાર્યક્રમનું શુભારંભ કરવામાં આવ્યું હતું. સૌ સમાજબાંધવો સમાજવાડીમાં એકત્રિત થઇ એકબીજાને નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. ઉપસ્થિત સૌ સદસ્યો માટે



અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.

સાંજે ૬.૦૦ વાગ્યે ખાસ કાર્યક્રમમાં કેંજોરગઢ ઘટક અંતર્ગત વસતા ૭૫ વર્ષ તથા તેની ઉપરના ૨૬ વડીલોને સન્માનિત કરવામાં આવેલ હતા. કેંજોરગઢ સહિત બડબીલ, કરંજીઆ, અરસડા તથા આનંદપુરથી ઉપસ્થિત વડીલોને સન્માનિત કરવામાં આવેલ હતા. કાર્યક્રમનું શુભારંભ બડબીલથી ઉપસ્થિત વડીલ શ્રી ઉદયરાજ રામજીભાઇ રાઠોડ દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતું. ત્યાર બાદ મહિલા મંડળના સદસ્યોએ સ્વાગત ગીત ગાયું હતું. ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ શિવલાલ પરમાર તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજીભાઇ યાદવ દ્વારા શાલ ઓઢાડી તથા ભેટ આપી વડીલોને સન્માનિત કરવામાં આવેલ હતા.

સૌ વડીલો ખુબજ ખુશ થઇને આશિર્વાદ આપ્યા હતા. ત્યાર બાદ બાળકો, ભાઇઓ-બહેનો તથા મહિલાઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રદર્શન કરવામાં આવેલ હતું. મહિલા મંડળના કાર્યકારી સદસ્ય બડબીલના શ્રીમતી નૈનાબેન જીતેન્દ્રભાઇ રાઠોડે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનાર સૌ કલાકારોને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં સૌ સ્વાદિષ્ટ ભોજન લઇ છુટા પડ્યા હતા. આ કાર્યક્રમોનું સંચાલન મંત્રી શ્રી મનોજભાઇ પરસોત્તમભાઇ ચાવડાએ કર્યું હતું. સમાજના સૌ સદસ્યો ખુબજ ઉત્સાહથી ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તા. ૮-૧૧-૨૦૨૪ના જલારામ જયંતિ ઉપલક્ષમાં સમાજવાડીમાં ભજન-કિર્તનનું આયોજન કરવામાં આવેલ હતું. સવારે ૯.૩૦ વાગ્યે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરથી જલારામબાપાની શોભાયાત્રા નિકળી સમાજવાડી પહોંચ્યા હતા. ત્યાર બાદ ઉપસ્થિત સૌ ભક્તો દ્વારા ભજન-કિર્તન કરવામાં આવેલ હતા. બપોરે સૌ ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. સાંજે આરતી કરવામાં આવેલ હતી. ઘટકના સૌ સદસ્યો ઉપસ્થિત રહી ભજન-કિર્તન તથા મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

## કોરબા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કોરબા ઘટક દ્વારા તા. ૧-૧૧-૨૦૨૪, શુક્રવારે દિપાવલી અને પડવાનું સ્નેહમિલનનું આયોજન જલારામ મંદિર અને ગુજરાતી સમાજના હોલમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સુશ્રી નીતાબેન ગોપાલભાઇ ચૌહાણ દ્વારા ગણેશ સ્તુતિ અને શ્રીરામ સ્તુતિથી કરવામાં આવેલ. ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી રવીન્દ્રભાઇ રસીકભાઇ ટાંક દ્વારા મંચસ્થ વડીલો, મહાસભાના પદાધિકારી, કાર્યકારિણી સભ્યો અને ઘટક સભ્યોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ અ.ભા.મહાસભાના મંત્રી શ્રી સુરેશભાઇ રતિલાલભાઇ ચૌહાણે ઉદ્‌બોધન આપેલ હતું.

ઘટક તરફથી ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના ખજાનચી દ્વારા પાછલા વર્ષના લેખાજોખાની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી. સરસ્વતી સન્માનના કાર્યક્રમ દરમિયાન ઘટકના નર્સરીથી કોલેજમાં અધ્યયન કરતા સમસ્ત બાળ-ગોપાળોને

પુરસ્કાર પ્રદાન કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ વર્ષથી એક નવી પરંપરાનું પ્રારંભ કોરબા ઘટક વતી કરવામાં આવેલ. જેમાં નિવર્તમાન ઘટક પ્રમુખશ્રી સુરેશભાઇ રતિલાલભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રી લીનાબેન મનોજભાઇ ચૌહાણ અને યુવા મંડળ પ્રમુખ શ્રી અમન ભુપેન્દ્રભાઇ ટાંકને એમના ઉત્કૃષ્ટ સમાજ સેવાના કાર્યો માટે સમ્માનિત કરી તેમના કાર્યકાળમાં ઘટકને સફળ નેતૃત્વ પ્રદાન કરેલ તે બદલ એમનું આભાર વ્યક્ત કરવામાં આવેલ. ઘટક દ્વારા સમાજના સમસ્ત પરિવારોનું ઘટક વચ્ચે પરિચય અને સરખી રીતે ઓળખ થાય તે વિચારને મુરતરૂપ આપવામાં આવેલ. જેમાં બે ફ્લેકસમાં ભાઇઓ અને બહેનોના નામ સહિત પરિચય આપવામાં આવેલ.




ઉપસ્થિતો માટે સ્વરૂચી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં ઘટક મંત્રી શ્રી કૈલાશ માધવજીભાઇ ટાંક દ્વારા આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ગુલબર્ગા ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગુલબર્ગા ઘટક દ્વારા નવરાત્રી આઠમના શુભ દિવસે ઘટક પ્રમુખ પ્રફુલભાઈ મુરલીધર ભાઈ ચાવડાના અધ્યક્ષતામાં હવનનો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટાભાગે બધાએ સમલિત થઈ હવનનો લાભ લીધો તથા મહાપ્રસાદનો પણ લાભ લીધો હવન પૂજામાં બેઠેલા જોડીઓ પ્રફુલભાઈ જયશ્રીબેન ચાવડા, મુકેશભાઈ સુષ્માબેન ટાંક, સોનીતભાઇ ચિન્મયબેન ચાવડા, અંકિતભાઈ વિશાખાબેન ચાવડા, નલીનભાઈ કૃતિકાબેન ચાવડા હતા.

ત્યાર બાદ ઘટક પ્રમુખ પ્રફુલભાઈ દ્વારા શરદપૂર્ણિમાનો પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભોજન પ્રસાદની સાથે રાત્રે દૂધપોહા ખીર નો પ્રસાદ રૂપે બધાએને લાભ મળ્યો. જેમાં ઘટકના ખજાનચી મુકેશભાઈનો પૂરેપૂરો સહયોગ પ્રાપ્ત થયો અને ધીરજભાઇ ગીતાબેન પરમારનો વિશેષ સહયોગ હર કાર્યક્રમમાં પ્રાપ્ત થયો ઘટક દ્વારા એમનો આભાર માનવામાં આવેલ. ત્યાર બાદ મહિલા મંડળની બહેનો દ્વારા રાસ ગરબાની રમઝટની સાથે નવરાત્રીની ઉજવણી ખૂબ સારી રીતે કરવામાં આવી હતી.

ત્યારબાદ નવા વર્ષના સ્વાગતમાં લાગી ગયા. મહિલા મંડળ પ્રમુખ તનુજાબેન સુનિલભાઇ ચાવડાની અધ્યક્ષતામાં નવા વર્ષનું સ્નેહ મિલનની તૈયારી કરવામાં આવી જેમાં મહિલા મંડળના કાર્યવાહક બહેનો મંત્રીશ્રી સોનલબેન, ઉપપ્રમુખ ચંદ્રિકાબેન, ખજાનચી સુષ્માબેનનો સાથ સહકાર મળ્યો હતો. જેમાં. ઘટકની મહિલાઓએ પણ ખૂબ સારી રીતે સાથ આપ્યો. દિમીબેનચાવડાનો પણ સાથ મળ્યો પછી સવારના ગરમાગરમ નાસ્તાની સાથે સ્નેહમિલનની શરૂઆત કરવામાં આવેલ. ઘટકના બધા હોદ્દેદારો દ્વારા સ્નેહમિલનની આગળની કાર્યવાહી ચાલુ કરવામાં આવી. જેમાં સૌપ્રથમ હનુમાન ચાલીસાનો પાઠ, દીપ પ્રાગટય, ગણેશ વંદના, (જુહી વાઘેલા દ્વારા ) શ્રદ્ધાંજલિ જયેશ ભાઇ વરુ દ્વારા, વડીલોના આશીર્વાદની સાથે નવા હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઊપસ્થિત હોદ્દેદારો,, ઘટક પ્રમુખ પ્રફુલભાઈ ચાવડા, ઘટક મંત્રી શ્રી ચંદ્રકાંતભાઈ ચાવડા, ખજાનચી મુકેશભાઈ ટાંક,પ્રાદેશિક પ્રમુખ શ્રી પ્રદીપભાઈ ચાવડા, પ્રાદેશિક મંત્રી શ્રી જયેશભાઈ વરુ, પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ પારસભાઈ ચાવડા, પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી લલીતાબેન ચાવડા, પ્રાદેશિક મંત્રીશ્રીમતી સુષ્માબેન ટાંક, પ્રાદેશિક યુવા મંડળ મંત્રીશ્રીમતી નીતાબેન ચાવડા, ઘટક મહિલા મંડળ પ્રમુખ ને પ્રાદેશિક સાંસ્કૃતિક મંત્રી શ્રીમતી તનુજાબેન ચાવડા, મહિલા મંડળ મંત્રી

શ્રીમતી સોનલબેન ચાવડા, ઉપપ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન પરમાર, ખજાનચી શ્રીમતી સુષ્માબેન ટાંક સમલિત હતા, ત્યારબાદ ઇનામ વિતરણ થી કાર્યક્રમનું શરૂઆત કરી તેમાં બાળકોને અને અખીલ ભારતીય મહિલા મહા મંડળ દ્વારા આયોજિત નૃત્ય પ્રતિયોગિતાના વિજેતા મહિલાઓને ઇનામ દેવામાં આવ્યું હતું. ત્યાર બાદ રમતગમતની સાથે ભાઇઓને પણ ઇનામ દેવામાં આવેલ. ઘટક દ્વારા સ્વાદિષ્ટ ભોજનનો લાભ લઇ બધા આનંદથી હસતા રમતા ઘેર પરત ફર્યા હતા.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક

મોનિકાબેન કે. ખોડિયાર દ્વારા કરવામાં આવ્યું. ૨૬ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરેલ. બધાને પુરસ્કાર શ્રીમતી રીતાબેન યોગેશભાઇ પરમાર તરફથી આપવામાં આવેલ.



હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક દ્વારા તા. ૨૩-૧૧-૨૦૨૪, શનિવારના દિવાળી સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હતું. દીપ પ્રાગટ્ય પછી ઘટક પ્રમુખ શ્રી યોગેશભાઇ પી. પરમારએ નવા વર્ષની શુભકામના અને ઉદ્‌બોધન આપ્યું હતું. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી હર્ષાબેન એ. સોલંકી અને યુવા મંડળ પ્રમુખ શ્રી શરદભાઇ એસ. ચાવડા દ્વારા અહેવાલ તથા ઉદ્‌બોધન આપવામાં આવ્યું હતું.

વિશેષ યોગ્યતા ધરાવતા બાળકો, ભાઇઓ-બહેનોનું સન્માન મહાસભા ઉપપ્રમુખશ્રી સુનિલભાઇ વી. ચાવડા, શ્રી શિવભાઇ આર. ચાવડા, ડૉ. દિલીપભાઇ ટાંક, શ્રી વિનોદભાઇ વી. પરમાર અને ઘટક પ્રમુખ શ્રી યોગેશભાઇ પરમાર દ્વારા કરવામાં આવેલ હતું. ૫૦ બાળકો (ધોરણ ૧ થી ૧૦ સુધી)નું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું હતું. એના પ્રાયોજક સ્વ. રમેશચંદ્ર અને સ્વ. દયાગૌરીબેન ચાવડાની સ્મૃતિમાં શ્રીમતી



મહિલા મંડળ દ્વારા નારિયલ સજાવટ પ્રતિયોગીતા, બાળકો માટે ફેન્સી ડ્રેસ પ્રતિયોગીતા અને લક્કી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા મંડળ અને મહિલા મંડળે જમવાની પૂરી વ્યવસ્થા સંભાળી હતી. ૫૦૦ સમાજબંધુઓએ હાજરી આપી વિભિન્ન પ્રોગ્રામનો આનંદ લીધો હતો અને એકબીજાને નૂતન વર્ષની શુભકામના પાઠવતા સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી એકબીજાથી વિદાય લીધી હતી.

## જગદલપુર ઘટક

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના સ્નેહમિલનનો કાર્યક્રમ જગદલપુર ઘટક દ્વારા તા. ૧૦ નવેમ્બર-૨૪ના શગુન ફાર્મ રિસોર્ટમાં રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. ઘટકના પૂર્વ અધ્યક્ષો શ્રી હસમુખભાઇ ચાવડા, શ્રી કિશોરભાઇ ચાવડા અને વરીષ્ઠ સદસ્યોના સમ્માનની સાથે વર્તમાન અધ્યક્ષ શ્રી અશોક દેવજીભાઇ રાઠોડની અધ્યક્ષતામાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મહિલા મંડળ દ્વારા આવલા નવમીની પૂજા કરીને જગદલપુર ઘટકના વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું હતું. સારા માર્ક મેળવેલ વિદ્યાર્થીઓને ચાંદીની ચેન અને ચાંદીના સિક્કા આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મહિલા મંડળ દ્વારા રાયપુરમાં આયોજીત અધિવેશનમાં ડાન્સ પ્રોગ્રામની પ્રસ્તુતિને સમ્માનિત કરતા જગદલપુર ઘટક દ્વારા રૂા. ૧૧૦૦૦નું પ્રોત્સાહન રાશી આપવામાં આવેલ.

યુવા મંડળ દ્વારા રમત-ગમતનો કાર્યક્રમ સંચાલિત કરવામાં આવ્યો હતો અને વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા હતા. મંત્રી શ્રી સુનિલકુમાર રમણીકલાલ ટાંક દ્વારા પૂરા વર્ષના ઓડીટેડ રિપોર્ટ ઘટકના સર્વે સદસ્યો સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલ.

## બેંગ્લોર ઘટક







શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બેંગલોર ઘટક દ્વારા સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષ અનુસાર શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બેંગલોર દ્વારા વાર્ષિક સ્નેહમિલન નું આયોજન ૧૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ કરવામાં આવેલ હતું. આ અવસર પર વિભિન્ન રંગારંગ કાર્યક્રમ રાસ ગરબા, નાના બાળકો માટે કઠપૂતળી શો, કપલ ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના બાળકોમાં આધ્યાત્મ પ્રતિ રુચિ વધારવા એવમ એમનું જ્ઞાનવર્ધનના ઉદ્દેશ્યથી શ્રી કૃષ્ણના જીવન પર એક પ્રશ્નોતરી પણ રાખેલ હતી, જેમાં વિભિન્ન વયના બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો એવમ પુરસ્કાર મેળવ્યા હતા. આ અવસર પર બેંગ્લોર સમાજના સમસ્ત વરિષ્ઠ સમાજ સભ્યો ઉપસ્થિત થઈ આશીર્વાદ આપ્યા. મોટા શહેરની ભાગદોડ વચ્ચે સમાજ બંધુઓને લાઈવ સિંગર તથા બેન્ડ સાથે ગરબા રમવાનું પણ આનંદ મળ્યું. આ અવસરે આપણા સમાજના પ્રતિભાશાળી બાલકો એવમ સભ્યોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ આયોજન ની થીમ પ્રભુ શ્રીરામ પર આધારીત હતી. આ વાર્ષિક આયોજન કરતાં બેંગ્લોર સમાજ ને ૨૪ વર્ષ પૂર્ણ થયા તથા આવતા વર્ષે ૨૫મી વર્ષમાં ભવ્ય આયોજન નું લક્ષ્ય રાખવામાં આવેલ છે.

## ભોપાલ ઘટક




ભોપાલ ઘટક દ્વારા તા. ૧.૧૨.૨૪ ના રોજ શ્રી ગુજરાતી સમાજના હોલમાં ભોપાલ ઘટકની મુલાકાતે આવેલા મહાસભા ઉપપ્રમુખ તથા અભિલાષા પ્રભારી શ્રી વિનોદભાઈ ચૌહાણ, ભુજ ઘટકના સલાહકારશ્રી જયસિંહભાઇ પરમાર, હાજાપર ઘટકના પ્રમુખશ્રી નવિનભાઇ યાદવ, ગાંધીધામ ઘટકના સલાહકાર શ્રી મહેન્દ્રભાઇ પરમાર તથા સિનીયર સીટીઝન ક્લબના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઈ પરમાર તથા ગુજરાતી સમાજના નવનિયુક્ત અધ્યક્ષ સંજયભાઈ પટેલ સાથે મિલન યોજી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. શ્રી વિનોદભાઈ ચૌહાણ દ્વારા મહાસભાના વિવિધ સેવાકાર્ય, ઉદ્દેશ્યો તથા અભિલાષા સમિતી તથા સેતુ સમાજ સંદેશના પ્રકાશન બાબતે જાણકારી આપવામાં આવેલ. તેમજ ઘટકના પરિવારો સાથે વિચારોનું આદાન-પ્રદાન થયેલ. ઘટક પ્રમુખ શ્રી દેવેશભાઇ ટાંક, મંત્રીશ્રી જીતેનભાઇ ચાવડા, અગ્રણીઓ શ્રી જીતેન્દ્રભાઇ વેગડ, શ્રી દિપકભાઇ ચૌહાણ, શૂરી દિપકભાઇ ચાવડા તથા તમામ સમાજ બાંધવોના આતિથ્ય બદલ આભાર માનવામાં આવેલ હતો.

## શહડોલ ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ શહડોલ ઘટકના અંતર્ગત

આવતા શહડોલ, અનુપપુરમાં નવ વર્ષ દીપાવલીનું સ્નેહમિલન સમારોહ રાખવામાં આવેલ હતું. જેમાં મહાકૌશલ પ્રાદેશિક પ્રમુખ શ્રી લીલાધરભાઇ રતિલાલ ખોડિયારએ આ અવસરે પોતાના ઉદ્‌બોધનમાં સર્વેને નવા વર્ષની શુભકામનાઓ આપતા સમાજ પ્રત્યે લાગણી અને સમાજ સેવાના કાર્યો કરવા માટે અનુરોધ કર્યો હતો.

## અમદાવાદ ઘટક




અમદાવાદ ઘટકમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી નૂતન સ્નેહમિલન તા. ૧૦-૧૧-૨૦૨૪ને રવિવારના સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છ કડવા પટેલ સનાતન સમાજવાડી-નરોડા મુકામે રાખવામાં આવેલ. જેમાં અમદાવાદ, કલોલ, સાણંદ, નડીયાદ, હિંમતનગર, ગાંધીનગરમાં વસતા સમાજ પરિવાર સભ્યોએ મોટી સંખ્યામાં પધારી નવા વર્ષની શુભકામનાની આપ ધન્યતા અનુભવી હતી. સૌ પ્રથમ દિપ પ્રાગટ્ય સાથે પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મહિલા મંડળ, યુવામંડળ દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. યુવાનો તથા મહિલા મંડળે હોંશભેર મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ત્યાર બાદ પધારેલા સર્વેએ બપોરના સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો હતો. ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સ્નેહમિલનની સફળતા માટે જે દાતાશ્રીઓએ યોગદાન આપેલ તેઓશ્રીનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ઉચ્ચ અભ્યાસ સુધીના વિદ્યાર્થીઓને શિલ્ડ આપીને ઘટક દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું તું. વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ વિજેતાઓનું મહિલા મંડળ તથા યુવા મંડળના વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ. સૌ સમાજબંધુઓ સ્નેહમિલનમાં પધાર્યા તે સૌનો આભાર માનવામાં આવ્યો હતો. લગભગ ૭૦૦ થી વધારે સંખ્યામાં પરિવાર સાથે પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. પ્રોગ્રામના અંતે હળવા નાસ્તાની મોજ માણી સૌ છુટા પડ્યા હતા.

## અનંતની યાત્રાએ...

રાજનાંદગાંવ (ખંભરા) નિવાસી શ્રી મુલરાજભાઇ વરજાંગભાઇ ટાંક (ઉ.વ.૯૨)નું તા. ૭-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (નાગોર) નિવાસી શ્રી અમૃતલાલ કરશનભાઇ ચૌહાણ (ઉ.વ.૮૬)નું તા. ૯-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર નિવાસી શ્રી ધર્મસિંહભાઇ ધનજીભાઇ ટાંક (ઉ.વ.૮૪)નું તા. ૩-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

નાગપુર (માધાપર) નિવાસી શ્રી પ્રાગજીભાઇ ભવાનજીભાઇ વેગડ (ઉ.વ.૯૨)નું તા. ૨૦-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ભિલાઇ (સિનુગ્રા) નિવાસી શ્રી મનોહરલાલ પોપટલાલ વાઢેર (ઉ.વ.૮૬)નું તા. ૨૦-૦૯-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

રાજનાંદગાંવ (ખંભરા) નિવાસી શ્રી મુલરાજભાઇ વરજાંગભાઇ ટાંક (ઉ.વ. ૯૨)નું તા. ૦૭-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (માધાપર) નિવાસી જીગીષાબેન હિતેશભાઇ સોલંકી (ઉ.વ.૩૨)નું તા. ૧૬-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (રેહા) નિવાસી શ્રી ઇશ્વરભાઇ ગોપાલભાઇ ચૌહાણ (ઉ.વ. ૭૭)નું તા. ૨૯-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (દેવળીયા) નિવાસી શ્રી ધીરજલાલ પ્રાગજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૫)નું તા. ૮-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (સિનુગ્રા) નિવાસી શ્રી ભુપેન્દ્રભાઇ વાઘજીભાઇ રાઠોડ (ઉ.વ.૭૨)નું તા. ૨૯-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (અંજાર) નિવાસી શ્રી પ્રદીપભાઇ લાલજીભાઇ જેઠવા (ઉ.વ.૬૭)નું તા. ૦૪-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (નાગલપર) નિવાસી મંજુબેન દિલીપભાઇ જેઠવા (ઉ.વ.૭૦)નું તા. ૦૭-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

જયપુર (નાગલપર) નિવાસી શ્રી કેહુલ રમેશભાઇ ચૌહાણ (ઉ.વ.૪૩)નું તા. ૨૦-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

# ખંભરા ગામે રૂા. ૧૨ લાખના ખર્ચે ખાખચોક મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો



ખંભરા ગામે આવેલ ઐતિહાસીક શ્રી મુરલીમનોહર ખાખચોક મંદિરને ભુકંપમાં થયેલ નુકશાન બાદ ગામવાસીઓના સહયોગથી રૂા. ૧૨ લાખના ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવેલ હતો. ખાખ ચોક મંદિરના પ.પૂ. સદ્‌ગુરૂદેવ શ્રી નારાયણદાસજી મહારાજની પાંત્રીસમી પુણ્યતિથિ નિમિત્તે આયોજીત ભંડારામાં કચ્છ તથા કચ્છ બહારથી પધારેલા ૮૦ જેટલા સાધુ-સંતોનું ક.ગુ.ક્ષ. સમાજની રાષ્ટ્રિય મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી દ્વારા રૂા. ૩ લાખના ખર્ચે ફુલહાર, શાલ તથા દક્ષિણા આપીને સન્માન કરવામાં આવેલ હતું.

ભંડારાના દાતાશ્રી તરીકે મુળ ખંભરાના હાલે ભુજ નિવાસી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમારે રૂા. ૧,૫૧,૦૦૦ ની સેવા આપેલ હતી. આ પ્રસંગે ''શ્રી સદુપદેશ રત્નમાળા' પુસ્તકનું વિમોચન કરવામાં આવેલ હતું.

આ અવસરે સવારે ૯.૦૦ વાગ્યાથી મંદિર પરિસરમાં હોમ-હવન તથા પુજા-પાઠ વિધી શરૂ કરવામાં આવેલ હતી તેમજ સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી અને બ્ર.કુ. બાબુભાઇ પરમારના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. અતિથી વિશેષ મહંત શ્રી મોહનદાસજી મહારાજ, અમદાવાદ, શ્રી પવનકુમાર દાસજી મહારાજ - અમદાવાદ, શ્રી મોતીરામદાસજી મહારાજ - ભુજ અને મહંતશ્રી ત્રિકમદાસજી મહારાજ - અંજારએ આશિર્વચન પાઠવેલ હતા.

હાલના મહંતશ્રી સાકેતબિહારીદાસજી મહારાજે સૌનું સ્વાગત કરેલ હતું. સૌ. મનિષાબેન તથા બલરામભાઇ કાન્તિલાલ પરમારે હવનવિધી કરાવેલ હતી. દાતાઓ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ તથા બ્ર.કુ. બાબુભાઇ પરમારએ સનાતન ધર્મની આસ્થાના પ્રતિક સમાન મુરલી મનોહર મંદિરના થયેલ જીર્ણોદ્ધાર બદલ ગ્રામવાસીઓને અભિનંદન આપી મંદિરો સંસ્કારોનું ધામ બની રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

ખોડિયાર માતાજીના વિશાળ પ્રાંગણમાં આયોજીત સમારોહના અંતે ૧૮૦૦ જેટલા ભાવિકોએ સમુહ પ્રસાદ ગ્રહણ કરેલ હતો. જીર્ણોદ્ધાર કોન્ટ્રાકટર તરૂણભાઇ રાઠોડ દ્વારા કરવામાં આવેલ હતો. આયોજનમાં રમેશભાઇ કાન્તિલાલ પરમાર, ભરતસિંહજી, વજેસિંહજી, કલ્યાણજીભાઇ પટેલ, ધનાભાઇ આહિર તથા અમૃતલાલભાઇ ટાંકએ સહયોગ આપેલ હતો.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

## રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



### Khushboo Chawda

| | | |
|---|---|---|
| **Father** | : | **Shri Shivlal Chawda** |
| **Mother** | : | **Lt. Gunjan Chawda** |
| **Grand Father** | : | **Lt. Amrutlal Chawda** |
| **Grand Mother** | : | **Lt. Vasantben Chawda** |
| Date of Birth | : | 07/12/1994 |
| Time of Birth | : | 07:15 am |
| Place of Birth | : | Balasore (Odisha) |
| Height | : | 5 Ft. 7 Inch. |
| Weight | : | 65 Kg. |
| Blood Group | : | B+ |
| Education | : | Pursuing Ph.D. (Science) at CSIR - NBRI, Lucknow (U.P.) |
| Qualification | : | M.Phil. (Botany) |
| Father's Occ. | : | Service (L.N.Metallics, Jharsuguda, Odisha) |
| Languages Kn. | : | Gujarati, Hindi, Odia, English |
| Native | : | Deevariya |
| Kuldevi | : | Shri Brahmani/Sikotara Maa |
| Gotra | : | Kashyap |
| **Siblings** | : | **Nayan Chawda (Elder Brother)** |
| **Nana** | : | **Lt. Jethalal Chauhan** |
| **Nani Maa** | : | **Lt. Gauri Chauhan** |
| **Mama** | : | **Mahendra Chauhan - 9619665123 Bhubandswar (Odisha)** |
| **Mama** | : | **Sirish Chauhan - 9437182999 Jaleswar (Odisha)** |
| Address | : | BL-66 2nd Floor, Basanti Colony, Rourkela (Odisha) Dist. Sundergarh - 769012 |
| **Contact** | : | **9778077734, 7538079076** |
| E-mail | : | khushboochawda8@gmail.com |

|| શ્રી ગણેશાય નમઃ ||     || જય શ્રી બુટભવાની માં ||

## ખંભરાના રાઠોડ કુટુંબના કુળદેવી
## જયશ્રી બુટભવાની માતાજીનું મંદિર - ખંભરા

### ગોઠી ભાઈઓનું સ્નેહમિલન - હવનાષ્ટમી - મહાપ્રસાદ

### || શ્રી નિમંત્રણ ||



જય માતાજી સહ જણાવવાનું કે, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ખંભરાના રાઠોડ કુટુંબના કુળદેવી શ્રી બુટભવાની માતાજીના સ્થાનકે ગોઠી ભાઈઓનું સ્નેહમિલન પવિત્ર ચૈત્ર નવરાત્રી નિમિત્તે ચૈત્ર સુદ સાતમ, શુક્રવાર, તા. ૪-૪-૨૦૨૫ થી ચૈત્ર સુદ નોમ, રવિવાર, તા. ૬-૪-૨૦૨૪ દરમ્યાન ત્રણ દિવસીય આયોજન કરવામાં આવેલ છે. કુટુંબના સૌ ભાઈ-બહેનોને આ ધાર્મિકમય કાર્યક્રમમાં ચંડીપાઠ, હોમ-હવન તથા મહાપ્રસાદનો લાભ લેવા સહ પરિવાર પધારવા કુટુંબ વતિ હૃદયપૂર્વક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**:: ચંડીપાઠ ::**

સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ સાતમ, શુક્રવાર, તા. ૦૪-૦૪-૨૦૨૫

**:: હોમ-હવન ::**

સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ આઠમ, શનિવાર, તા. ૦૫-૦૪-૨૦૨૫

**:: નૈવેદ્ય (નિવેદ) ::**

સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ નોમ, રવિવાર, તા. ૦૬-૦૪-૨૦૨૪
(સમૂહમાં કર કરવા, બાલમોવારા, છેડાછેડી છોડવાનું)

**સ્થળ :** ખંભરાના રાઠોડ કુટુંબના કુળદેવી
જય શ્રી બુટભવાની માતાજીનું મંદિર, ગામ : ખંભરા, તા. અંજાર (કચ્છ)

તા.ક. : ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન રહેવા તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. જે ગોઠી ભાઈઓ આવવાની ઈચ્છા ધરાવતા હોય તેમણે દસ (૧૦) દિવસ અગાઉ નીચે દર્શાવેલ સરનામે જાણ કરવાની રહેશે.

**:: વધુ માહિતિ માટે સંપર્ક સુત્રો ::**

**પ્રમુખ – રાઠોડ હરસુખલાલ દેવરામભાઈ**
શાંતિનગર સોસાયટી, પ્લોટ નં. ૧૪૪, ગામ : ખંભરા,
તા. અંજાર (કચ્છ) મો. ૯૪૨૭૪૩૬૩૫૯, ૯૯૨૫૫૬૯૫૧૪૬ (ઘર)

**ઉપપ્રમુખ – રાઠોડ લાધુરામભાઈ જીવરામભાઈ**
શાંતિનગર સોસાયટી, પ્લોટ નં. ૧૩૫, ગામ : ખંભરા,
તા. અંજાર (કચ્છ) મો. ૯૪૨૭૨૩૫૮૭૦

**:: નિમંત્રક ::**

**વિપીનભાઈ દેવરામભાઈ રાઠોડ - બેંગ્લોર - મો. ૮૮૬૧૧૬૫૨૮૦**
**વિનોદભાઈ શાંતિલાલ રાઠોડ - રાયપુર - મો. ૯૮૨૬૧૫૯૩૨૭**
**યોગેશભાઈ દેવરામભાઈ રાઠોડ - રાયપુર - મો. ૯૮૯૩૦૯૧૯૮૬**
**કિશનલાલ અમરશીભાઈ રાઠોડ - કલ્યાણ - મો. ૮૨૯૧૧૫૭૩૧૫**




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

**Rathod Chambers**

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. કનકબેન પ્રભુલાલભાઈ ચૌહાણ

**દેશમાં ગામ : નાગલપર, હાલ મુકામ : રાયગઢ (છત્તીસગઢ) સ્વ. તા. ૧૫/૧૧/૨૦૨૪ (કારતક સુદ પૂનમ)**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભૂલ્યા નહિં, વ્યવહાર કદી ચૂક્યા નહિં, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને સદ્‌ગતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શૌકમગ્ન પરિવારજનો ::

| | | | | | |
|---|---|---|---|---|---|
| પતિ | : | સ્વ. પ્રભુલાલભાઈ ખેતાભાઈ ચૌહાણ | | | |
| પુત્ર | : | મનોજભાઈ પ્રભુલાલભાઈ ચૌહાણ | વધુ | : | અ.સૌ. મમતાબેન મનોજભાઈ ચૌહાણ |
| પૌત્ર | : | નિકુંજભાઈ ચૌહાણ | પૌત્રી | : | સંસ્કૃતિ ચૌહાણ |
| પુત્ર | : | સ્વ. પ્રવિણભાઈ પ્રભુલાલભાઈ ચૌહાણ | | | |
| નણંદ | : | ગં.સ્વ. લીલાવંતીબેન શિવલાલભાઈ રાઠોડ | | | |
| જેઠાણી | : | સ્વ. વસંતબેન દયારામભાઈ ચૌહાણ | | | |
| દેરાણી | : | ગં.સ્વ. ઉર્મિલાબેન રસિકભાઈ ચૌહાણ | પુત્રી | : | અ.સૌ. યશવંતીબેન ભુપેન્દ્રભાઈ રાઠોડ |
| જમાઈ | : | ભુપેન્દ્રભાઈ રાઠોડ (મદુરાઈ) | પુત્રી | : | અ.સૌ. દક્ષાબેન રાજનભાઈ ચૌહાણ |
| જમાઈ | : | રાજનભાઈ હરિરામભાઈ ચૌહાણ (પુણે) | | | |
| દોહીત્રી | : | હર્ષાલી ચૌહાણ અને નિભા ચૌહાણ | બહુ | : | ગં.સ્વ. જ્યોત્સનાબેન જીતેશભાઈ ચૌહાણ |
| ભત્રીજા | : | સ્વ. જીતેશભાઈ દયારામભાઈ ચૌહાણ (બિલાસપુર) | | | |
| પૌત્ર | : | ઓજસ જીતેશભાઈ ચૌહાણ | બહુ | : | અ.સૌ. અદિતિ પંકજભાઈ ચૌહાણ |
| ભત્રીજા | : | પંકજભાઈ દયારામભાઈ ચૌહાણ (બિલાસપુર) | પૌત્રી | : | અંજલિ પંકજભાઈ ચૌહાણ |
| પૌત્ર | : | અનાદિ પંકજભાઈ ચૌહાણ | | | |
| ભત્રીજા | : | સંજય રસિકભાઈ ચૌહાણ (જબલપુર) | | | |

**સમસ્ત ચૌહાણ પરિવાર**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. સરસ્વતીબેન નાનાલાલભાઈ ચૌહાણ

**સ્વર્ગવાસ : સંવત ૨૦૮૧ કારતક વદ-૪ ને મંગળવાર, તા. ૧૯-૧૧-૨૦૨૪**
**દેશમાં ગામ : નાગલપર, હાલ મુકામ : અમદાવાદ**

**પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુ-સંસ્કાર સિંચન કરનાર એવા માતૃશ્રીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ...**

આપનો લાગણીશીલ સ્વભાવ, હસમુખો ચહેરો અમારાથી ક્યારેય ભૂલાશે નહીં. તમારા સ્નેહ-વાત્સલ્ય એવં સંસ્કાર અને કુટુંબ પ્રત્યનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે... જીવન એવું જીવ્યા તમે, તમને જોઇ શીખ્યા અમે, તમારા ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર સ્વભાવ અમને સૌને પ્રેરણા આપતા રહેશે. પરમકૃપાળુ ભગવાન શ્રી કૃષ્ણ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ (ઉપપ્રમુખશ્રી, મહાસભા) | (પુત્ર) | જ્યોતિકાબેન નરેન્દ્રકુમાર ચૌહાણ | (પુત્રી-જમાઇ) |
| પ્રિતીબેન દિપકભાઇ ચૌહાણ | (પુત્રવધુ) | બિંદુબેન હિતેશકુમાર વાઘેલા | (પુત્રી-જમાઇ) |
| હિમા ચેરિચનકુમાર | (પૌત્રી-જમાઇ) | અંજલિ મિતુલકુમાર પટેલ | (દોહિત્રી-જમાઇ) |
| ડિમ્પલ દિપકભાઇ ચૌહાણ | (પૌત્રી) | દૃષ્ટિ સાંકેતકુમાર દેત્રોજા | (દોહિત્રી-જમાઇ) |
| મીત હિતેશકુમાર વાઘેલા | (દોહિત્ર) | પાર્થ હિતેશકુમાર વાઘેલા | (દોહિત્ર) |

**સમસ્ત ચૌહાણ પરિવાર**

**D.N. POLYTECHNIC - Ahmedabad - M. 9879549765, 8849414927**

# ભાવાંજલી



## પુષ્પલતાબેન રામજીભાઇ પરમાર

માતા પિતા - સ્વ. રતનબેન -રામજી વાલજી પરમાર
ખેડોઇ કચ્છ | કર્મભૂમિ- રાંચી-રાયપુર

### જીવન વૃંતાન

જન્મ - 07.10.1934 ધામગમન- 03.12.2024

- 1960 માં બી.એડ. એમ.એ. ઈંગ્લિશ સાથે સંસ્કૃતમાં ટૉપર હતા સ્વાધ્યાય સાથે ગીતાજીના પ્રચાર પ્રસાર માટે ગ્રામીણ અંચલોમાં સ્વાધ્યાય કેન્દ્રના સંચાલન કરી ગ્રામીણોના મુખે ગીતાજીને કંઠસ્થ કરવતા.
- સ્ટીલ ઑથરિટી ઑફ ઇન્ડિયા સંચાલિત ડીએવી જવાહર વિદ્યા મંદિરમાં મેકૉન (રાંચી) પ્રાચાર્યા રુપે સેવા આપી સેવાનિવૃત થયા.
- 1998 માં સેવાનિવૃતિ બાદ રાંચીની પ્રસિદ્ધ લિટિલ એન્જલ્સ નામે પોતાની સ્કુલ પ્રારંભ કરી શિક્ષા સાથે સેવા સંસ્કારોનું સિંચન કર્યું.
- માતાપિતાના નામે બનેલ પારિવારીક ટ્રસ્ટ રામરતન ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમથી બેરલા અને આપ પાસ ગ્રામનાં હજારો ગ્રામીણોંની સેવા કરતા મોતિયાબિન્દ ઑપરેશનોમાં સહભાગી બનતા અનેકો શિવિરોનું આયોજન કર્યું.
- જીવનની પુંજીથી 50 એકડ્ની ઉભી કરેલ બેરલા સ્થિતિ ભુમિ સ્વામીનારાયણ ગુરુકુલ માટે દાન આપી. જેમાં 1000 આંબા અને 1500 લીમડાના વૃક્ષો વાવી પ્રકૃતિ પ્રેમની અલખ જગાવી ગયા. મરણોપરાંત તેમના પરિજનોએ રાયપુર સમાજ ભવનના નિર્માણ માટે 5 લાખની રાશિ સેવાદાને આપી.

પરમ કૃપાળુ પરમાત્મા આપની દિવ્ય આત્માને સદ્‌ગતિ અર્પે ... ૐ શાંતિ શાંતિ શાંતિ...

**- શ્રદ્ધાનવત -**

| | | | |
|---|---|---|---|
| સ્વ. સુલોચનાબેન ગોહિલ | (બેન) | સ્વ. નરેશભાઇ રણછોડ પરમાર | (ભત્રીજા) |
| સ્વ રણછોડભાઇ રામજીભાઇ પરમાર | (મોટા ભાઇ) | કિશોરભાઇ રણછોડ પરમાર | (ભત્રીજા) |
| સ્વ. નાનાલાલભાઇ રામજીભાઇ પરમાર | (મોટા ભાઇ) | અસીમભાઇ નાનાલાલભાઇ પરમાર | (ભત્રીજા) |
| સ્વ. કાંતીલાલભાઇ રામજીભાઇ પરમાર | (મોટા ભાઇ) | વિક્રમભાઇ નાનાલાલભાઇ પરમાર | (ભત્રીજા) |
| સ્વ. ખુશાલભાઇ રામજીભાઇ પરમાર | (નાના ભાઇ) | સ્વ. તરૂણભાઇ કાંતીલાલ પરમાર | (ભત્રીજા) |
| છગનભાઇ રામજીભાઇ પરમાર | (નાના ભાઇ) | રાજીવભાઇ કાંતીલાલ પરમાર | (ભત્રીજા) |
| નવીનભાઇ રામજીભાઇ પરમાર | (નાના ભાઇ) | વિનીતભાઇ છગનલાલભાઇ પરમાર | (ભત્રીજા) |
| સ્વ. રંભાબેન રણછોડભાઇ પરમાર | | પંકજભાઇ નવીનભાઇ પરમાર | (ભત્રીજા) |
| સ્વ. માધવીબેન નાનાલાલભાઇ પરમાર | | ચેતનભાઇ નવીનભાઇ પરમાર | (ભત્રીજા) |
| ગં.સ્વ. કલ્પનાબેન કાંતીલાલભાઇ પરમાર | | ડૉ. રીટાબેન-અરૂણભાઇ હેમરાજભાઇ ચાવડા (ભત્રીજી/જમાઇ) | |
| અ.સૌ. મૃદુલાબેન છગનભાઇ પરમાર | | | |
| અ.સૌ. અન્નપુર્ણાબેન નવીનભાઇ પરમાર | | | |

... સમસ્ત પરમાર પરિવાર ...



## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ 13.12.1981 સ્વર્ગવાસ 20.11.2024

### કેહુલ રમેશચન્દ્ર(રમણીક લાલ) ચૌહાન

દેશમાં ગામ:-નાગલપર, હાલ મુકામ-જયપુર (રાજસ્થાન)

દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી,
કરૂણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતો.
કોઈના દુખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો જીવનમંત્ર હતો,
આખું જીવન તનતોડ મહેનત કરી સુખનો સાગર સોંપતા ગયા.

તમારા સ્નેહ, હસમુખ મુખારવિંદ, મિલનસાર સ્વભાવ તથા કુટુંબ પ્રત્યેની સમર્પણ ભાવના અમો સૌને આશીર્વાદ રૂપે હમેશા પ્રેરણા આપતી રહેશે.

ઈશ્વર દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે.
એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ.. શાંતિ

**શોકમગ્ન પરિવારજનો**

રમેશચન્દ્ર (રમણીક લાલ) ચૌહાન, પિતા
સ્વ. રસીલા બેન રમેશચન્દ્ર ચૌહાન, માતા
ગં સ્વ. કિર્તિ કેહુલભાઈ ચૌહાન, ધર્મપત્ની
મહેશ રમેશચન્દ્ર ચૌહાન - ભાઈ
કિર્તિકા - દિનેશ જીવરામ ભાઈ પરમાર, બેન-બનેવી (પરલી વેધનાથ)
દીપિકા - મિલાપ લક્ષ્મણ ભાઈ પરમાર, બેન-બનેવી (આદિપુર)
પ્રભાબેન - નટવરલાલ રણછોડભાઈ પરમાર, ફઈ-ફુઆ (નાગપુર)
પ્રમિલા બેન - રમણીક લાલ મોરાર ભાઈ ચાવડા, ફઈ-ફુઆ (રાયપુર)
ગુણવંતી બેન - શમ્ભૂલાલ નારાયણ ભાઈ યાદવ, ફઈ-ફુઆ ( ભિલાઈ)
ગં સ્વ. પાર્વતી બેન - સ્વ. જયંતીલાલ પ્રેમજીભાઈ જેઠવા, મામી-મામા (કલ્યાણ)
સ્વ. પાર્વતી બેન - સ્વ. દયારામ પ્રેમજીભાઈ જેઠવા ,મામી-મામા (કલ્યાણ)
ગં સ્વ. ગૌરી બેન - સ્વ. ભવાન પ્રેમજી ભાઈ જેઠવા, મામી-મામા (અંજાર)
વિજયા બેન - કાન્તિલાલ પ્રેમજીભાઈ જેઠવા, મામી-મામા (અંજાર)
કંચન બેન - શાન્તિલાલ પ્રેમજીભાઈ જેઠવા, મામી-મામા (અંજાર)

સમસ્ત ચૌહાન પરિવાર

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



### સ્વ. ધરમશીભાઈ ધનજીભાઈ સોલંકી

**(ઉ.વ. ૮૪) સ્વ. તા. ૦૩-૧૨-૨૦૨૪,માધાપર, તા. ભુજ (કચ્છ)**

પરિવાર જેનું મંદીર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી... ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા... આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા, સદેહે આપ અમારી સાથે નથી પણ અમારા હૃદયમાં અને ચિત્તમાં સદાય છો અને રહેશે... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: આપના પરિવારજનો ::**

| | |
|---|---|
| સ્વ. મુરીબેન સ્વ. ધનજીભાઈ સોલંકી | - માતા-પિતા |
| સ્વ. રંજનબેન ધરમશીભાઈ સોલંકી | - પત્ની |
| અ.સૌ. જયાબેન રતનશીભાઈ સોલંકી | - ભાભી-ભાઈ |
| અ.સૌ. ઉમાબેન રમણીકભાઈ સોલંકી | - ભાભી-ભાઈ |
| ગં.સ્વ. કિર્તીબેન ચન્દ્રકાંતભાઈ સોલંકી | - ભાભી-ભાઈ |
| અ.સૌ. સુનીતા અશ્વિનભાઈ સોલંકી | - પુત્રવધુ-પુત્ર |
| અ.સૌ. દર્શના જયેશભાઈ સોલંકી | - પુત્રવધુ-પુત્ર |
| અ.સૌ. અલ્પા કિરણભાઈ સોલંકી | - પુત્રવધુ-પુત્ર |
| અ.સૌ. ચારૂલ દિપેશભાઈ સોલંકી | - પુત્રવધુ-પુત્ર |
| અ.સૌ. સ્નેહા અપૂર્વભાઈ સોલંકી | - ભત્રીજાવહુ-ભત્રીજા |
| અ.સૌ. જીનાલી કેવલ દવે | - પૌત્રી-જમાઈ |
| અ.સૌ. કાજલ ચેતન ચૌહાણ | - પૌત્રી-જમાઈ |
| અ.સૌ. રૂચી લોકેશ ટાંક | - દીકરી-જમાઈ |

**અદિતિ, દેવેન, કૃપેન, ઈશા, તીર્થ, તથ્ય, રોનીત, ટીયાના દાદા**
**મિશીકા, પ્રાવી, કિયાના નાના**

**તથા સ્વ. ધનજીભાઈ ડોસાભાઈ સોલંકી પરિવાર**

શક્તિનગર, જુનાવાસ, માધાપર, ભુજ (કચ્છ) મો. ૯૪૨૭૭૬૮૭૩૪

## Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

**HARI GADHVI**
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms





## Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

Hotel Surbhi™ The Relief Home

**HOTEL SURBHI**
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com

## Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

**NIGAM CHAVDA**
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN CUSTOM CLEARANCE





Gayatri estate

## Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

**NISHANT CHAVDA**
+91-81419 06635

# SURBHI GROUP OF COMPANIES
## B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)



आत्मिय प्रियजन,

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम **मितेष जे. खोडियार** है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE
LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
MDRT®

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।*

Insurance for NRI & FNIO*

STAR Health Insurance · HDFC ERGO Take it easy! · IFFCO-TOKIO GENERAL INSURANCE Muskurate Raho

Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham



॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)




Khodiyar Engineering Works

Urja Engineering Company

Perfect Power Systems

Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009



*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric

AVOCAB WIRES & CABLES

HPL The Power of Technology

connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




With Best Compliments



**Vipin Rathod**
Managing Director

UNITRON

*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on January-2025
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે. PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

- રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
- રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
- રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
- રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
- રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.